Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

વર્ષ : 33 ● અંક : ૧૯૦
તા.૧૪-૦૮-૨૦૧૭, સોમવાર
સંવત ૨૦૭૩ શ્રાવણ વદ - ૦૭
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

સૂર્યોદય : ૦૬:૧૭ સૂર્યાસ્ત : ૦૭:૧૨

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૧.૬ | વડોદરા | ૩૦.૦ |
| અમદાવાદ | ૩૩.૯ | સુરત | ૩૧.૦ |
| ગાંધીનગર | ૩૪.૦ | નલિયા | ૩૧.૦ |

ચાંદી : ૩૯૫૦૦ સોનું : ૨૯૩૦૦

# અમદાવાદમાં સ્વાઈનફ્લૂનો કહેર : વધુ ચારના મોત

## છેલ્લા ૨૪ કલાકમાં સ્વાઈન ફ્લુ વધુ ૫૪ કેસ સપાટીએ : શહેરમાં દહેશત ફેલાવનાર સ્વાઈન ફ્લુથી મોતનો આંકડો વધીને ૪૩ થયો : માત્ર ૧૩ દિવસના ગાળામાં જ ૨૪ લોકોના મોતથી તંત્ર હચમચ્યુ

અમદાવાદ

રાજ્યભરમાં સ્વાઈનફ્લૂના વધતા જતા કેસને નિયંત્રણમાં લેવા માટે યુધ્ધના ધોરણે કાર્યવાહી કરવામા આવી રહી હોવાના તંત્ર તરફથી અનેક પ્રકારના દાવાઓ કરવામા આવી રહ્યા છે આમ છતાં અમદાવાદ શહેરમાં સ્વાઈનફ્લૂના કેસો હજુ સુધી નિયંત્રણમાં આવ્યા નથી.અમદાવાદ શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં સ્વાઈનફ્લૂના વધુ ૫૪ કેસ નોંધાવા પામ્યા છે જ્યારે વધુ ચાર લોકોના મોત થવા પામતા કુલ મૃત્યુઆંક ૪૩ ઉપર પહોંચવા પામ્યો છે. ખાડિયાના પુરૂષ ઉપરાંત નરોડાની મહિલા,વેજલપુરના પુરૂષ અને સરખેજના ૧૨ વર્ષના બાળકના ૨૪ કલાકમાં મોત થયા છે.અમદાવાદ શહેરમાં માત્ર ૧૩ દિવસની અંદર ૨૪ લોકોના મોત થવા પામતા અમદાવાદ મ્યુનિસિપલ હેલ્થ વિભાગ દ્વારા સ્વાઈન ફ્લૂને નાથવામાં નિષ્ફળ રહેવા પામ્યુ છે.આ અંગેની મળતી માહિતી અનુસાર,રાજ્યના અનેક શહેરો તેમજ વિસ્તારોની સાથે અમદાવાદ શહેરમાં પણ આ માસની શરૂઆતથી જ સ્વાઈનફ્લૂના કેસોનું પ્રમાણ સતત વધેલુ જોવા મળી રહ્યુ છે.જેના પરિણામે રોજ આ રોગના કેસોની સંખ્યા પણ વધતી જોવા મળી રહી છે.મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈન્ચાર્જ મેડીકલ ઓફિસર ડો.ભાવિન સોલંકીના

અનુસંધાન પાના નં.૬

## વિચાર વૈભવ...

### સારું કામ- ખરાબ કામ!

એક ગામમાં એક સ્ત્રી રહેતી હતી. એને એક ટેવ હતી. રસોઈ કર્યા પછી રોજ બપોરે એ એક નાનકડી રોટી બનાવીને પક્ષીઓ માટે પોતાની રસોડાની બારીમાં મૂકતી. પક્ષીઓને આનંદની કિલકારીઓ સાથે એ રોટીની જયાફત ઉડાવતાં જોઈને એને ખૂબ જ આનંદ થયો. એનો એ રોજનો ક્રમ હતો.

અચાનક એક દિવસ એક વિચિત્ર ઘટના બની. એ સ્ત્રીએ એ દિવસે જ્યારે રોટી ઘડીને બરીમાં મૂકી ત્યારે બરાબર એ જ સમયે એક મોટી ખૂંધવાળો, કદરૂપો માણસ ક્યાંકથી આવી ચડ્યો. એણે પંખીઓ માટે રાખેલ રોટી પોતે લઈ લીધી અ ને જોરથી બોલ્યો, 'તમારાં ખરાબ કામ તમારી પાસે જ રહેશે અને સારાં કામ તમારી પાસે પાછાં આવશે!'

આમ સાવ અચાનક બનેલ આ ઘટનાથી પેલી સ્ત્રી એકદમ ડઘાઈ ગઈ. એ કંઈ બોલી પણ ન શકી. પેલા માણસે છેલ્લે કહેલા શબ્દોની અસર હોય કે પછી એનો વિચિત્ર અને બીક લગાડે એવો દેખાવ હોય, એ એને કાંઈ કહી પણ ન શકી. પરંતુ એને થોડી ચીડ જરૂર ચડી ગઈ.

બીજે દિવસે, ત્રીજે દિવસે, એના પછીના દિવસે, એમ આ ક્રમ તો ચાલુ જ રહ્યો.

'હશે! કોઈકના પેટમાં તો એ અનાજ જાય છે ને!' એવું વિચારીને પેલી સ્ત્રીએ થોડા દિવસ પોતાનું મન મનાવ્યું અને આ માણસને અવગણ્યો, પરંતુ પછી તો આ રોજિંદો ક્રમ બની ગયો. બરાબર રોટી મુકવાના સમયે જ એ ખૂંધવાળો માણસ ગમે ત્યાંથી ટપકી પડે! રોટી લઈને પછી ખડખડાટ હસવા લાગે. અને જતાં જતાં બોલતો જાય, 'તમારાં ખરાબ કામ તમારી પાસે જ રહેશે અને સારાં કામ તમારી પાસે પાછાં આવશે!'

હવે પેલી સ્ત્રીને આ માણસને જોઈને જ દાઝ ચડવા લાગી હતી. એને થતું હતું કે એક તો આ માણસ રોટી ઉડાવે છે અને આભારના બે શબ્દો પણ ક્યારેય બોલતો નથી. ઊલટાનું પોતે મોટો મહાત્મા હોય તેમ ઉપદેશ આપતો જાય છે. આવું વિચારીને એ મનોમન ખૂબ ચિડાતી.

ધીમે ધીમે એની ચીડ ગુસ્સાનું સ્વરૂપ પકડવા લાગી. રોટી ખાઈને પેલો ખૂંધો માણસ જ્યારે હસતો ત્યારે એને એવું લાગતું કે જાણે એને ચીડવવા માટે જ અટ્ટહાસ્ય કરતો હતો! આમેય કોઈની પર ગુસ્સો આવે પછી એ વ્યક્તિની દરેક રીતભાત આપણામાં વધારે ચીડ જન્માવે છે. આ સ્ત્રીની બાબતમાં પણ બરાબર એમ જ બન્યું. એક દિવસ એ સ્ત્રીની સહનશક્તિની હદ આવી ગઈ. એણે એ દિવસે રોટીમાં ઝેર ભેળવવાનું નક્કી કરી નાખ્યું. આખી વાતનો એક ઝટકે ફેંસલો! ન રહે બાંસ, ન બજે બાંસુરી! એ દિવસે એ થોડીક વહેલી ઊઠી. ઝડપથી સવારનું કામ પતાવીને એણે ચૂલો પેટાવ્યો. એ દિવસે એણે સૌથી પહેલાં રોટી બનાવવાનું નક્કી કર્યું. રોટી બનાવતી વખતે એણે લોટમાં ઝેર ભેળવી દીધું. બે બટકામાં જ પેલા જ ખૂંધાનું કામ તમામ થઈ જાય એવી રોટી એણે બનાવી. પછી બારીમાં રોટી મૂકી પેલા માણસના આવવાની રાહ જોઈને એ ચોકી કરતી બેઠી. ચોકી એટલા માટે કે ભૂલેચૂકે કોઈ પંખી એ રોટી ન ખાઈ લે. એ વહેલી હતી એટલે પેલો ખૂંધવાળો માણસ હજુ આવ્યો નહોતો.

અચાનક એને એ માણસના શબ્દો યાદ આવ્યા, 'તમારાં ખરાબ કામ તમારી સાથે જ રહેશે અને સારાં કામ તમારી પાસે પાછા આવશે!' ખબર નહીં કેમ, પણ આ શબ્દો યાદ આવતાં જ એ બેચેન બની ગઈ. એ ઊભી થઈ ઘરની બહાર આંટો મારી આવી. પેલો માણસ ક્યાંય દેખાતો નહોતો, પરંતુ એના શબ્દો એના મનમાં વારંવાર પડઘાતા હતા. એ ઊંડા વિચારમાં પડી ગઈ. ઘરમાં પાછી આવી. પેલી ઝેરવાળી રોટી ઉઠાવીને આગમાં નાખી દીધી. પછી સારી, ઝેર વગરની રોટી બનાવીને બારીમાં મૂકી. બરાબર એ જ સમયે પેલો ખૂંધવાળો માણસ આવી પહોંચ્યો. રોટી ઉપાડીને પોતાના મેલા થેલામાં મૂકીને અટ્ટહાસ્ય કરતો. ઉપદેશનાં વાક્યો બોલતો ત્યાંથી જતો રહ્યો. આટલા દિવસોમાં પ્રથમ વખત પેલી સ્ત્રીએ એના તરફ ધ્યાન ન આપ્યું.

એ દિવસની ઢળતી બપોરે પેલી સ્ત્રીના ઘરનો દરવાજો ખખડ્યો. એણે દરવાજો ખોલ્યો. એની નવાઈ વચ્ચે દરવાજા બહાર ઊભેલ વ્યક્તિ એનો પોતાનો દીકરો જ હતો. થોડાક મહિના પહેલાં કમાવા માટે એ બહારગામ ગયો હતો. આજે એ પાછો આવ્યો હતો, પરંતુ એની હાલત ખૂબ જ ખરાબ હતી. ફાટેલાં કપડાં, દૂબળું શરીર, દિવસોની ભૂખથી લબડી ગયેલ ચામડી, ટૂંકમાં એ બિલકુલ ઓળખાય એવો રહ્યો નહોતો. એ સ્ત્રી પોતાના પુત્રને ભેટી પડી. એની દશા જોઈને એનાથી રડી પડાયું.

'બેટા! તારી આ દશા...' આટલું બોલતાં તો એનાથી ડૂસકું નખાઈ ગયું. દીકરાએ માને શાંત પાડી. બંને ઘરમાં આવ્યાં.

'મા! આજે એક ચમત્કાર થયો!' ઘરમાં પ્રવેશતાં એનો દીકરો બોલ્યો.

'ચમત્કાર? કેવો ચમત્કાર?' એ સ્ત્રીએ પૂછ્યું, 'કંઈક માંડીને વાત કર તો ખબર પડે!'

'જો મા! મુસાફરીમાં મારું બધું જ ચોરાઈ ગયું હતું. સામાન, પૈસા બધું જ. ઘરે આવવા માટે હું ઘણે દૂરથી ચાલતો ચાલતો આવતો હતો. છેલ્લા બે દિવસથી તો મારી પાસે ખાવા પીવાના પૈસા પણ નહોતા રહ્યા. આજે સવારથી મને એટલી ભયંકર ભૂખ લાગી હતી કે મારા પગ એકાદ ડગલું પણ આગળ ચાલવાની ના પાડતા હતા. મને ચક્કર આવતાં હતાં. એવું લાગતું હતું કે કોઈ પણ ક્ષણે હું બેભાન થઈને પડી જઈશ. એ જ વખતે મને એક મોટી ખૂંધવાળો અને ખૂબ જ કદરૂપો માણસ મળ્યો. મેં એની પાસે ખાવાનું માંગ્યું. એણે એના થેલામાંથી એક રોટી કાઢીને મને આપી અને જતાં જતાં કહેતો ગયો કે, 'તમારાં ખરાબ કામ તમારી પાસે રહેશે, અને સારાં કામ તમારી પાસે પાછાં આવશે!' મા! એ રોટીના સહારે જ હું આજે બેભાન થતાં બચી ગયો અને તારી પાસે પહોંચી શક્યો.'

દીકરાની વાત સાંભળીને પેલી સ્ત્રીને આંખે અંધારાં આવી ગયાં. જો ઝેરવાળી રોટી પોતે બાળી ન નાખી હોત તો? એની આંખોમાંથી આંસુની ધાર ચાલી. દીકરાનો હાથ પકડી, વહાલથી એના કપાળને ચૂમતાં એ જાણે કે સ્વગત જ બોલતી હતી કે, 'બેટા! એ માણસ હંમેશાં સાચું જ કહેતો હતો કે તમારાં ખરાબ કામ તમારી સાથે જ રહેશે અને સારાં કામ તમારી પાસે પાછાં આવશે! એવું જ બન્યું! આજે તો ખરેખર એવું જ બન્યું!

- ડો.આઈ.કે.વીજળીવાળા

# સુરતમાં ૪૦.૭૩ લાખની નકલી ચલણી નોટ સાથે ચાર શખ્સોને ઝડપી લેવાયા


વસંત બારોટ

સુરત

સુરતમાંથી એસઓજીની ટીમે ૪૦.૭૩ લાખની નકલી ચલણી નોટો સાથે ચાર શખ્સોની ધરપકડ કરી છે. ચારેય આરોપીઓએ સુરતના બજારમાં બનાવટી ચલણી નોટો વટાવી હોવાની વિગત પ્રાથમિક તપાસમાં બહાર આવી છે.

મળતી વિગતો મુજબ સુરતના મજૂરાગેટ વિસ્તારમાંથી એસઓજીની ટીમે ત્રણ આરોપીઓને ૪૦.૭૩ લાખની રૂપિયાની બનાવટી ચલણી નોટો સાથે ઝડપી લીધા હતા. એસઓજીની ટીમે આ ત્રણેય આરોપીઓની પૂછપરછ કરતા તેમણે પાંડેસરા વિસ્તારમાં રહેતા રવિ ગાંધી નામના શખ્સ પાસેથી આ બનાવટી ચલણી નોટો મેળવી હોવાનું જણાવતા એસઓજીની ટીમે પાંડેસરા વિસ્તારમાં ચૌક્કસ સ્થળ પર તપાસ કરતા રવિ ગાંધી નામનો શખ્સ મળી આવ્યો હતો. જ્યાં આરોપીના નિવાસ સ્થાનેથી બનાવતી ચલણી નોટ બનાવવાનું પ્રિન્ટર, કોરા કાગળ,સહિતનો સામાન પણ મળી આવ્યો હતો. ચારે આરોપીઓ પાસેથી એસઓજીની ટીમે કુલ ૪૦.૭૩ લાખની બનાવતી ચલણી નોટો કબજે કરી હતી.

અનુસંધાન પાના નં.૬

## યોગી આદિત્યનાથ અને જેપી નડ્ડા બીઆરડી હોસ્પિટલમાં પહોંચ્યા

# ગોરખપુર ઓક્સિજન કાંડ : વધુ મોતથી મૃતાંક ૭૨ પર પહોંચ્યો

### છેલ્લા ૨૪ કલાકમાં જ વધુ આઠ બાળકોના મોત : સરકારની તરફથી કોઇ લાપરવાહી થઇ નથી : વાતચીત વેળા મુખ્યમંત્રી યોગી ભાવનાશીલ બન્યા



ગોરખપુર

ઓક્સિજન કાંડને લઇને દેશભરમાં ભારે ખળભળાટ મચેલો છે ત્યારે બીઆરડી હોસ્પિટલમાં ઓક્સિજનની કમીના પરિણામ સ્વરુપે બાળકોના મોતના મામલામાં ટિકા ટિપ્પણીનો સામનો કરી રહેલા ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને કેન્દ્રીય આરોગ્યમંત્રી જેપી નડ્ડા બીઆરડી હોસ્પિટલમાં પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે આજે પહોંચ્યા હતા. વધુ આઠ બાળકોના મોત સાથે મોતનો આંકડો ૭૨ સુધી પહોંચી ચુક્યો છે. મિડિયા અહેવાલ મુજબ આજે બિમારના તાવના લીધે વધુ એક ચાર વર્ષના બાળકનું મોત થયું હતું. આજે ટિકા ટિપ્પણી વચ્ચે યોગી આદિત્યનાથે કહ્યું હતું કે, સરકાર તરફથી આ સમગ્ર મામલામાં કોઇપણ લાપરવાહી થઇ નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, બાળકોના મોત ઓક્જિસનની કમીના કારણે થયા નથી. કેન્દ્રીય આરોગ્યમંત્રી જેપી નડ્ડાની સાથે હોસ્પિટલ પહોંચેલા યોગી મિડિયા સાથે વાતચીત કરતી વેળા ભાવનાશીલ બની ગયા હતા અને કહ્યું હતુ કે, આ તાવના કારણે મોટી સંખ્યામાં બાળકોના મોત થઇ રહ્યા છે. આ રોગની સામે તેઓ માર્ગથી લઇને સંસદ સુધી લડાઈ લડી ચુક્યા છે. બાળકોના મોતને લઇને તેમની પીડાને કોઇ સમજી શકે તેમ નથી. વિપક્ષ પર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, બાળકોના મોતના મામલામાં રાજનીતિ નહીં સંવેદનાની જરૂર છે. હોસ્પિટલમાં નિરીક્ષણ કર્યા બાદ પત્રકાર પરિષદમાં તેમણે કહ્યું હતું કે, માસુમ બાળકોના મોતના મામલામાં તપાસ ચાલી રહી છે અને આમા સાચી વિગતો ખુલીને આવશે.

# સુરતમાં ઉત્તર ભારતવાસીઓની રેલ માંગ મુદ્દે મહારેલી




વસંત બારોટ

સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં વસતા અંદાજે ૨૦ લાખ જેટલા ઉત્તર ભારતીય લોકોની ઉત્તર ભારતીય રેલ સંઘર્ષ સમિતિ દ્વારા પડતર માંગણીઓ જેવી કે સુરતથી ઝારખંડ, ગોરખપુર, બિહાર, ની દૈનિક ટ્રેન ચાલુ કરવાની માંગણીઓ સાથે ગતરોજ સુરત રીંગ રોડથી રેલ્વે સ્ટેશન સુધીની અંદાજે ૨૫ હજાર લોકોની રેલી કાઢી ઉચ્ચ અધિકારીઓને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# ધાનેરા ખાતે યોજાયેલી અમન માર્ચ રેલીમાં હિન્દુ - મુસ્લિમ એક્તાના દર્શન


એન.કે.મોદી


એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરામાં તા.૨૪/૭/૨૦૧૭ ની વહેલી સવારે પાણીના પુર આવ્યા અને માર્કેટયાર્ડને ૭૦ કરોડોથી વધુનું નુકશાન થયું, ગામડે ગામડે ઠેરઠેર ગંદકીથી વધુ નુકશાન થયું ત્યારે સેવાકીય સંસ્થાઓ પોતાની શક્તિ પ્રમાણે સેવાકાર્યમાં લાગી ગઈ હતી. જેમાં આર.એસ. દ્વારા અસરગ્રસ્તોને અગમચેતી રૂપે થાવરમાં ૬૦૦ વ્યક્તઓને સલામત સ્થળે ખસેડી તેમજ તંત્ર દ્વારા પણ આખી રાત જાહેરાત કરી પ્રજાને ચેતવણી આપતાં ઘણી બધી જાનહાની અટકી હતી. આ પ્રસંગે રાત દિન ધાનેરાના પડખે વસંતભાઈ પુરોહિતે મહેનત કરી તેજ રાત્રે કારગીલ - નેનાવા પુલ તોડવા ગયેલ પરંતુ રહીશોએ ન માનતાં ધાનેરાને વધુ ભોગવવું પડ્યું છતાં બીજા દિવસે ન છૂટકે બળવંતભાઈ બારોટ તથા વસંતભાઈ પુરોહીત, યોગેશભાઈ ત્રિવેદી તેમજ અગ્રણી કાર્યકર્તાઓએ સ્થળ પર જઈને સમજાવી જરૂરીયાત જણાયેલ તે જ્યાએ રોડ તોડી મોટી જાનહાની થતી અટકાવી હતી. જે ધન્યવાદને પાત્ર છે. પરંતુ પાણી આવી ગયા બાદ ધાનેરામાં જે કાદવ કિચડ અને ગંદકી થઈ તેને જમાત - ઉલમાની સંસ્થાના કાર્યકર્તાઓ દ્વારા ધાનેરાના દવાખાના, સરકારી કચેરીઓ, મંદિર - મસ્જીદો, ગલીઓમાં જાત મહેનતથી સફાઈ કરીને ધાનેરામાં રોગચાળો ફાટી ન નિકળે તે માટે વહીવટી તંત્રમાં મદદરૂપ બન્યા જ્યારે આર.એસ. દ્વારા પુરગ્રસ્ત વિસ્તારમાં તાલુકાના છેવાડાના ગામોમાં પાણીની અંદર પહોંચી કોઈપણ નાત - જાતના ભેદભાવ વગર ૩૦૦ કાર્યકરોની ટીમ સાથે સહાય પહોંચતી કરી હતી. વહીવટી તંત્ર દ્વારા સુરતના મ્યુ.કમીશનર તથા મુખ્યમંત્રી દ્વારા ધાનેરાની ચિંતા કરી ધાનેરાને ફરીથી બેઠું કરવા આગળ આવ્યાએ અને શંકરભાઈ ચૌધરીએ હેલિકોપ્ટર દ્વારા રૂબરૂ મુલાકાત લઈ માવજીભાઈ દેસાઈને ધાનેરામાં આખો દિવસ પુરગ્રસ્ત વિસ્તારમાં મુકી ટેટોડા, પૂળી તથા સમગ્ર પૂરગ્રસ્ત વિસ્તારોમાં દૂધની જરૂરિયાત પુરી પાડેલ. અન્ય સુવિધાની જરૂર પડે તે માટે તેઓ વસંતભાઈ પુરોહિત,

અનુસંધાન પાના નં.૬

ધાનેરા તંત્રી સંઘ દ્વારા મુસ્લિમ સમાજની કામગીરીને બિરદાવી સંસ્થાના પ્રમુખ અબ્દુલ ખુદીશનું શાલ ઓઢાડીને તંત્રી સંઘના પ્રમુખ મહેન્દ્ર સંઘવી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

# પીલુડા માંગરોળ રોડ પર અકસ્માતમાં ગંભીર ઇજાગ્રસ્ત યુવકનું મોત

### થરાદ ૧૦૮ અને પોલીસે અડધો કલાક દીલધડક રેસ્ક્યુ ઓપરેશન કરી બચાવવાનો પ્રયાસ કર્યો હતો

પ્રતિનિધિ થરાદ

થરાદ સાંચોર હાઈવે પર શુક્રવારની રાત્રે સર્જાયેલા એક ગમખ્વાર અક્સ્માતમાં પોલીસ અને ૧૦૮ની ટીમે અડધો કલાક દિલધડક રેસ્કયુ ઓપરેશન કરી જેસીબીથી ડાલાનું પડખું ચીરીને શ્વાસ લઇ રહેલા યુવકને બચાવીને હોસ્પીટલ ખસેડ્યો હતો.જોકે સારવાર દરમ્યાન રવિવારે તેનું મોત નિપજતાં ભારે અરેરાટી અને શોકની લાગણી ફેલાવા પામી હતી.પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી. મોબાઈલની ઈન્ડશ કંપનીમાં નોકરી કરતા ચારડા ગામના વિક્રમભાઈ રગનાથભાઈ હડીયલ તથા તેમના સંબંધી સોલંકી પારસભાઈ પુજાભાઈ (જી. અરવલ્લી) તેમજ મહેન્દ્રસીહ અનોપસીહ ચૌહાણ રહે. દુધવા (મુળ કાણોઠી તા.સુઈગામ) શુક્રવારની રાત્રે ત્રણેક વાગ્યાના સુમારે મિયાલ ગામે મોબાઈલ ટાવર ચેક કરવા માટે કંપનીની ગાડી લઈને જતા હતા.

અનુસંધાન પાના નં.૬

મકાન તોડ્યા વિના જેકથી ઉંચું કરાવો
• શું આપનું મકાન રોડ લેવલ થી નીચું છે ?
• શું આપના મકાનમાં વરસાદી પાણી ભરાઈ જાય છે ?
• શું આપ ઓછા ખર્ચ, ઓછા સમયમાં મકાન ઉંચું કરવા માંગો છો ?
• શું આપે પાયાથી ઉંચું થતું મકાન જોયું છે.
આ કામ સંપૂર્ણ ૧૦૦% ગેરંટી પૂર્વક એગ્રીમેન્ટ કરીને કરી આપવામાં આવશે.
સ્વતંત્ર બંગ્લોઝ, જોઈન્ટ ટેનામેન્ટ, કોમ્પલેક્ષ, સ્કૂલ જેવી તમામ બિલ્ડીંગો તોડ્યાં વિના પાયાથી આપ ચાહો એટલા ઉંચા કરી આપવામાં આવે છે.
ગુજરાતના તમામ શહેરોમાં ૫૦૦ થી વધુ મકાન ગેરંટી પૂર્વક ઉંચા કરી ચૂક્યાં છીએ.
આપના મકાનનું એસ્ટીમેન્ટ અને વિઝીટ ચાર્જ રૂા. ૧૦૦૦/-
• અમારી આ સિધ્ધિને લીમકા બૂક ઓફ રેકોર્ડમાં સ્થાન મળેલ છે.
• રાષ્ટ્રપતિના વરદ્ હસ્તે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં છે.
• ભારતમાં ૪૫૦૦ કરતાં પણ વધારે મકાન ઉંચા કર્યા છે.
ગુરૂદેવ કન્સ્ટ્રક્શન

સોના ના ઘરેણાની ઘડામણ ફ્લેટ ₹151/-* પ્રતિ ગ્રામ
HAPPY INDEPENDENCE DAY
ઑફર માત્ર ૧૯ ઑગષ્ટ, ૨૦૧૭ સુધી જ માન્ય
૧૫ ઑગષ્ટ ના દિવસે શોરૂમ બંધ રહેશે.
CMS JEWELLERS
ચોકસી મુળચંદભાઈ શંકરદાસ પટેલ
ગાંધી ચોક, શાક માર્કેટ, ડીસા,

**સૂર્યોદય - ૬.૧૭ સૂર્યાસ્ત - ૭.૧૨**

## તિથિદર્શન
શ્રાવણ વદ-૦૭ સોમવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ શ્રાવણ વદ :સાતમ સોમવાર નક્ષત્ર : ભરણી યોગ: ગંડ કરણ: વિષ્ટી આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ.લ.ઈ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

### સંસ્થિતસ્ય ગુણોત્કર્ષઃ પ્રાયઃ પ્રસ્ફુરતી સ્ફુટમ્ દગ્ધસ્યાગરૂખંડસ્ય સ્ફારી ભવતિ સૌરભમ્

'જેમ, ધૂપ-અગરબત્તીના બળવાથી તેની સુગંધ આસપાસ બધે જ ફેલાઈ જાય છે તેવી જ રીતે સજ્જન માણસમાં રહેલા સદ્‌ગુણોની ઉત્કૃષ્ટતાને પરિણામે તેની સુવાસ- કીર્તિની સૌરભ પણ આપોઆપ ફેલાવા લાગે છે.' જે સજ્જન છે અને ત્યાગ- સેવા- સમર્પણ સાથે નમ્રતા- વિવેક જેવા સદ્‌ગુણો ધરાવે છે. સત્ય- સ્પષ્ટવક્તા અને વર્તન-આચરણમાં જે નિષ્ઠાવાન છે એને પોસ્ટરો ચોંટાડી પોતાનો પ્રચાર કરવાની જરૂર પડતી નથી. કામ ખુદ જ બોલે છે. કર્મ એ જ એનો સંદેશ- પ્રચારક છે. સદ્‌ગુણની સુગંધ આપોઆપ ફેલાય છે. સત્ય અને સ્પષ્ટવક્તા, નિર્દોષ તટસ્થ અને ચારિત્ર્યના ચોખ્ખા એવા અન્ના હજારે તદ્દન સાદા સજ્જન છે. મિલિટરીના ડ્રાઈવર તરીકે નિવૃત્ત થઈ રાષ્ટ્રીય ભાવના સાથે રાષ્ટ્ર માટે નાની નાની ન્યાય સામે લડતો કરી ગાંધીવાદી સિદ્ધાંત સાથે કોઈ પણ સ્વાર્થની અપેક્ષા રાખ્યા વિના લડ્યા અને અન્યાય સાથે જીતતા રહ્યા. સૌ પ્રથમવાર રાષ્ટ્રીય સ્તરે 'લોકપાલ'ની માંગણી સાથે રાષ્ટ્રીય લડત ઉપાડી, ઉપવાસ કર્યા અને સરકાર ઝૂકી... (રાજરમત એ નેતાઓના લોહીમાં છે તેથી તેનું પરિણામ તો આવે ત્યારે) પણ અન્ના હજારે સત્યવાદી ગાંધીવાદીની સૌરભ દેશ- વિશ્વ સુધી પ્રસરી ગઈ.

## આજે પાટણમાં છીંડીયા દરવાજે સીતળા સાતમનો મેળો ભરાશે

પાટણ

પાટણમાં છીંડીયા દરવાજા બહાર આવેલા શિતળા માતાના મંદિર પરિસરમાં શિતળા સાતમનો મેળો આજે ભરાશે. વર્ષોથી પ્રણાલિ અનુસાર મંદિર પાસે વિશાળ ચોક હોવાથી ચારથી પાંચ ચકડોળોનો લાભ નાના-મોટા સૌ કોઈ લે છે. રસસંગમ દ્વારા ખાણીપીણીના સ્ટોલ તેમજ પાટણના પ્રખ્યાત માટીના રમકડાના સ્ટોલો પર ગ્રાહકોની ભીડ વધુ રહે છે. વર્ષો અગાઉ માતાના મંદિરે જવાનો કાચો ધૂળીયો રસ્તો હતો પરંતુ મંદિરની આસપાસના ખેતરોનું વેચાણ થઈ ત્યાં નવી સોસાયટીઓ બનતાં પાકો ડામરનો પેવર રોડ બની જતાં વાહન ચાલકો મંદિર સુધી આવી શકે છે. રાજા સિધ્ધરાજ વખતનો છીંડીયા દરવાજો આજે પણ અડીખમ છે.. તેના દરવાજા ૨૫ ફૂટ ઊંચા છે. તે જોવા અનેક લોકો બહારથી આવે છે.

## ભીલડી ખાતર - બીયારણ એશોશિયન દ્વારા પુર અસરગ્રસ્ત ગામોમાં ગાયો માટે સૂકા પૂળાનું વિતરણ

પ્રતિનિધિ ભીલડી

બનાસકાંઠામાં વરસાદના કારણે થયેલ તારાજીમાં મુંગા પશુધન માટે પણ મુશ્કેલી સર્જી દીધી છે. કાંકરેજ તાલુકાના ગાંમડાઓમાં દશ - દશ દિવસથી મુંગા પશુઓ ઘાસ વગર ટળવળતાં હતાં તેવામાં ભીલડી ખાતર, બીયારણના પ્રમુખ લાલજીભાઈ દાંનાભાઈ (મામા) મંત્રી રાજુભાઈ જોધાભાએ ગાયો માટે સુકાઘાસ માટેનો પ્રસતાવ મુક્તા એશોશીયન દ્વારા ૬૦,૦૦૦/- જેટલી માતબર રકમ એકત્ર થઈ હતી અને તેમા સુકાપુળા ૫૦૦૦ ભરીને જુદી જુદી ટ્રકોમાં ભરીને કાંકરેજ તાલુકાના પુરગ્રસ્તોમાં ખારીયા, મોટાજામપુરા, રૂની, નાના જામપુરા તેમજ રોડ પર .ભેલી ગાયોને બાજરીના સુકા પુળાઓનું વિતરણ કર્યું હતું. એશોશીયનના બારોટ મહેશભાઈ, રમાભાઈ પટેલ, નવીનભાઈ ડી.પટેલ, રઘુભાઈ, નારણભાઈ જોષી (પ્રમુખ લાયન્સ ક્લબ) શૈલેષભાઈ ઠક્કર, જયંતીભાઈ,રાજુભાઈ મહેશ્વરી, પ્રકાશભાઈ વિગેરેનો સહયોગ મળ્યો હતો આમ મુંગી ગાયો માટે પુણ્યનું કામ એશોશીયન દ્વારા કરતાં ભીલડી પ્રજાજનો એ અભિનંદન પાઠવ્યા હતા.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ**

આ સપ્તાહ દરમિયાન ધાર્મિક તેમજ માંગલિક પ્રસંગોનું આયોજન થાય. મોજ-શોખ પાછળ ખર્ચ થાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે પરિવર્તનના યોગ છે. આકસ્મીક લાભ થાય. નોકરીયાત વર્ગને નાણાંકીય બાબતે ઈચ્છીત કાર્યો પૂર્ણ થાય. માતા-પિતા સાથે મતભેદ ન થાય તે જોવું. ભાઈ-બહેનનું વર્તન તમારા વિરૂધ્ધનું રહે. જીવનસાથીનો સહકાર મેળવી શકાય.

**વૃષભ**

આ સપ્તાહ દરમિયાન નાણાંનો દૂર વ્યય ન થાય તેની તકેદારી રાખજો. આવક-જાવકનું પાસું સરભર રહે. માનસિક ચંચળતા અનુભવાય. સગપણ-વિવાહ અંગેની સમસ્યા દૂર થાય. સંતાન સંબંધિ સમસ્યાનો ઉકેલ આવે. સાહસિક કાર્યો કરવામાં સાવચેત રહેવું. મનમાં ગુપ્ત ચિંતા અનુભવાય. ખોટું નાણાંકીય રોકાણ ન થઈ જાય તેની ખાસ સાવચેતી રાખવી.

**મિથુન**

આ સમય દરમિયાન લાંબાગાળાથી પરેશાન કરતી સમસ્યાનો ઉકેલ આવી જાય. સર્જનાત્મક કે રચનાત્મક કાર્યોમાં સફળતા મળે. પરિવારમાં વિશેષ આનંદનું વાતાવરણ સર્જાય. મિલ્કત અંગેના પ્રશ્નોનો ઉકેલ મળે. લાંબાગાળાની યોજના તમારા ધાર્યા પ્રમાણે પાર પડે. વિશ્વાસઘાતનો પ્રસંગ ન બને તેની તકેદારી રાખજો. આર્થિક ખર્ચનો પ્રસંગ બને.

**કર્ક**

આ સપ્તાહ દરમિયાન વ્યાપાર-ધંધાની કામગીરીમાં અણધારી પ્રગત્તિ થાય. આનંદ-ઉત્સાહસભર વાતાવરણ રહે. મહિલા વર્ગ માટે આ સમય દરમિયાન નવી તક મળે કે આકસ્મીક લાભ પ્રાપ્ત થાય. મકાન-વાહન કે સંપત્તિને લગતા પ્રશ્નોનો ઉકેલ મળે. આરોગ્ય બાબતે ખાસ કાળજી રાખવી. વડીલ વર્ગનો વિશ્વાસ સંપાદીત કરી શકશો. નોકરીયાત વર્ગને નવિન ઉન્નતિનો માર્ગ મળે.

**સિંહ**

આ સપ્તાહ દરમિયાન ચિંતા અને અશાંતિના પ્રશ્નો ધીરે-ધીરે ઉકેલાતા જાય. કૌટુંબિક મતભેદો દૂર થાય. ખર્ચ પર કાબુ રાખવો નહિંતર નાણાંકીય સમસ્યાનો સામનો કરવો પડે. પુરુષાર્થનો વિશેષ ફળ મેળવી શકશો. માંગલિક કાર્યો સફળતાથી પાર પડે. તમારા માટે પ્રગતિકારક સમય રહે. સામાજિક માન-પ્રતિષ્ઠા સાથે આર્થિક લાભો પણ અટકી-અટકીને મળે. મુસાફરીમાં ધારી સફળતા મળે.

**કન્યા**

આ સપ્તાહ દરમિયાન ખોટા નાણાંકીય રોકાણ ન કરવા હિતાવહ. જોખમી કાર્યોથી દૂર રહેવું. મન અધ્યાત્મિક તરફ વળી જાય. કાલ્પનીક ચિંતાથી દૂર રહી તમારી પ્રવૃત્તિઓમાં વિશેષ ધ્યાન આપજો. આરોગ્યની સમસ્યા હોય તો તે દૂર થાય, કઠીન કાર્યો સરળ બની જાય. રોકાયેલા નાણાં છૂટા થતા જાય. નજીવા કારણોસર મનમાં ચિંતા અનુભવાય. અલબત્ત સપ્તાહના અંતે મોટો લાભ મળે.

**તુલા**

આ સપ્તાહ દરમિયાન નવિન યોજનાઓ કે મહત્વના કાર્યો મંદગતિએ આગળ વધશે. શત્રુપક્ષથી સાવચેત રહેવું જરૂરી છે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં ધન વ્યય થવાની સંભાવના રહેલી છે. પરોપકારીને લગતા કાર્યોમાં સાવધાની રાખવી હિતાવહ. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહવર્ધક રહે. ધાર્મિક કાર્યોમાં મન પ્રવૃત રાખવું હિતાવહ.

**વૃશ્ચિક**

આ સપ્તાહ દરમિયાન મોજ-શોખ તરફ વિશેષ ધ્યાન રહે. કાર્યબોજમાં હળવાશ અનુભવાય. સ્થાન ફેરના યોગ છે. ધંધાકીય ક્ષેત્રમાં સાવધાની રાખવી. જરૂરી નાણાંકીય સમસ્યાઓ હળવી બને. રોકાયેલા નાણાં મહેનત બાદ છૂટા થાય. રાજકીય વ્યક્તિને સંઘર્ષનો સામનો કરવો પડે. અણધાર્યો પ્રવાસ નકારી ન શકાય.

**ધન**

આ સપ્તાહ દરમિયાન અટકેલા કાર્યો પૂર્ણ થાય. વાદ-વિવાદવાળા કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. પારિવારીક વિષમતા દૂર થાય. આ સપ્તાહ દરમિયાન વધુ પડતું ભાવુક ન રહેવું નહિં તો સમસ્યા સર્જાય. સાહસિક કાર્યમાં સફળતા મેળવી શકશો. નવિન ઓળખાણ થાય જે ભવિષ્ય માટે લાભદાયી નીવડી શકે.

**મકર**

આ સમય દરમિયાન માનસિક અસ્વસ્થતા અને તંગદીલી રહે. તમારા ધાર્યા કાર્યમાં સફળતા ન મળે. ધીરજ રાખવી હિતાવહ. વેપાર ક્ષેત્રે પરિસ્થિતિ યથાવત રહે. જેથી ખર્ચ પર કાબુ રાખવો હિતાવહ. વિરોધીઓથી સાવધ રહેવું. કુટુંબ માટે ભોગ આપવો પડે તેમજ ભાતૃવર્ગથી મતભેદ રહે. પત્નીનો સહકાર મળે અને સંતાનથી લાભ થાય. ધીરે-ધીરે પરિસ્થિતિમાં સુધારો થાય.

**કુંભ**

આ સપ્તાહ દરમિયાન કાર્યની અધિક્તાને કારણે ખૂબ જ વ્યસ્ત રહેવાય. જીવનસાથી સાથે મનદુઃખ રહે. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. નવા આયોજનો સફળતાથી પાર પાડી શકાય. મુસાફરી પ્રાવસ-ટાળવા હિતાવહ. જામીનગીરી જેવા કાર્યથી સાવચેત રહેવું.

**મીન**

આ સપ્તાહ દરમિયાન તમારી માનસિક ઉદાસિનતા દૂર થાય તેવું વાતાવરણ સર્જાય. માંગલિક કાર્યોના આયોજન કે લગ્ન સંબંધી સમસ્યા હોય તો તે માટે તમારે હજુ થોડો સમય રાહ જોવી પડશે. ધીરજપૂર્વક દરેક કાર્ય હાથ ધરશો તો ધાર્યો લાભ મેળવી શકશો. જીવનસાથી કે વડીલવર્ગનો પૂર્ણ સહકાર પ્રાપ્ત કરી શકશો.

- કનકચંદ્ર સી. વ્યાસ

## દીઓદરમાં સ્વાઈન ફ્લૂ અટકાવવા ઉકાળા નું વિતરણ




તા.પ્રતિનિધિ દીઓદર

છેલ્લા કેટલાક સયમથી સમગ્ર ગુજરાતમાં સ્વાઈન ફલૂએ માથું ઉચક્યું છે.અને ૪ વ્યક્તિઓના મોથ થવા પામ્યા છે.તેમજ કેટલાય લોકો હજુ પણ દવાખાનાઓમાં સારવાર લઈ રહ્યા છે.જે અંતર્ગત સ્વાઈન ફલૂને અટકાવવા માટે અવ નવા ઉપાયો કરવામાં આવી રહ્યા છે.ત્યારે દીઓદરમાં જૈન વેપારી રાજુભાઈ શાહ તેમજ સંજયભાઈ શાહ દ્વારા દીઓદરના લોકોના સ્વાઈન ફલૂના થતા રોગથી અટકાવવા માટે મહાદેવ મંદિર આગળ સિધ્ધી સિલેકશન ખાતે ઉકાળાનું વિતરણ શરૂ કરવામાં આવેલ છે.જેમાં મોટી સંખ્યામાં લોકો આ ઉકાળાનો ઉપયોગ કરી રહ્યા છે.

## રાજયમંત્રી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે

તા.પ્રતિ (વડગામ)

ગુજરાત સરકારના મંત્રી આત્મારામ પરમારે તાજેતરમાં ડીસા તાલુકાના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. જેમાં જિ.પં. પૂર્વ પ્રમુખ વિજય ચક્રવર્તી, જિ. અનુસૂચિતજાતિ મોરચા પ્રમુખ ભરતભાઈ ધનજીભાઈ પરમાર (ટાકરવાડા), દિનેશભાઈ અનાવડીયા, કાળુભાઈ આસેડીયા તથા જિલ્લા અને તાલુકા ભાજપના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. ડીસા તાલુકાના દામા - રામપુરા - ભડથ - ગેનાજી ગોળીયા, મોરથલ ગોળીયા, પેછડાલ - રામસણ વગેરે ગામોના પૂર પીડીતોની મુલાકાત કરી હતી. ડીસાના તા.ભાજપ પ્રમુખ લેબજીજી ઠાકોરે પૂરપીડીતોના પ્રશ્નોની રજૂઆત કરી હતી.

## રણુંજા પદયાત્રી સંઘનું પ્રસ્થાન




નકળંગ નેજાધારી વાળા રામદેવના સમાધિ સ્થળ રાજસ્થાનના રણુંજા ધામે પદયાત્રા દ્વારા દર્શને જવાનો મહીમા વધી પડ્યો છે. બાબા ભક્તો અતિ વિકટ પદયાત્રા કરે છે. ડીસાથી રણુંજાના પદયાત્રી સંઘનું ગતરોજ પ્રસ્થાન થયું હતું. ત્યારે બાબા રામદેવના જયજય કારથી ગગન ગુંજી ઉઠ્યું હતું.

## પેપરાલ પ્રાથમિક શાળાના બાળકોને તિથિ ભોજન




પ્રતિનિધિ ગેળા

લાખણી તાલુકાની પેપરાલ પ્રાથમિક શાળામાં રાજય સરકારના અભિગમ મુજબ અવારનવાર તિથિ ભોજન આપવામાં આવે છે.ત્યારે ગતરોજ શ્રાવણ માસ નિમિત્તે કાથરોટીયા શામળાભાઈ પબાભાઈ, કાથરોટીયા નાગજીભાઈ રણછોડભાઈ અને કાથરોટીયા રામજીભાઈ બળવંતભાઈ દ્વારા શાળાના બાળકોને તિથિ ભોજનમાં મિષ્ટાન સાથે પાકુ ભોજન આપવામાં આવ્યું હતું. જેથી બાળકો ખુશ ખુશાલ થઈ ગયા હતા.આચાર્ય અને શાળા પરિવારે દાતાઓના બાળ પ્રેમને બિરદાવ્યો હતો. જે પ્રસંગે ગ્રામજનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## લોકનિકેતન વિનય મંદિર, લવાણામાં શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન

પ્રતિનિધિ લવાણા

લોકનિકેતન વિનય મંદિર, લવાણા શાળામાં છેલ્લા બે તાસમાં વિવિધ સહ- અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. આ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં શાળાના આચાર્ય તથા શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લઈ પોતાના વ્યક્તિત્વના વિકાસમાં તે સફળ સાબિત કરે છે. તે શુભ હેતુથી ઓગષ્ટ માસમાં સ્વતંત્રના ૭૦ વર્ષ પૂર્ણ થતાં વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ જાગૃત થાય તથા પોતાના દેશના આઝાદીના ઐતિહાસિક પ્રસંગોને પુનઃ જાગૃત કરે તેવા આશયથી ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

એકપાત્રીય અભિનય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં સાંપ્રત વિષય આધારિત વિદ્યાર્થીઓએ પોતાના પાત્રની અભિવ્યક્તિ કરી હતી. તો વળી 'વિશ્વ આદિવાસી દિવસ' અંતર્ગત ધો.૧૨ ની વિદ્યાર્થીનીએ વિષયને અનુરૂપ પોતાનું વક્તવ્ય રજુ કર્યું હતું. જયારે ૧૨ ઓગષ્ટના રોજ ભારતના મહાન વૈજ્ઞાનિક ડૉ.વિક્રમ સારાભાઈની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

## પિલુચા બસ સ્ટેશન પરના ખાડાઓ પુરવા છતાં બસો બારોબાર દોડે છે

### મુસાફરોની રઝળપાટ હાઈવે ઉપર અકસ્માતનો પણ ભય



પ્રતિનિધિ પિલુચા

જુલાઈ માસના છેલ્લા સપ્તાહમાં પડેલ મુશળધાર વરસાદના કારણે વડગામ તાલુકાના પિલુચા બસ સ્ટેશન પરના રસ્તાઓમાં નાના- મોટા ખાડા પડી જવા પામ્યા હતા. જેથી વાહન ચાલકો તેમજ એસ.ટી.બસોની અવર-જવર અટવાઈ હતી. જેથી ગ્રામ પંચાયત દ્વારા બસ સ્ટેશન પર પડેલ ખાડાઓનું સમારકામ પૂર્ણ કરેલ છે. તો પણ અમુક બસોના ડ્રાઈવરો પિલુચા બસ સ્ટેશનમાં બસ લાવતા નથી અને હાઈવેથી બારોબાર જવા દે છે. તેથી ગામમાંથી વડગામ- પાલનપુર, ખેરાલુ, વિસનગર જેવા શહેરોમાં દરરોજ અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓ તેમજ નોકરી ધંધા કરતા ભાઈઓ- બહેનોને હાઈવે (ચોકડી) પર બસ પકડવા માટે લાંબા થવું પડે છે. જે બાબતે વારંવાર રજુઆતો છતાં અમુક બસોના ડ્રાઈવરો તો પિલુચા બસ સ્ટેશન પર આવતા જ નથી. અને કહે છે કે ખાડાઓ પડ્યા છે. પણ પાલનપુર- સુરત જે બસ સાંજે ૬:૦૦ વાગે દરરોજ પિલુચા બસ સ્ટેશન પર આવે છે. તે બસ એક્સપ્રેસ છે. તો પણ તે બસના ડ્રાઈવરને ખાડા નથી નડતા અને લોકલ બસોના ડ્રાઈવરોને ખાડાઓ નડે છે.

એકબાજુ હાઈવે વિસ્તારમાં વાહન ચાલકોની ભીડ વધારે પ્રમાણમાં જોવા મળતી હોય છે. જેના કારણે નાના-મોટા અકસ્માત પણ થયા છે. જેથી અવરજવર કરતાં વિદ્યાર્થીઓ અને મુસાફરોને અકસ્માતનો ભય પણ રહે છે. પિલુચા બસ સ્ટેશન પર એસ.ટી.બસો જેવી કે સવારે મગરવાડા બેચરાજી (વડનગર ડેપો) પાલનપુર-વિસનગર (ખેરાલુ ડેપોની) વડનગર-થરાદ (વડનગર ડેપો) દિવસભર બન્ને ટાઈમ બસ સ્ટેશન પર આવતી જ નથી અને હાઈવેથી બારોબાર જતી રહે છે. આ સિવાય પણ વરસાદના વિરામ બાદ તેમજ ખાડાઓનું કામ પૂર્ણ કરવા છતાં પણ અમુક બસો બસ સ્ટેશન આવતી નથી અને અભ્યાસ કરવા જતાં વિદ્યાર્થીઓ ભાઈઓ- બહેનો તેમજ ધંધા માટે બહાર જતા મુસાફરો બસની રાહ જોઈને ગામના બસ સ્ટેશન પર ઉભા રહે છે. તેથી દરેક પિલુચા થઈને આવતી- જતી બસોના ડ્રાઈવરોને ડેપો મેનેજરો મુસાફરોના અને નિગમના હિતમાં તાકીદ કરે તેવો જનમત પ્રવર્તે છે.

## વડોદરા જિલ્લા સર્વોદય મંડળ દ્વારા રાધનપુરના ગામડાઓમાં મચ્છરદાનીનું વિતરણ

રાધનપુર

વડોદરા જિલ્લા સર્વોદય મંડળ અને પર્યાવરણની જતન સંસ્થાએ સર્વોદય આંખની હોસ્પિટલ, રાધનપુરમાં કાર્યાલય બનાવી રાધનપુર આસપાસના ૩૦ જેટલા ગામડામાં જઈને જરૂરિયાતવાળા ગરીબ ૧૦૦૦ હજાર વ્યક્તિઓને મચ્છરદાનીનું વિનામૂલ્યે વિતરણ કર્યું.મુંબઈથી ભારતીબેન વખારીયા અને બેલાબેન, વડોદરાથી ધરતીબેન, મેઘાબેન, રાધનપુરથી રાયચંદભાઈ ઠક્કર, હોસ્પિટલ સ્ટાફ ગજેન્દ્રભાઈ, ભરતભાઈ ઠાકોર, મોમજીભાઈ, ગંગારામભાઈ, મેહુલભાઈ અને પાટણથી આવેલ ચાલુ વર્ષે એમ.બી.બી.એસ.પાસ થયેલ કુશભાઈ પરીખે સ્વયંસેવક તરીકે સેવા આપી હતી.હવે રત્ન નિધિ ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ તરફથી ૫૦ બેગમાં આવેલ ૫૦૦૦ તૈયાર કપડાનું વિતરણ કરી રહ્યા છે.સર્વોદય ભોજનાલય, રાધનપુર તરફથી તા.૧/૦૮ થી ૬/૦૮ થી ૧૦૦૦ વ્યક્તિઓને ગામડામાં વરસતા વરસાદમાં જઈ ખીચડી-શાક આપવામાં આવેલ.તેમાં રાધનપુરના સેવાભાવી ધીરૂભાઈ ઠક્કર, ચુનીભાઈ ઠક્કર, ડો.અંબાલાલભાઈ પટેલ, ભાઈલાલભાઈ પટેલ, જયેશભાઈ વગેરેએ સેવા આપી હતી.

## પાંચડા ગામે અનોખી શિવ મહિમા




પ્રતિનિધિ પાંચડા

વડગામ તાલુકાના પાંચડા ગામે પવિત્ર શ્રાવણ માસના પ્રારંભથી ગામના પ્રખ્યાત રામેશ્વર મહાદેવ શિવ મંદિરમાં ગામના અગ્રણી અને શ્રધ્ધાળુ લોકોની સત્સંગ એવી સભા ભરવામાં આવે છે.સાથે સાથે સવારથી લગભગ ૧૨ વાગ્યા સુધી શિવપુજા, બીલીપુજા અને આરતી પ્રસાદના કાર્યક્રમ વિધિવત ખડેપગે સ્નાન કરી શુધ્ધ બનીને ગામના પૂજારી મહેન્દ્રભાઈ જોષી શિવની પૂજા અર્ચના તથા બીલીપત્ર ચડાવી આરતી અને પ્રસાદ સાથે કાર્યનું સમાપન કરે છે.શ્રાવણવદ અમાવસના દિવસે યજ્ઞ કરવામાં આવે છે.જેમાં શ્રધ્ધાળુ લોકો સારો એવો ફાળો પણ આપે છે.

## ગાંગોલમાં તાલુકા કક્ષાનો કલા મહાકુંભ કાર્યક્રમ યોજાયો

તા.પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકાના ગાંગોલ ગામે આવેલ આદર્શ વિદ્યાલય ખાતે વર્ષ - ૨૦૧૭નો તાલુક કક્ષાનો કલા મહાકુંભ કાર્યક્રમ ઉત્સાહ પૂર્વક ઉજવાયો હતો. જેમાં ધોરણ-૧ થી કોલેજ ઓપન વિભાગમાં કુલ-૪ વિભાગ પ્રાથમિક માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક કોલેજ ઓપન કક્ષામાં કુલ-૧૦ ઈવેન્ટ વિદ્યાર્થીઓ દ્વારા સંગીત,વાદન,નૃત્ય,એક પાત્રીય અભિનયમાં ૩૫ શાળાના ૧૨૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.ત્યારે આ કાર્યક્રમમાં બાળકોના ભોજન દાતા તરીકે ચૌધરી લાલાભાઈ ડામરાભાઈ તથા દઝાભાઈ માનસુંગભાઈ દૂધ ડેરીના મંત્રી ઈશ્વરભાઈ પટેલ,ઉત્તમસિંહ વાઘેલા દ્વારા લાભ લેવામાં આવ્યો હતો.આ પ્રસંગે ઉપસ્થિત શાળાના બાળકોએ સંગીતના વિવિધ પ્રોગ્રામ માણ્યા હતા.આ પ્રસંગે તેજાભાઈ પટેલ,બનાસ બેંકના ડીરેક્ટર ઈશ્વરભાઈ પટેલ,પિયુષભાઈ પટેલ આચાર્ય હાજર રહ્યા હતા.

## ડીસા આદર્શ પ્રા.શાળામાં શ્રીકૃષ્ણના જન્મોત્સવની ઉજવણી



ડીસા

આદર્શ પ્રા.શાળા ડીસા (વિભાગ ૧ થી ૪) માં તા. ૧૨/૮/૧૭ ને શનિવારના સુમંગળમય વાતાવરણમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઊજવાયો હતો.

જેમાં શ્રીકૃષ્ણના જીવન આધારિત પ્રસંગે ધૂન, ભજન ગાવામાં આવ્યું હતું. બાદમાં શ્રીકૃષ્ણના જન્મને લગતું નાટક રજુ કરવામાં આવ્યું હતું. જેમાં સ્ટેજ ઉપર જેલ, ઘોડીયું, પારણું... જેવા આબેહ-ુબ દ્રશ્યો રજુ કરીને નાટીકાને સુંદર ઓપ આપવામાં આવ્યો હતો. નાટિકા બાદ રાસ રજુ કરવામાં આવ્યો હતો.

બાદમાં મટકી ફોડ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં નાના બાળકોએ પિરામીડ બનાવીને તેના ઉપર શ્રીકૃષ્ણ ચડીને મટકી ફોડી હતી. પ્રસાદમાં પંજરીનો પ્રસાદ આપીને કાર્યક્રમને પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મહેમાન તરીકે રમેશભાઈ રાજેસરા, કાન્તીભાઈ (ધરણીધર સ્ટેશનરી), શીતલબેન રાજેસરા, ચંદુભાઈ ઠક્કર હાજર રહ્યા હતા. સંસ્કાર મંડળમાંથી નટુભાઈ પટેલ (સહમંત્રી) તથા વાલીમંડળમાંથી જયેશભાઈ દેસાઈ(પ્રમુખ), પિન્કેશભાઈ સોની (મંત્રી) અને આદર્શ માધ્યમિક વિભાગના પ્રધાનાચાર્ય દિપ્તીબેન સોની, સુપરવાઈઝર પ્રવીણભાઈ નાઈ સહિત સમગ્ર સ્ટાફગણ હાજર રહ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ઉષાબેન લીંમ્બાચીયાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં ધોરણ ૧ થી ૪ ના તમામ સ્ટાફગણનો ફાળો રહ્યો હતો.

## શ્રી નવજીવન બી એડ કોલેજ, ડીસા ખાતે સ્વતંત્રદિન તથા જન્માષ્ટમી પર્વની ઉજવણી

ડીસા

શ્રી નવજીવન બી એડ કોલેજ, ડીસા ખાતે તા.૧૨/૮/૨૦૧૭ ને શનિવારના રોજ સ્વતંત્રદિન તથા જન્માષ્ટમી પર્વની ઉજવણી કરાઈ હતી. જેમાં કોલેજના તાલીમાર્થી ભાઈઓ અને બહેનોએ દેશભક્તિ ગીતો અને કૃષ્ણભક્તિના ગીતો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં તાલીમાર્થી ભાઈઓ - અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય, અધ્યાપકો તથા તમામ તાલીમાર્થીઓએ હાજરી આપી હતી. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન તાલીમાર્થી ભાઈઓ અને બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું.

## પાલનપુર જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા રૂરલ આઈટી ક્વિઝ અને નેશનલ સાયન્સ સેમિનાર યોજાયો

પાલનપુર

ગુજકોસ્ટ ગાંધીનગર પ્રેરિત જિલ્લા લોક વિજ્ઞાન- પાલનપુર દ્વારા તારીખઃ- ૦૪/૦૮/૨૦૧૭ ના રોજ રૂરલ આઈટી ક્વિજ અને નેશનલ સાયન્સ સેમિનાર યોજાયો હતો. જેમાં જિલ્લામાંથી આવેલ જુદી જુદી શાળાના વિદ્યાર્થીઓએ પાવરપોઈન્ટ પ્રેજન્ટેશન, ચાર્ટસ વગેરે દ્વારા રજૂઆત કરેલ. નિર્ણાયક તરીકે રમેશભાઈ પી. સોલંકી અને તેજશભાઈ કે.મસાલીયા હાજર રહ્યા હતા. નેશનલ સાયન્સ સેમિનારમાં ૧૩ શાળા અને રૂરલ આઈટી ક્વિઝમાં ૨૬ શાળાએ ભાગ લીધો હતો. જેમાં નેશનલ સાયન્સ સેમિનારમાં ૧૩ શાળા અને રૂરલ આઈટી ક્વિઝમાં ૨૬ શાળાએ ભાગ લીધો હતો. જેમાં નેશનલ સાયન્સ સેમિનારમાં જિલ્લા કક્ષાએ પ્રથમ વિજેતા પાલનપુરની વિવિધલક્ષી વિદ્યામંદિર - શાળાની દરજી ઉન્નતિ કમલેશભાઈ, દ્વિતીય સ્થાને કાણોદરની એસ.કે.એમ હાઈસ્કુલની વિદ્યાર્થીની પટેલ આઈરીન એચ અને તૃતીય સ્થાને પાલનપુરની સિલ્વર બેલ્સ ગુ-જરાતી/ અંગ્રેજી માધ્યમ શાળાની જોષી આકાંક્ષા એ. આવેલ છે. તથા રૂરલ આઈટી ક્વિઝમાં વિજેતા પાલનપુરની બેલ્સ ગુજરાતી/ અંગ્રેજી માધ્યમ શાળાની જોષી આકાંક્ષાએ અને ચેલાણી ભાવિકા જી. આવેલ છે.

# બાપલામાં મકાન સર્વે કામમાં ગેરરીતી આચરાયાની બુમરાડ


રમેશ તીડગર

પ્રતિનિધિ બાપલા

ધાનેરા તાલુકાના બાપલામાં તા.૨૪/૨૫ ના રોજ અતિભારે વરસાદ થતા પુરથી લોકોના માલસામાન ને નુકશાન થયું હતું તેમજ કાચા મકાન પડી જવા પામેલ હોવા છતાં સર્વે કરવા આવનાર અધિકારીઓ દ્વારા તેઓ સર્વેની કામગીરીમાં ગોલમાલ કરાતી હોવાની બુમરાડ ઉઠી છે. ઘરની બહાર ઉભા રહી માત્રને માત્ર ગામમાં જ સર્વે કરી પંચાયતના લાગતા - વળગતા સભ્યઓનું જ સર્વે કરી જતા રહ્યા છે જ્યારે બાપલામાં ૮૦ ટકા પ્રજા ખેતરો પર રહેતી હોવાથી ખેતરોમાં મકાન સર્વે કરવા માટે અધિકારીઓને કહેતા તેઓએ ગરીબ લાભાર્થી અસરગ્રસ્ત પરિવારોને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે અમો માત્ર ગામમાં જ સર્વે કરવાના છીએ. જેથી અસરગ્રસ્ત પરિવારોમાં ભારે અસંતોષની લાગણી જોવા મળી છે. જ્યારે પાક ધોવાણ તેમજ જમીન ધોવાણનું સર્વે કરવા આવનાર અધિકાર રાજકીય આગેવાનો તેમજ બાપલા ગૃપ ગ્રામ પંચાયતના સભ્યઓના ત્યાં જઈ સર્વેની કામગીરી પુર્ણ કરી ગણ્યા ગાંઠ્યા પરિવારોમાં સર્વે કરી જતા રહ્યા હોવાથી અન્ય ગ્રામજનોમાં અસંતોષની લાગણી ફેલાઈ છે. બાપલાના એક ખેડૂતભાઈએ જણાવ્યું હતું કે ગ્રામ પંચાયતના સભ્યઓનું જે ખોટુ સર્વે કરવા આવનાર અધિકારીઓ દ્વારા ગેરરિતી કરવામાં આવી છે તે સંપૂર્ણપણે રદ કરવામાં આવે તેમજ વહાલા દવલાની નિતી છોડી ખેતરો તેમજ ગામમાં નિષ્પક્ષ સર્વે કરી સાચા અસરગ્રસ્ત લાભાર્થીઓને લાભ આપવા લોકમાંગ ઉઠવા પામી છે.

# લાખણી બસ સ્ટેન્ડની આજુબાજુ અઢી કીલોમીટરનો ફોરલાઈન હાઈવે મંજુર થયો

પ્રતિનિધિ લાખણી

લાખણી તાલુકો બન્યા પછી બસ સ્ટેન્ડ વિસ્તારમાં ટ્રાફિક વધારે રહેતો હતો.જેના કારણે રોડને પહોળો કરવાની જરૂરીયાત ઉભી થઈ હતી. જે અંગે રાજય સરકાર પાસે લાખણી વાસણા ત્રણ રસ્તા થરાદ હાઈવે, ડીસા હાઈવે તરફ તાલુકા સેવા સદન સુધીનો ૨.૬૦ કી.મી.લાંબો ફોરલાઈન હાઈવે ડીવાઈડર તથા સ્ટ્રીટલાઈટ સાથેનો રાજયના માર્ગ મકાન વિભાગ મંત્રી નીતીનભાઈ પટેલે મંજુર કરેલ છે. જયારે દિયોદર ધારાસભ્ય અને મંત્રી કેશાજી ચૌહાણે અંગત રસ લઈ ભલામણ કરેલ. આ રોડના કામ માટે સરકારે ૧૨૦૦ લાખ રૂપિયા અંદાજીત ખર્ચ મંજુર કરવામાં આવેલ છે. આ રોડ અંગે લાખણીના ગયા સંવાદ સેતુ કાર્યક્રમમાં લાખણી તાલુકા ભાજપ પ્રમુખ હેમરાજભાઈ, સરપંચ નાનજીભાઈ પટેલ તથા બ.કાં. જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન બાબરાભાઈ પટેલે પણ રજુઆત કરેલ અને ગાંધીનગર પણ રૂબરૂ જઈને વારંવાર માંગણી કરતાં આ રોડ મંજુર થયેલ છે. આ સિવાય પણ લાખણીમાં ઓબીસી સમાજની મોડેલ સ્કૂલ તથા પેપલુ મુકામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પણ મંજુર કરવામાં આવેલ છે.

# થરા નગરમાં સરકારી-ખાનગી દવાખાના દર્દીઓથી ઉભરાયા...વાઈરલ ફીવર...

**ફુટપાથની ગટર સફાઈ નહીં થતાં ભયંકર રોગચાળો ફાટી નિકળવાની દહેશત : પાણીજન્ય રોગ વધ્યા**

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના બનાસનદી તટ અને આજુબાજુના વિસ્તારોમાં બનાસનદી-નર્મદા નહેરના સંયુક્ત પાણીએ ભારે તબાહી સર્જી જે બાદ સરકાર, સેવાભાવી સંસ્થાઓ, લોકો દ્વારા સતત પ્રયાસોથી જનજીવન થાળે પડી રહ્યું છે.

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરામાં પણ કેટલાક વિસ્તારોમાં પૂરના પાણી ઘુસ્યા હતા તો કેટલાકમાં વરસાદી કહેર.આ બધા વચ્ચે રાજય સ્વાઈન ફલુના ભરડામાં આવી રહ્યું છે.જેમાં થરા નગરમાં સરકારી ખાનગી હોસ્પિટલો વાઈરલ ફીવર, મેલેરીયા, ટાઈફોઈડ, પીળીયાના દર્દીઓથી ભરચક રહે છે.માખી-મચ્છરનો ઉપદ્રવ વધ્યો છે.પીવાના પાણીનો કકળાટ ઠેર ઠરે જોવા મળી રહ્યો છે.જેની સામે તંત્રની મથામણ વામણી સાબિત થઈ રહી છે.થરા નગરમાં નેશનલ હાઈ-વે દ્વારા બનાવેલ ફુટપાથ-ગટર સાથેના સર્વિસ રોડની ગટરોની સફાઈ કેટલાય મહિનાથી થઈ નથી જેના કારણે ગટરો કાદવ-કીચડ વરસાદી પાણીથી છલોછલ ભરાઈ ગઈ છે અને આ ગંદુ પાણી ગટરમાંથી રોડ પર આવી રહ્યું છે.કેટલીક જગ્યાએ વેપારીઓ દ્વારા આ ગટરમાં ગંદુ પાણી કચરો ઠલવતા આ ગટર દુર્ગંધ મારે છે અને માખી-મચ્છરનો ભારે ઉપદ્રવ વધ્યો છે.આરોગ્ય ખાતુ-પાલિકા તંત્રની રજૂઆત નેશનલ હાઈ-વે ઓથોરીટી નહી માનતા આજે થરા નગર પાણી-મચ્છર માખી જન્ય રોગચાળાના ભરડામાં ઝડપભેર ફસાઈ રહ્યું છે.ત્યારે કરોડોનો ટોલટેક્ષ ઉઘરાવતા નેશનલ હાઈ-વે ઓથોરીટીને થરા નગરની ગટર સફાઈ કરાવવામાં કયો ગ્રહ નડે છે ?સ્વાઈન ફલુની ઝપટમાં લોકો આવે તે પહેલા ગટર સફાઈ થશે ખરી ?

# કાંકરેજના રણાવાડા (ખા) ગામેથી આઠ જુગારીયા ઝડપાયા


સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ શિહોરી

જિલ્લા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુર્જર તથા મદદનીશ પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા અને સર્કલ પો.ઈન્સ. એચ.એન. રાઠોડ જુગારની બદીને નેસ્તનાબુદ કરવા સુચના કરતાં શિહોરી પીએસઆઈ બી.એમ.કરમટા તથા પો.કોન્સ મુકેશકુમાર ગોવિંદભાઈ પો.કોન્સ શૈલેષકુમાર અમૃતલાલ પો.કોન્સ સાગરભાઈ વેરશીભાઈ તથા પો.કોન્સ ભોજુભા રણધીરસિંહ તથા ભરતભાઈ મગનભાઈ વગેરે શિહોરી પોલીસ સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન રણાવાડા (ખા) ગામના બસ સ્ટેન્ડ પાસે આવતા ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે રણાવાડા(ખા) ગામના ચોકમાં ચામુંડા માતા મંદિર પાસે ખુલ્લી જગ્યામા લાઈટના અજવાળે કેટલાક ઈસમો પોતાના અંગત સ્વાર્થ માટે હારજીતનો જુગાર રમી રમાડે છે. જે હકીકત આધારે રેડ કરતા શૈલેષભાઈ ચમનભાઈ પંચાલ, પુનાભાઈ બબાભાઈ પંચાલ, નાગસિંહ અભેસિંહ ઠાકોર, મહેશજી પ્રહલાદજી ઠાકોર, બળદેવજી ધનાજી ઠાકોર, ચેતનસિંહ દાદુસિંહ ઠાકોર, રાજુસિંહ પાખુજી ઠાકોર તથા વિપુલભાઈ ચમનભાઈ પંચાલ તમામ રહે. રણાવાડા (ખા) તા. કાંકરેજવાળા ગંજીપાના વડે પૈસાથી હારજીતનો જુગાર રમી રમાડી જુગારના સાહિત્ય સાથે કુલ રોકડ રકમ રૂા. ૬૧૬૦/- ના મુદ્દામાલ સાથે પોલીસ રેડ દરમ્યાન ઝડપાઈ ગયા હતા. જે તમામ ઈસમો વિરૂધ્ધ જુગારધારા કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી તરીકે નિમણુંક



પ્રતીનિધિ છાપી

બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જાકીરભાઈ ચૌહાણ તેમજ જિલ્લા પંચાયતમાં વિરોધ પક્ષના નેતા લક્ષ્મીબેન કરેણ દ્વારા શનિવારે રજોસણા ગામના યુવા કોંગ્રેસ કાર્યકર્તા જયમીનભાઈ પ્રજાપતિને મહામંત્રીપદે નિમણુંક પત્ર એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રણય રાવલ સહિત અનેક કોંગી કાર્યકર્તા ઉપસ્થિત રહી નિમણુંકને આવકારી હતી. જયમીનભાઈ પ્રજાપતિના પિતા સુરેશભાઈ પ્રજાપતિ પણ કોંગ્રેસના સંનિષ્ઠ કાર્યકર્તા રહી જિલ્લામાં કોંગ્રેસને મજબુત બનાવવા વિવિધ હોદાઓ ઉપર રહી કાર્ય કરી રહ્યા છે. જયમીનભાઈ પ્રજાપતિનો પરિવાર વર્ષોથી કોંગ્રેસ પાર્ટીને વફાદાર રહ્યો છે. જેથી તેમની નિમણુંકને લઈ કોંગ્રેસના અન્ય યુવા કાર્યકર્તાઓને પણ પક્ષની કાર્ય પદ્ધતિને લઈ નવચેતના જાગી છે. જોકે કોંગ્રેસને મોડે મોડે પણ બ્રહ્મજ્ઞાન લાધ્યું હોય તેવું આ નિમણુંક ઉપરથી જાણવા મળી રહ્યું છે.

# ભાભર તાલુકાના રોયટા ગામેથી આઠ જુગારીયા ઝડપાયા

**પોલીસે ત્રણ બાઈક તથા મોબાઈલ અને રોકડ રૂા. ૧૩૨૦૦/- કબ્જે લઈ તમામ સામે ગુનો નોંધ્યો...**


વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

જિલ્લા પોલીસ અધિક્ષક નિરજ બડગુર્જરના અદિશ અને માર્ગદર્શન હેઠળ ભાભર પોલીસે તાલુકાના રોયટા ગામની સીમમાં બાતમી આધારે રેડ કરતા આઠ જુગારીયા કુલ રૂા. ૧,૦૯,૨૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપાઈ જતાં ફફડાટ ફેલાયો છે.

ભાભર પી.એસ.આઈ. એમ.જે. ચૌધરી અને સ્ટાફને ગઈકાલે બાતમી મળી હતી કે ભાભર તાલુકાના રોયટા ગામે પરાગભાઈ કમાભાઈ પટેલ રહે. રોયટા, તા. ભાભરવાળાના ખેતરમાં બનાવેલ મકાનની બહાર લાઈટના અજવાળામાં તીનપત્તીનો જુગાર રમે છે. જે હકીકત આધારે ભાભર પોલીસ અચાનક બાતમીવાળી જગ્યાએ ત્રાટકતા કાન્તી મેહાભાઈ ઠાકોર, દેવરાજ વિરમભાઈ ઠાકોર, નિતેષ કાનજીભાઈ પટેલ, કુંવરા રત્નાભાઈ પટેલ રહે. રોયટા, મુકેશ કેશાભાઈ નાઈ રહે. ગોસણ, નથુભાઈ કાનજીભાઈ પટેલ રહે. રોયટા, ભાવા જીવણભાઈ પટેલ રહે. રોયટા, પરાગ કમાભાઈ પટેલ રહે. રોયટા તા. ભાભરવાળા તીનપત્તીનો જુગાર રમતા ઝડપાઈ ગયા હતા. પોલીસે સ્થળ ઉપરથી રોકડ રૂા. ૧૩૨૦૦/- તથા મો.સા. નંગ-૩ કિ.રૂા. ૯૦,૦૦૦/- તથા મોબાઈલ નંગ -૬ કિં.રૂા. ૬૦૦૦/- મળી કુલ રૂા. ૧,૦૯,૨૦૦/- નો મુદ્દામાલ કબ્જે લઈ આઠ જુગારીયા સામે ભાભર પોલીસ મથકે જુગારધારાની કલમ મુજબ ગુનો દાખલ કર્યો હતો.

# દીઓદર તાલુકાના સુરાણા ગામે ચેહર માતાજીની રમેલ યોજાઈ


અશોક શેઠ

તા.પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકાના સુરાણા ગામે શ્રી ચેહર માતાજીની રમેલ જોષી ત્રિભોવનભાઈ રવજીભાઈ પરિવાર દ્વારા તેમના ફાર્મ હાઉસ ઉપર તા.૧૨-૮-૨૦૧૭ને શનિવારના રોજ રાત્રે શ્રી ચેહરરાજ ગૃપ,વાવ-થરાદ આયોજીત યોજાઈ હતી. જેમાં આખી રાત ભુવાજીઓએ ખમ્મા અને મજાના વેણ વધાવા લીધેલ. બીજા દિવસે સવારે ચેહર માતાજીને તેલ ફુલ ચડાવવામાં આવેલ. જેમાં મોટી સંખ્યામાં લોકોએ દર્શનનો લાભ લીધેલ.આ પ્રસંગે મોટી સંખ્યામાં ભુવાજીઓ, મહેમાનો પધારેલ તેમને ચેહર માતાજીના ભુવાજી ત્રિભોવનભાઈ જોષી દ્વારા આવકારવામાં આવેલ.તેલ ફુલ બાદ માતાજીનો ભોજન પ્રસાદ યોજાયેલ જેમાં પધારેલ મહેમાનો તેમજ સમસ્ત સુરાણા ગામની કુવાસીઓનો જમણવાર ભુવાજી તરફથી યોજાયેલ.

આ પ્રસંગે રાજયમંત્રીશ્રી કેશાજી ચૌહાણ,દીઓદર મામલતદાર, તા.પં.સદસ્ય પ્રવિણસિંહજી વાઘેલા, કે.પી. માળી, પ્રદીપ સી.મહેતા, સુરાણા સરપંચ દેવચંદભાઈ જોષી, રૂગનાથભાઈ જોષી, ખેતારામભાઈ જોષી સહીત વેપારીઓ, અગ્રણીઓ,યુવાનો ઉપસ્થિત રહેલ.

# ડીસાના રામજીમંદિરમાં અખંડ રામધુન ઉત્સવ યોજાશે

ડીસા

પરંપરાગત ૧૨ વર્ષની જેમ આ વર્ષે ડીસાના મહંતશ્રી રામદાસજી પ્રહલાદદાસજીના રામજી મંદિરમાં તા. ૧/૯/૧૭ શુક્રવારના સવારે અખંડ રામધુન ઉત્સવનો ૭:૩૦ કલાકેથી પ્રારંભ થશે. અને તા. ૨/૯/૧૭ ના શનિવારે ભાદરવા સુદ ૧૧ ના બપોરે ૧-૩૦ કલાકે હવનની પૂર્ણાહુતિ થશે અને એ જ દિવસે બપોરે ૩ કલાકે ભગવાન શ્રી કૃષ્ણની જલયાત્રા પાલખીમાં ડીસા શહેરના રાજમાર્ગો થઈને બનાસ નદીમાં જશે અને પરત નિજ મંદિરે રાત્રે ૮ વાગે આવશે તો ડીસા શહેરના ધર્મપ્રેમી જનતાને પધારવા રામધુન ઉત્સવ સમિતિ દ્વારા અનુરોધ કરાયો છે.

# રામદેવરા જતાં પદયાત્રીકો માટે સેવા કેમ્પો ધમધમી ઉઠ્યા


નરસિંહ દેસાઈ

## ગુજરાતના લાખો શ્રધ્ધાળુ દર્શને જાય છે

પ્રતિ. વડાવળ

રાજસ્થાનમાં આવેલ રણુજા ખાતે રામદેવપીરના દર્શનાર્થે જવા માટે ગુજરાતમાંથી હજારો પદયાત્રીઓ જઈ રહ્યા છે ત્યારે પદયાત્રીઓની સેવા માટે ઠેર ઠેર સેવા કેમ્પો લાગી ગયા છે.ડીસા-પાટણ રોડ પર અનેક સ્થળોએ સેવા કેમ્પો શરૂ થયા છે.આ ઉપરાંત ડીસા-ધાનેરા રોડ પર પણ સેવા કેમ્પોની સરવાણી જોવા મળી રહી છે. દર વર્ષે ભાદરવા મહિનામાં બાબા રામદેવના દર્શન કરવા લાખો શ્રધ્ધાળુઓ ભાવિકો-ભક્તજનો ઉમટી પડતા હોય છે.શ્રધ્ધાળુ ભક્તજનો પગે ચાલીને કોઈ આળોટતા તો કોઈ સુતા અને કોઈ સાષ્ટાંગ પ્રણામ કરતા કરતા રણુંજા પહોંચતા હોય છે.આવા શ્રધ્ધાળુઓ માટે સેવાભાવી સંસ્થાઓ અને કાર્યકરો દ્વારા ઠેર ઠેર વિસામાં કેમ્પો લગાવી રાત-દિવસ સેવા કરતા હોય છે અને શ્રધ્ધાળુભક્તો પણ સેવા કેમ્પનો લાભ લેતા બાબા રામદેવપીરના ધામ પહોંચતા હોય છે ત્યારે જિલ્લાના વિવિધ હાઈ-વે પર ઠેર ઠેર લગાવેલા સેવા કેમ્પો પણ પદયાત્રીથી ધમધમી રહ્યા છે.

અનુસંધાન પાના નં.૬

# ધાનેરામાં ગાયત્રી વિકલાંગ માનવમંડળ દ્વારા શિવણના સંચા અપાયા


એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા ખાતે પુરગ્રસ્ત વિસ્તારમાં સેવાભાવી સંસ્થાઓ દ્વારા કપડાં, કીટ, ધાબળા, ઘરવખરીનો સામાન અને આર્થિક સહાય માટે નામી અનામી સંસ્થાઓ અવિરત પ્રમાણે સેવા આપી રહી છે. જે અંતર્ગત ગતરોજ વડોદરાની ગાયત્રી વિકલાંગ માનવ મંડળના પ્રમુખ રૂક્ષ્મણીબેન શાહના અધ્યક્ષ સ્થાને દાદાના વિસામામાં આવી જરૂરીયાતમંદ મહિલાઓને શિક્ષણના ૩૮ સંચાનું વિતરણ કરાયું હતું. જે પ્રસંગે ભાજપના જિલ્લા ઉપાધ્યક્ષ વસંતભાઈ પુરોહીત, વી. પી. શાહ, નગરપાલિકા પ્રમુખ આશાબેન પટેલ, જગદીશભાઈ ઠક્કર, ઉપપ્રમુખ તથા ઈંદુબેન જોશી વિગેરેના હસ્તે શિવણ કલાસના મશીનો આપી બહેનો જાત મહેનત કરી પગભર થાય તેવી અપેક્ષા રાખી હતી.

**જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે**

# પૂર્વ જીલ્લા મહામંત્રીના હસ્તે ધ્વજ વંદન થશે

પાલનપુર

આગામી ૧૫-૮-૨૦૧૭ના રોજ સ્વાતં દિન પ્રસંગે બનાસકાંઠા જીલ્લા કાર્યાલય શ્યામા પ્રસાદ મુખર્જી ભવન ખાતે ધ્વજ વંદન કાર્યક્રમ યોજાશે. ભાજપ કાર્યાલય ખાતે પૂર્વ જીલ્લા મહામંત્રી અને પશ્ચિમ રેલ્વે બોર્ડની સમિતિના સભ્ય ગજેન્દ્રભાઈ સકસેનાના હસ્તે સવારે ૧૦ વાગ્યે ધ્વજ વંદન કાર્યક્રમ યોજાશે.

# દીઓદર ગ્રામ પંચાયત દ્વારા નવા બોરનું ખાત મૂહૂર્ત


અશોક શેઠ

તા.પ્રતિનિધિ દીઓદર

તાજેતરમાં આવેલ અતિવૃષ્ટિમાં નર્મદા કેનાલમાં ભારે ગાબડા પડી જવા પામેલ છે જેની મરામતનું કામ હાલે ચાલી રહ્યું છે.ત્યારે નર્મદા કેનાલથી ભાભર-કાંકરેજ-દીઓદર તાલુકાના અનેક ગામોને પીવાનું પાણી પુરૂ પાડવામાં આવતું હતું તે બંધ થઈ જતાં ગ્રામીણ વિસ્તારો સાથે - સાથે તાલુકા મથક દીઓદરમાં પણ પીવાના પાણીની તીવ્ર અછત ઉભી થવા પામેલ જેના ફળ સ્વરૂપ કેટલાક વિસ્તારમાં ટેન્કરો દ્વારા પાણી પુરૂ પડાતું હતું.ત્યારે તાજેતરમાં દીઓદર ગ્રામ પંચાયત દ્વારા બે નવીન બોર બનાવવાનું આયોજન કરવામાં આવેલ.

નવીન બનાવવાના બોરનું આજરોજ ખાત મુર્હત પૂર્વ ધારાસભ્ય માનસિંહજી વાઘેલા તથા દીઓદર સરપંચ ગિરિરાજસિંહ વાઘેલા, જયંતિભાઈ દોશી,માલજીભાઈ દેસાઈ, કુરશીભાઈ દેસાઈ,

અનુસંધાન પાના નં.૬

# ડીસા તાલુકા કક્ષાનું સ્વાતંત્ર્ય પર્વ મુડેઠા ખાતે યોજાશે


સાદુલસિંહ રાઠોડ

પ્રતિનિધિ મુડેઠા

ડીસા તાલુકાના મુડેઠા પગાર કેન્દ્ર શાળાના મેદાનમાં તાલુકા કક્ષાનો સ્વતંત્રતા પર્વની ઉજવણી થશે. જેમાં પ્રાંત અધિકારી મામલતદાર અને ટી.ડી.ઓ તેમજ ડીસા તાલુકા શિક્ષણ અધિકારી વગેરે તાલુકાના કર્મચારીઓ ઉપસ્થિત રહેશે. જેના આયોજન અર્થે વહીવટીતંત્ર દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરાઈ છે.

# ધાનેરાના દેઢા ગામના યુવા શાસ્ત્રીનું જ્યોતિષ વિભુષણથી સન્માન...


વી.બી.રાજપુત

પ્રતિનિધિ રવિયા

અખિલ ભારતીય સરસ્વતી જ્યોતિષ મંચ દ્વારા હિમાચલ પ્રદેશના ધર્મશાળા ખાતે ૫૯ મા જ્યોતિષ અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતભરના ૨૫૨ જ્યોતિષોએ ભાગ લીધો હતો. જેમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના જ્યોતિષ વિભાગના પ્રાધ્યાપક શૈલેષભાઈ મહેતાના માર્ગદર્શનમાં ૧૪ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

અનુસંધાન પાના નં.૬

# ગોપાલસેના બનાસકાંઠા (રબારી સમાજ) દ્વારા ગણેશમહોત્સવના આયોજન માટે મિટિંગ મળી


ભરત સુંદેશા

ડીસા

આજ રોજ તા/૧૩/૮/૨૦૧૭ ના રોજ ક્રિષ્નાકાઠિયાવાડી હોટલ ની બાજુમાં નર્મદેશ્વર મહાદેવ ના મંદિર માં ગોપાલસેના રબારી સમાજ દ્વારા મીટિંગ નું આયોજન કરવામાં આવ્યું જેમાં ગોપાલસેના ના કારોબારી સભ્યો તથા તમામ હોદ્દેદારો એ સર્વાનુમતે દરેક તાલુકા ના પ્રમુખો ને બીજી ટર્મ માટે ચાલું રાખેલ જેમાં ગોપાલસેના ના કારોબારી સભ્યો અને મુખ્ય સલાહકાર એવા નરસિંહભાઈ દેસાઈ બાઈવાડા હાજર રહી મિટિંગ ને સફળતા પૂર્વક આયોજન કરી આગામી કાર્યક્રમ ની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે બનાસકાંઠા પ્રમુખ સાગરભાઈ બાઈવાડા, ડીસા પ્રમુખ જીવાભાઈ રાણપુર, લાખણી પ્રમુખ મોતીભાઈ કમોડા, ધાનેરા પ્રમુખ નાગજીભાઈ વાલેર, કાંકરેજ પ્રમુખ કુરશીભાઈ ખારીયા, પાલનપુર પ્રમુખ રમેશભાઈ, દાંતીવાડા પ્રમુખ કરમશીભાઈ, ભાભર પ્રમુખ મલાભાઈ, દિયોદર પ્રમુખ રાજુભાઈ ડુચકવાડા, થરાદ પ્રમુખ રાજુભાઈ, વાવ પ્રમુખ અનિલભાઈ,

અનુસંધાન પાના નં.૬

# રવિયા દુધ મંડળીના મંત્રીની પ્રશંસનીય કામગીરી

પ્રતિનિધિ રવિયા

ધાનેરા તાલુકામાં પૂરના પાણીએ ભારે વિનાશ વેર્યો છે. ત્યારે રવિયા ગામની દુધ ઉત્પાદક સહકારી મંડળીના મંત્રી સાગરભમાઈ ભાથીભાઈ રબારીએ બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના આદેશથી ૪૬૨ ગ્રાહકોને ઘાસની ગાંસડીનું વિતરણ કરી પ્રશંસનીય કામગીરી કરી છે.

## જાહેર ચેતવણી

ડીસા નગરપાલિકા વિસ્તારમાં પશુઓ રાખતા તમામ પશુમાલિકોને આ જાહેર ચેતવણી આપી જણાવવાનું કે, ડીસા નગરપાલિકા વિસ્તારમાં રખડતા પશુઓના ત્રાસ નિવારણ માટે ના.હાઈકોર્ટ તથા સરકારશ્રીની સુચનાઓ અન્વયે કડક કાર્યવાહી કરવાનું ડીસા નગરપાલિકાએ નિર્ણય લીધેલ છે. માટે કોઈએ પોતાના પશુઓને જાહેર રસ્તા ઉપર, જાહેર ચોક, બજારમાં કે રહેણાંક વિસ્તારમાં રખડતા મુકવા નહીં.

ડીસા નગરપાલિકા વિસ્તારમાં રખડતા પશુઓ મળશે તો રખડતા પશુઓને પકડી પાંજરાપોળમાં મુકવાની કાર્યવાહી નગરપાલિકાએ હાથ ધરેલ છે અને પકડેલ પશુના કોઈ માલિક આવીને પશુ પરત મેળવવા દાવો કરશે તો તેને પશુ પરત મળી શકશે નહી અને આવા પશુ માલિકો સામે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૨૩૮ થી ૨૪૬ ની જોગવાઈઓ પ્રમાણે તથા બોમ્બે પોલિસ એકટ અને ભારતીય ફોજદારી ધારાની જોગવાઈઓ અને ના.હાઈકોર્ટની સુચના પ્રમાણે તથા સરકારશ્રીના પ્રવર્તમાન નિતીનિયમો અનુસાર કડકમાં કડક શિક્ષાત્મક કાર્યવાહી પશુમાલિક સામે કરવામાં આવશે જેની દરેક પશુમાલિકોએ જાહેર નોંધ લેવાનું રાખશો.

**નં.ન.પા./સેની/વશી સને ૨૦૧૭-૧૮**
**નગરપાલિકા કચેરી** — **ડીસા નગરપાલિકા**
**ડીસા. તા.૧૩/૦૭/૨૦૧૭**

## તંત્રી સ્થાનેથી ...

**જે સ્વાર્થવશ બીજાઓને હાની પહોંચાડે છે, તે પશુ સમાન છે.**

# નવા માર્ગો માટે અપાતી ગ્રાન્ટોનો ઉપયોગ ઝડપી થવો જોઈએ

યુનિ. કોર્પોરેશન હોય કે પછી નાના શહેરોની નગર પાલિકાઓ હોય કે ગ્રામપંચાયત હોય આ તમામ સસ્થાઓ દરેક પ્રકારની કરવેરા ઉઘરાવે છે. મ્યુનિ. કોર્પોરેશન રોડ ટેક્સ વસુલ કરે છે. પરંતુ દર વખતે વરસાદથી જે પાકા રોડ તૂટી જાય છે. તે નવા કેમ બનાવવામાં આવતા નહિં હોય અને થીગડા મારી રીપેર કરીને સંતોષ વ્યક્ત કરે છે. આ તો જનતાને છેતરવાનો કિમીયો કહી શકાય. ગુજરાતના મહાનગર એવા અમદાવાદનું મ્યુ. તંત્ર ચર્ચાની ચકડોળે ચડ્યું છે. આ તંત્ર પર વાહન ચાલકો કે પછી શહેરીજનોને કોઈ ભરોસો રહ્યો નથી. સમયની સાથે સાથે તમામ ક્ષેત્રે પરિવર્તન આવે છે. પરંતુ પાલિકાઓની કામગીરીમાં ક્યારેક કંઈ નવું પરિવર્તન આવ્યું નથી!

તાજેતરમાં રાજ્યમાં પડેલા અવિરત અને ભારે વરસાદના પરિણામે નાના- મોટા અનેક રોડ તૂટી ગયા છે. ઘણા પાકા રોડ મુળમાંથી ઉખડી ચૂક્યા છે. વિકાસની વાતો જ્યારે પાલિકાના સત્તાવાળાઓ કરે છે. ત્યારે આશ્ચર્ય જણાય છે. સરકાર પ્રત્યેક મહાનગરપાલિકા, અને ગ્રામ પંચાયતોને રોડ (માર્ગો) માટે કરોડોની ગ્રાન્ટો ફાળવાતી હોય છે. છતાં એ નાણાંનો ઉપયોગ રોડ બનાવવા માટે શા માટે થતો નહિં હોય? આ પ્રશ્ન આજે ચારે કોર ચર્ચાઈ રહ્યો છે. કહેવાય છે કે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન તંત્ર દ્વારા નવા વાહનો ઉપર આજીવન કરોડો રૂપિયાનો ટેક્સ વસુલ કરી લે છે. જ્યારે દર વર્ષે ૧૦૦૦ કરોડ જેટલો પ્રોપર્ટી ટેક્સ વસુલ કરે છે. પરંતુ જે રીતનો રોડ વિકાસ થવો જોઈએ તે થતો જ નથી.

છેલ્લા બે વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૬-૧૭ અને વર્ષ ૨૦૧૭-૧૮ માં અમદાવાદમાં રૂા. ૫૪૮ કરોડના રોડ રિસર ફેસના કામો મંજૂર કરાયા હતા. કુદરતી સિધ્ધાંત અનુસાર શહેરીજનોની પરસેવાની કમાણીના રૂા. ૫૪૮ કરોડ કોન્ટ્રાક્ટરોને નવા રોડ રિસર ફેસ કરી વાપરવા આપવાના હતા. પરંતુ હવે રૂા. ૨૦૦ કિ.મી.ના રોડ ભંગાર બની ચુક્યા છે. તો પછી શહેરના અનેક વિસ્તારોમાં રોડને થીંગડા શા માટે મારવામાં આવી રહ્યા હશે? જો રૂપિયા નવા રોડ માટે ચૂકવાયા છે તો પછી રોડ નવા શા માટે બનાવવામાં આવતા નહિં હોય આ બાબતે શહેરીજનોને કોઈ ચોક્કસ પ્રત્યુત્તર મળતો નથી. લોકો ભલે કોર્પોરેશનમાં ગમે તેટલી રજુઆત કરે પરંતુ માર્ગોના નવિનીકરણ બાબતે કોઈ ચોક્કસ માહિતી લોકોને મળતી જ નથી. ગત પહેલી જુલાઈથી વરસાદનું આગમન થયું અને એક જ મહિનામાં મ્યુનિસિપલે ગણતરીના દિવસો પહેલાં બાંધેલા મોટાભાગના રોડ બિસ્માર બની ગયા, ક્યાંક ખાડા પડયા તો ક્યાંક રોડના પોપડા ઉખડીને વરસાદના પાણીમાં તણાઈ ગયા. મતલબ કે મ્યુ.તંત્રની પોલનો પર્દાફાશ થઈ ગયો!

જનતા ભલે ફરિયાદો કરે પરંતુ વર્તમાન સંજોગોમાં રોડ કોન્ટ્રાક્ટરોને અપાવવાના પ્રયત્નો થઈ રહ્યા હોવાનું ચર્ચાસ્પદ બન્યું છે. માત્ર અમદાવાદના રોડોની હાલત ખરાબ છે. એવું નથી નાના શહેરોમાં પણ નગરપાલિકા તંત્ર દ્વારા રોડ માર્ગોનું કામ કેવું થાય છે તે નજરે જોતાં જ ખ્યાલ આવી જાય તેમ છે. પરંતુ જનતા ભલે આ બાબતે દેખાવો કરે કે ધરણાં તેનો કોઈ અર્થ સરી શકશે નહિં!

# અમદાવાદમાં ચોકલેટ રૂમ સ્ટોર શરૂ




પોતાનું બુટીક કાફે શરૂ કરી રહી છે. અમદાવાદની દિવાનસિંહ કી. હવેલી, માણેક ચોક ખાતે ચોકલેટ રૂમ... જેની ઘણાં લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી તેવા તેના સ્ટોરને ચાલુ કરે છે.

દિવાનસિંહ કી હેવલી ખાતેનો ચોકલેટ રૂમ હેરિટેજ સ્થાનક છે અને ઘણું જાણીતું સ્થળ છે. આ સ્ટોર તેની વિશિષ્ટ ચોકલેટ માટે જાણીતો છે, જે તેના ગ્રાહકોને અનોખો ચોકલેટનો અનુભવ કરાવે છે. છેલ્લા દસ વર્ષથી ભારતની ઘણી જાણીતી ચોકલેટ કાફેની શૃંખલાનો સ્ટોર ગ્રાહકોને તેના સ્વાદની લાલચ રોકી ના શકાય તેવી મસ્ત ટ્રીટ આપે છે. અને દુનિયાભરમાં ચોકલેટની સંસ્કુતિનો વિસ્તાર કરે છે. ચોકલેટ રૂમ સ્ટોરે આ ઈન્ડસ્ટ્રીમાં ૧૦ વર્ષ પૂરા કર્યા છે. અને તે ભારતના લોકોનો સૌથી ચાહિતો કાફે છે.

આ સ્ટોર ઉદ્ઘાઘાટન પ્રસંગે બોલતા ચોકલેટ રૂમના સહ સ્થાપક અને મેનેજીંગ ડિરેકટર વિકાસ પંજાબીએ જણાવ્યું હતું કે માણેકચોક ખાતે દિવાનસિંહ હવેલીનો અમારો સ્ટોર એક ઐતિહાસિક સ્થળ છે જે યુનેસ્કોની આટ્ર, કલ્ચર અને હેરિટેજ યાદીમાં સામેલ છે. અમદાવાદ દેશનું પ્રથમ હેરિટેજ શહેર છે. અને આ શહેરમાં સ્ટોર ખોલતા અમને ગર્વની લાગણી થાય છે. ૨૦૦૭ માં આ સ્ટોર ખુલ્યો ત્યારથી અમારું ધ્યેય લોકોને ચોકલેટનો અનોખો અવિસ્મરણીય અનુભવ કરાવવાનો છે. આજે ૨૩૦ થી વધારે સ્ટોરની શૃંખલા સાથે અમારો સ્ટોર બધે ફેલાઈ ગયો છે. ચોકલેટના શોખીનો તરફથી અમને દુનિયાભરમાંથી અદમ્ય પ્રતિસાદ મળ્યો છે.

# મારી મુલાકાત લેવાનો અનુભવ !

આજે હું મારી મુલાકાતે ચાલ્યો ને મારી અંદરના વિચારોને મળ્યો ! ભેટો થયો માંહ્યલા તુમાખી અહમ્ સાથે, મેં જોયું કે થોડાં સવાલોમાં તો તે હતો ન હતો થઈ ગયેલો ! યાત્રા આગળ ચલાવી તો મને મારી લાગણી ભટકાઈ ગઈ ! ખૂબ નાજુક હતી એ, થોડા પ્રશ્નો કર્યા ન કર્યા ત્યાં તો એ તુટી પડી - રડી પડી ! થોડા આગળ જતાં મને મારો ક્રોધ મળ્યો, એની સાથે મને ન ગમ્યું તેથી હું આગળ વધ્યો. એટલામાં સામે ચાલી મને ઈર્ષા ને વાસના મળ્યા અને તેથી બંદા તો ખૂબ લલચાયા ! પણ દિલની પુકાર ઝણઝણી એટલે હું આંખ આડા કાન કરી એની સામે પણ જોયા વગર જ હું આગળ રવાના થઈ ગયો ! આખરે, મને દિલમાં સંતાયેલા "ઘેલા પ્રેમ"ની મુલાકાત થઈ ક્ર---- એની સાથે વાતો કરવાની ખૂબ મઝા પડી ગઈ ! ત્યાર બાદ, ધરબાયેલી શક્તિ, ભક્તિ અને શ્રધ્ધા મળ્યા તેઓને મળીને સંતોષ, શાંતિનો અહેસાસ થયો !બસ, આમ યાત્રા પૂરી થવા પર જ હતી ને મારી મુલાકાત મારા ખમીરવંતા તેમજ ખુદ્દાર અંતરાત્મા સાથે થઈ, જેને મળીને મારી સાથેની મારી મુલાકાત પૂરી થઈ !હૃદયપૂર્વકની પ્રાર્થનાનો પ્રતિભાવ કેવો !? જાણે અલૌકિક આનંદની પરમ અનુભૂતિ થઈ ! એક ખોજ પૂરી થઈ . નવી નક્કોર યાત્રા શરુ થઈ : આત્માનાં ઊંડાણમાં ઊતરવાની !! અને ભાન થયુ કે, રોજે-રોજ મોજમાં રહેવુ, પ્રેમાત્માની ખોજમાં રહેવુ, શક્ય તે રીતે સંસારના સાચા ને જરુરીયાતમંદને ઉપયોગી થવુ. એવુ ન થઈ શકે તો કોઇ નડતર તો ન જ થવુ !! અણસમજ આક્રોશ આવેગ આવેશની તૃપ્તિ માણસને ક્યારેય સફળ ન થવા દે.

**વિકેશશાહ**
**દાંતીવાડા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# અતિશય વરસેલા વરસાદમાં ક્યાંક અનાજના કોથળા તણાયા તો ક્યાંક લાશો..!

**સંવેદના**
**પ્રવીણ એમ. નાઈ**

કુદરત જ્યારે વેરણ બને ત્યારે કોઈને ન છોડે..મોટા મોટા ભૂપ પળમાં ભોંય ભેગા થઈ જાય.૨૦૦૧ માં આવેલા ધરતીકંપના હજુ ભણકારા સંભળાઈ રહ્યા હતા ત્યારે છેલ્લા બે વર્ષથી બનાસકાંઠા ઉપર કુદરતી આફતને જાણે સીધો સંબંધ થઈ ગયો હોય તેવું લાગી રહ્યું છે.સરહદી બનાસકાંઠા ઉપર દુશ્મનોનો ખતરો સદા મંડાયેલો જોવા મળતો જ હતો પણ કુદરતનો ખતરો પણ દિવસે દિવસે વધતો જાય છે.રાજસ્થાનનો જે ભાગ ગુજરાતને અડીને આવેલ છે.ત્યાં વરસાદ થવો એટલે વરસાદી ઋતુમાં ચંદ્ર દેખવો એવુ લાગે.૨૦૧૫ માં આવેલા રાજસ્થાન અને માઉન્ટ આબુમાં ભારે વરસાદના લીધે બનાસકાંઠા જળ બંબાકાર થઈ ગયું હતું.જે જમીને કોઈ દિવસ ધરાઈને પાણી પીધું નહી હોય તે જમીનમાં પણ રાજસ્થાનનું પાણી ગયું.સૂઈગામ, વાવ, થરાદમાં પૂર આવ્યું.આ વિસ્તારમાં પૂર આવવું એ જાણે લોઢાના ચણા ચાવવા જેવુ કઠીન કામ કહેવાય.તો પણ ૨૦૧૫માં તે રાજસ્થાનના પાણીએ બનાસકાંઠા વિસ્તારમાં બિહામણા દશ્યો ઉભા કર્યો તેનો ચિતાર હજૂ ભૂલાયો ન હતો.ત્યાં ફરીથી ૨૦૧૭ માં રાજસ્થાન અને આબુના પાણીએ બનાસકાંઠાને હડફેટમાં લઈ લીધું.જ્યાં માથુંડુ માથુંડુ પાણી ફરી વળ્યુ તેવી ભોમકા ધાનેરામાં હજૂ પણ વરસાદની આગાહીથી લોકો રીતસરના ડરવા લાગ્યા છે.મેસેજ કે અખબારમાં પૂરના સમાચાર કે અફવા માત્રથી લોકો ધ્રુજી રહ્યા છે.હજારો વેપારીઓ તળીયે બેસી ગયા છે.વર્ષોની જે મહેનત હતી તે પાયમાલ થઈ ગઈ છે.

કાળા ડીબાંગ વાદળોનો ગડગડાટ, વીજળીના ચમકારા અને મુશળધાર વરસાદ અને સીપુ ડેમમાં "ગાબડું" પડ્યું છે તેવા સમાચાર માત્રથી બનાસનદીના પટના કિનારે જે જે ગામ આવે છે ત્યાંના લોકો ઠર ઠર ધ્રુજી ઉઠ્યા.બે-ત્રણ દિવસ તો ઘરવખરી અને કપડાનાં પોટકાં બાંધીને આખી રાત બેસીને જેમ તેમ કરીને જે દિવસો પસાર કર્યા તે વળી પાછા ન મોકલે તેવું અહીની ધરાના લોકો કહી રહ્યા છે.નદીના કિનારાની ફળદ્રુપ જમીન ધોવાઈ ગઈ.રેતીના ઠર જામી ગયા.ખેતીનો નાશ થયો.

બે કાંઠે વહેતી બનાસનાં ઉંચા ઉંચા મોજાં.. મુશળધાર વહેતો વરસાદ અને નર્મદા નદીની કેનાલ તૂટતાં કાંકરેજના ખારીયા, રૂણી, સુદ્દોસણ વગેરે ગામોમાં જે તારાજી થઈ તેને કેવી રીતે વર્ણવવી..!કાળજુ કંપી જાય તેવા હૃદયદ્રાવક દશ્યો અહી ખડાં થયાં.પાણીના વહેણે જ્યાંના ત્યાં જ રાખી લીધા.કોઈક પોતાની બહેનને મળવા ગયેલું.કોઈક ભાઈને મળવા ગયેલું, કોઈક મા-બાપને મળવા ગયેલું. બધા જ એક જ જગ્યાએ રોકાઈ ગયા.વળી કોઈક વિધવા માનો એકનો એક દીકરો ઉંડે જમીનના ખાડામાં દટાઈ ગયો. રસ્તામાં જ્યારે જતા હતા ત્યારે જ ધસમસતા પાણીના પ્રવાહે વાડીએ ગયેલા વાડીમાં રહી ગયા.ઢોર ચરાવવા ગયેલા ઢોરને સાથે ક્યાંય સુધી પાણીના પ્રવાહમાં તણાયા.હજૂ પણ આપણે કાંકરેજના નદીના પટના કિનારે આવતા ગામડાની મુલાકાત લઈએ તો હૈયું હચમચી જાય તેવા વાવડ મળે.દૂરથી જોઈએ તો કૂતરાં મરેલા ઢોરને ફેંદી રહ્યા છે તેવું લાગે પણ નાક બંધ કરીને થોડાક નજીક જઈએ તો માનવદેહને કૂતરાં રફુદફું કરતા હોય.શરીર કંપી જાય તેવા અત્યંત બિહામણાં દશ્યો જોવા મળે.

વરસાદ રહી ગયા બાદ પાણી ઓશર્યા.ઘેર ન આવેલા પિતા, પુત્ર, મા, બહેનને શોધવા ઘરના કુટુંબીજનો નિકળ્યા, પણ ઉંડા ખાડામાં પોતાના વહાલ સોયા સ્નેહીને જોઈને કાળજું કાંપવા માંડ્યું.હીબકા ભરીને રોવું છે પણ રૂદનનો ડૂચો જાણે ગળામાં ભરાઈ ગયો હોય તેવું લાગ્યું.ક્યાંક ક્યાંક કુદરત સાંભળે તેમ પોક મુકીને રડ્યા પણ ખરા..શી ખબર કે આવા હાલ થશે.એવું મૂક બનીને લાશો બોલતી હોય તેવું લાગ્યું.ગામોના ગામો ડૂબમાં હોય ત્યારે જે બચી ગયા છે તે ક્ષણભર ખુશ જરૂર થયા.. પણ પોતાનો સ્નેહી મોતને ભેટ્યો છે તેના વાવડ સાંભળીને હૃદયદ્રવી ઉઠ્યું.એક જ પરીવારમાંથી ૧૬ જેટલા લોકોની અંતિમ ક્રિયા કરવામાં આવી ત્યારે સર્વત્ર ગમગીની ફેલાઈ.બચી ગયેલા કુટુંબના સભ્યો કુદરત ઉપર ફીટકાર ન વરસાવે તો બીજ કરે પણ શું.?ફીટકાર વરસાયા સિવાય બીજું કશું રહ્યું પણ નથી.ન ઘર, ન અનાજ, ન કપડાં અને સ્નેહીજનથી વિખુટા પડેલ કુટુંબીજનો ક્યાંક ઉંચી જગ્યાએ ખસી ગયા, જાહોજલાલી વાળા જ્યારે ફુડપેકેટ ખાઈને અને કોઈકે આપેલા કપડાં પહેર્યા ત્યારે ધ્રુસકે ધ્રુસકે રડ્યા પણ ખરા.લાચાર માણસ શુ કરી શકે.!વાદળમાંથી વરસાદનાં ટીંપાની આગળ નયનોમાંથી વહી જતાં ચોધાર આંસુ જાણે વધી ગયાં હોય તેવું લાગ્યું.રોઈ રોઈને આંખો ભરાઈ આવી.આંખો સુજાઈ ગઈ.લાડકવાયા સ્નેહીની યાદમાં રાતભર રોયાં પણ ખરા.અતિશય વરસેલા વરસાદમાં ક્યાંક અનામતના કોથળા તણાયા તો કયાંક લાશો..!પેટનો ખાડો પુરવા માટેનું અનાજ વહી ગયું.ક્યાંક નવમાસ પેટમાં રાખેલો પોતાનો દિકરો તણાઈ ગયો.ક્યાંક પોતાનો વિર.ઠેર ઠેર મનેખનાં મૃતદેહ અને મરેલા ઢોર સિવાય બીજુ કશુ જોવા ન મળ્યું.રહેવા માટેનો એક આશરો અને જીવન ટકાવવા માટે રાખેલ એકાદ વીઘો જમીનનું પણ નામોનિશાન નહી વાહ..!કુદરત તારી કળા..ઘડીમાં રંકને રાજા બનાવે ઘડીમાં રાજાને રંક. તારી આગળ અમે સૌ લાચાર. બનાસકાંઠાની ખમીરવંતી પ્રજાએ કોઈ દિવસ ન જોયેલું એટલુ પાણી આ સાલ જોયું.અને પોતે ભેગું કરેલું બધુ જ ગુમાયું પણ ખરું.કુદરતે આ વખતે એક પાસું મજબુત જરૂર બનાવ્યું.જેવા પાણી ઓશર્યા એટલે તુરંત સેવાભાવી સંસ્થાઓમાં જોડાયેલા લોકો જાણે પોતાના વહાલસોયાનું મૃત્યુ થયું હોય તેવી રીતે ખભેખભો મિલાવીને નિરાધરોનો આધાર બનવા આવી પહોચ્યાં. ઘણી બધી સ્વૈચ્છિક સંસ્થાઓએ સેવા કરવાનું બિડું ઝડપ્યું હોય તેમ અઢળક સેવાઓ કરીને પુણ્યનું ભાતુ કમાયાનો અહેસાસ કર્યો.ઠેર ઠેરથી રાહત સામગ્રી આવવા લાગી.જે કાંકરેજ અને ધાનેરા પંથકથી બિલકુલ અજાણ હતા. તેઓએ પણ આ મુલ્કના લોકોની સેવા કરવા કમર કસી.દૂર દૂરથી વાહનોમાં જીવનજરૂરીયાતની વસ્તુઓ પહોંચાડવામાં આવી. રસોઈની કીટ, કપડા, દવા, ફુડપેકેટ, ધાબળા, કંટાણ વગેરે આપીને નિરાધરોના આંસુ લુછવા જરૂર પ્રયાસ થયા. લાજવાબ કહી શકાય. અભિનંદનને પાત્ર થર્યા ખરા પણ લાડકવાયા સ્નેહીથી વિખુટા પડી ગયા તે ભરપાઈ કોણ કરશે..!તંત્રે પણ પોતાનાથી બનતો પ્રયાસ જરૂર કર્યો.હવાઈ જહાજનો આશરો લઈ અનેક લોકોને સલામત સ્થળે ખસેડવામાં સફળતા મળી, રાહત સામગ્રી પહોંચાડવામાં પણ ઉપયોગી થયાં. આર્મી, બી.એસ.એફના જવાનોના સાથ સહકારથી ઘણા લોકો મોતના મુખમાં જતાં રોકાયા.તંત્રે પણ લગભગ સરાહનીય કામગીરી કરી કહેવાય. મૃતકના વારસદારોને ઝડપથી રકમ ચુકવવી એ બાબતે તંત્ર વખાણવા લાયક જરૂર કહેવાય પરંતુ હજુ પણ સાચી રીતે કેટલા મોતને ભેટ્યા છે.? કેટલાક નાં ઢોર ઢાંખર મરાણાં છે..? કેટલાકની જમીન બગડી ગઈ છે.? તેનું સાચું સર્વેક્ષણ કરીને જેને જે નુકશાન થયું છે.તેને યોગ્ય વળતર આપવામાં આવે તે જરૂરી છે.(બનાસકાંઠામાં પૂરની સ્થિતિ બાદ પાણી ઓશરી રહ્યા હતાં તે વખતે આ લખાયું છે.)

**પ્રવીણ એમ.નાઈ**
**રતનગઢ**
**(તા.કાંકરેજ)**

# બિટબેનો ક્રિપ્ટોકરન્સી ટ્રેડિંગમાં પરિવર્તન લાવવા માટે ભારતમાં પ્રવેશ




બિટબે દ્વારા ભારતમાં ક્રિપ્ટો કરન્સીના ટ્રેડ અને એક્સચેન્જ માટે સમર્પિત મંચ શરૂ કરવામાં આવ્યું છે. બિટબે ૨૦૦,૦૦૦ થી વધુ ઉપભોક્તાઓ સાથે દુનિયામાં ટોચનાં ૧૦ ક્રિપ્ટોકરન્સી ટ્રેડિ" મંચમાંથી એ એક છે. તે બિટકોઈન, લાઈટકોઈન, ઈથર, લિસ્ક, મોનેરો, ડેશ અને પ્રેમક્રેડિટ્સની લેવેચ અને ટ્રેડ કરવા માટે આસાન અને સુરક્ષિત રીત છે. બિટબે ઈન્ડિયાનો મુખ્ય હેતુ ક્રિપ્ટોકરન્સી વિશે બધી ખોટી માન્યતાઓ દૂર કરવાનો, વધુ લોકોને ડિજિટલ કરન્સીઝ પ્રત્યે દોરવાનો, બજારમાંથી સંભવિત રોકાણકારોને આકર્ષવાનો અને બિટબે ખાતે ઘણી બધી ક્રિપ્ટોકરન્સીઝ ટ્રેડ અને એક્સચેન્જ કરવા માટે પરિપૂર્ણ મંચ પ્રદાન કરે છે. કોર્ટયાર્ટ મેરિયટ હોટેલ ખાતે બ્લોકચેઈન કોન્ફરન્સમાં બિટબેના સીઈઓ સિલ્વેસ્ટર સુસઝેક અને બિટબે ઈન્ડિયાના હેડ રોહિત દાહડાએ તેમની આ નાવીન્યપૂર્ણ પ્રોડક્ટ વિશે માહિતી આપી હતી.બિટબે ઈન્ડિયાના ઘણા બધા એવા લાભો છે, જે હાલમાં અન્ય એક્સચેન્જો પર ઉપલબ્ધ નથી. આ લાભોમાં ઘણી બધી ક્રિપ્ટોકરન્સીઝનું ટ્રેડ અને એક્સચેન્જ, કોલ્ડ વોલેટ્સ પોલિસી અને ૨એફએ ઓથેન્ટિકેશન સોલ્યુશન્સ સહિત ઉચ્ચ સ્તરીય સલામતી ધોરણો પૂરાં પાડતી તે એકમાત્ર કંપની છે. વિશ્વના ટોપ પેમેન્ટ "દાતાઓ અને સ્થાનિક ઉત્તમ સેવાઓ સાથે સહકાર સાધીને બિટબે ઈન્ડિયા ઉપભોક્તાઓ માટે સુરક્ષિત અને ઝડપી ડિપોઝિટ્સ અને ઉપાડ માટે ઘણા બધા વિકલ્પો આપે છે. બિટકોઈન ઉપરાંત બિટબે ઈન્ડિયા સ્થાનિક કરન્સી રાખવા અને ટ્રેડ કરવા માટે ૬ વધુ ક્રિપ્ટોકરન્સી ઓફર કરશે. ૧૦મીથી ૨૪મી ઓગસ્ટ સુધી બિટબે અસલી નાણાંનો ઉપયોગ કર્યા વિના ઉપભોક્તાઓને ક્રિપ્ટોકરન્સીઝનું ડેમો ટ્રેડિંગ અને એક્સચેન્જ કરવા માટે સુવિધા આપશે, જેને લીધે ઉપબોક્તાઓ બિટબેની કામગીરીનાં દરેકેદરેક પાસાંઓને સમજી શકશે.

# ડો. સોનલ દલાલ, સિનિયર કન્સલન્ટન્ટ નેફ્રોલોજી, ગુજરાત કિડની ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા અંગદાન દિવસ

આપણે ઓર્ગન ડોનેશન ડેની ઉજવણી કરી રહ્યાં છીએ ત્યારે એ હકીકત જાણી લેવી જરૂરી છે કે ભારતમાંકાર્યક્ષમ અને તાલીમબદ્ધ કાઉન્સેલર્સની તાતી જરૂર છે. તેની સાથે લોકોને પણ અંગદાન કરવાની સંમતિ આપવામાટે પ્રેરિત કરવા આવશ્યક છે. દાતા અને જોક્ટને સમજાવવા એ કઠિન કામ છે અને માત્ર તાલીમબદ્ધ કાઉન્સેલર જઆ કામ કરી શકે છે. લોકો ટ્રાન્સપ્લાન્ટ માટેના અંગની રાહ જોતા અવસાન પામે છે અને તેનું કારણ માત્ર એટલુંહોય છે કે કોઈ તેમના સુધી પહોંચતું નથી અને તેઓને સંમતિ માટે તૈયાર કરાતા નથી.સંભવિત અવસાન પામેલ દાતાની શોધથી માંડીને મૃતકના પરિવારને સમજાવવાની અને તેમની સંમતિ લેવાની,પેપરવર્ક કરવાની અને સુરક્ષિત કરાયેલ અંગ જરૂરિયાતવાળા દર્દી સુધી પહોંચાડવાની કામગીરી કાઉન્સેલર નિભાવેછે – આ બધું જ ટૂંકા ગાળામાં કરવાનું હોય છે. લાશમાંથી અંગોનું દાન અઅને તેનું અન્ય દર્દીમાં ટ્રાન્સપ્લાન્ટ કરવા સુધીની કામગીરીમાં મેડીકલ, પેરામેડિકલ અને નોનમેડિકલ લોકો સામેલ હોય છે. જે લોકો આ નેટવર્કના મૂળમાંહોય છે તે ટ્રાન્સપ્લાન્ટ કોઓર્ડિનેટર્સ હોય છે કે પ્રોફેશનલ્સ હોય છે જેઓએ આ જિગ્સો પઝલ પૂરી કરવાની છે જેમાંકમ્યુનિકેશન, મેનેજમેન્ટ અને પીપલ હેન્ડલિંગ સ્કીલ્સ તેઓમાં હોય એ આવશ્યક છે.ભારતમાં અંગદાન કરનારા લોકોની ભારે અછત છે એ હકીકત છે. દર વર્ષે એક થી દોઢ લાખ કિડનીની જરૂર પડેછે પણ માત્ર ૩૫૦૦થી ૪૦૦૦ જેટલી કિડની જ ટ્રાન્સપ્લાન્ટ થઈ શકે છે. એવી જ રીતે દર વર્ષે ૧૫૦૦૦થી ૨૦૦૦૦ જેટલા લિવરની જરૂર પડે છે પણ માત્ર ૫૦૦ લિવર જ ટ્રાન્સપ્લાન્ટ થઈ શકે છે.અવસાન પામનારી વ્યક્તિ તરફથી અંગદાનની સંમતિનો અભાવ, અવેરનેસનો અભાવ અને તુમારશાહીના કારણેભારતની ઓર્ગન ડોનેશન સિસ્ટમ નબળી છે. જેમાં અન્ય એક કારણ પણ સામેલ છે તે તાલીમબદ્ધ ટ્રાન્સપ્લાન્ટેડ કોઓર્ડિનેટર્સની અછત.

*ગુજરાત ફોરચ્યુન જાયન્ટસ પાસે પીકેએલનો સચિન*

# ગુજરાત ફોરચ્યુન જાયન્ટસો યુમુમ્બાને ૩૯-૨૧ની ભારે સરસાઈથી પરાજીત કર્યુ



ગુજરાત ફોરચ્યુન જાયન્ટસ શુક્રવારની મેચમાં યુ મુમ્બાને ૩૯-૨૧ પોઈન્ટથી હરાવી ૧૩ પોઈન્ટ સાથે પૂણેરીપલ્ટન(૧૧) થી આગળ નીકળી ગયું છે. ગુજરાત ફોરચ્યુન જાયન્ટસ માટે કબ્બડીના,સચિનનો ઉદભવ થયો છે. સચીન તાવર (૮) અને રોહિત ગુલીયાના (૯) પોઈન્ટ દ્વારા બંને વચ્ચે ૧૭ પોઈન્ટ હાંસલ કરીને વીવો પ્રો કબડ્ડીલીગની સિઝન-૫ની અમદાવાદમાં અરેના બાય ટ્રાન્સસ્ટેડીયા ખાતે રમાયેલી મેચમાં યુ મુમ્બાને ૩૯-૨૧ પોઈન્ટથીપરાસ્ત કર્યું હતું. બીજો વિજય હાંસલથવાની સાથે ગુજરાત ફોરચ્યુન જાયન્ટસના ચાર મેચમાં ૧૩ પોઈન્ટ થયા છેઅને તે ઝોન એમાં ટોચના સ્થાને પહોચી ગઈ છે. ગુજરાત ફોરચ્યુન જાયન્ટસ દ્વારા તેમના હોમ લેગ કેમ્પેઈનમાં કેપ્ટન સુકેશ હેગડેએ ખાતુ ખોલાવી ધમાકેદારશરૂઆત કરી હતી. તુરત જ યુ મુમ્બા તેની ડુ ઓર ડાઈ રેડ ગુમાવી હતી. અને ગુજરાત ફોરચ્યુન જાયન્ટસના ભરાદા સ્પષ્ટ થઈ ગયા હતા.સ્ટાર ડિફેન્ડર અબોઝર મિઘાની અને ફેઝલ અત્રાચલીએ યુ મુમ્બાના રેઈડર્સ અનુપકુમાર અને શબીર બાપુને સાતમિનીટમાં જ બેન્ચની અંદર ધકેલી દીધા હતા. અબોઝરને ૫ ટેકલ પોઈન્ટ મળ્યા હતા.ગુજરાત ફોરચ્યુન જાયન્ટસે પહેલી ૧૦ મિનીટમાં જ ઓલ આઉટ કરવાની સિધ્ધિ હાંસલ કરી લીધી હતી. હોમટીમેના ડિફેન્સ દ્વારા કાશીલીગ અડાકેને ટ્રેપમાં ફસાવ્યો ત્યારે જ બીજુ ઓલ આઉટ ફર્સ્ટ હાફની છેલ્લેથી બીજીમિનીટમાં જ પ્રાપ્ત થયું હતું.

હાફ ટાઈમમાં જાયન્ટસ ૨૦-૬ પોઈન્ટથી આગળ નીકળી ગયા હતા. યુમુમ્બાએ સેકન્ડ હાફમાં મેચમાં પાછા ફરવાનો પ્રયાસ કર્યો પણ લીડને પહોંચી શકવુ મુશ્કેલ હોવાથી આ સ્થિતિ ખૂબ ટૂંકા ગાળાની બની રહી.૩૦ મિનીટ પછી ટાઈમ આઉટ વખતે જાયન્ટસ ૧૩ પોઈન્ટની તંદુરસ્ત સરસાઈ સાથે વખતે ૨૬-૧૩થી આગળનીકળી ગયા હતા. રોહિત ગુલિયાના સ્માર્ટ એટેકને કારણે યુ મુમ્બા ખૂબ જ કટોકટી ભરી હાલતમાં મુકાઈ ગયુ હતુ. દિશાહીન થઈને મેચના તમામ પાસાંમાં પાછળ રહી ગયું હતું.

# મુખ્યમંત્રીના આગમન પૂર્વે થયું વૃક્ષોનું રોપણ... કેટલું વ્યાજબી?

**વૃક્ષો પર બાંધી રક્ષા અનેજતન કરવાની પ્રતિજ્ઞા લેતા શાળાના બાળકોનો સ્તુત્ય પ્રયાસ... આજનો નાગરિક ભાવિ નાગરિક સામે થયો વામણો પૂરવાર..**

પ્રાત:કાલ થાય અને નજીકના વૃક્ષ એપાર્ટમેન્ટમાં પક્ષીઓનો કલરવ સંભળાવા લાગે.. ત્યારે મારું મૌન મન પણ પ્રફુલ્લિત બની જાય અને વૃક્ષ દેવતાને પ્રણામ થઈ જાય.

પણ.. ઘણા વીરપ્પનો આ વૃક્ષોને કાપવા લાગ્યા છે. ત્યારે વૃક્ષોની સંખ્યા પ્રત્યેક માનવીના જરૂરિયાત કરતા ઘટવા માંડ્યા છે. ત્યારે પ્રાણ વાયુનો પ્રશ્ન સર્જાશે.. તે વાતે સમાજશાસ્ત્રી ચિંતિત બન્યા છે.

આ અંગે વિચારતો હતો ત્યાં જ એક મેસેજ ઝળક્યો..

પાણી વગરની નદી શું કામની?




અતિથિ વગર આંગણું શું કામનું?

વૃક્ષ ના વાવો તો ચોમાસુ નકામું?

વાહ, વૃક્ષોનું વાવેતર કરી જતન કરવાની ખેવના ધરાવનારાઓ દ્વારા વોટ્સએપનો સુંદર ઉપયોગ કરાઈ રહ્યો છે.

દરમિયાન હું વડોદરાની માય એપલ સ્કુલના આચાર્યા સ્તુતિબેન વૈષ્ણવને મળ્યો. હમણાં હમણાં જ રક્ષાબંધન પર્વ ગયું હોવાથી તેમની શાળાના પ્રાયમરી વિભાગના ભૂલકાઓએ નક્કામી વસ્તુ ભેગી કરીને સુંદર મજાની રાખડી બનાવી અને શાળાના પ્રાંગણ તેમજ નજીકમાં લહેરાતા વૃક્ષોને બાંધીને વૃક્ષબંધનનું અનોખું પર્વ ઉજવ્યું. જેમાં બાળકોએ વૃક્ષોને વાવીને તેનું સંવર્ધન કરવા પ્રતિજ્ઞા લીધી હતી. સાથોસાથ એકેડેમીક કો-ઓર્ડિનેટર અમીબેન મણીયાર દ્વારા રક્ષા પર્વ અને વૃક્ષ પર્વની રજુઆત કરાઈ હતી. એ જાણી ભાવિ નાગરિકોને ઘડતર કરનારાઓએ વૃક્ષનું મહાત્મ્ય સમજાવ્યું તેનો આનંદ થયો.

પણ એ આનંદ વધુ એટલે ના ટક્યો કારણ ૧૫ મી ઓગષ્ટના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી માટે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વડોદરા આવવાના હોવાથી રાજમહેલ રોડ પરના માર્ગ વચ્ચેના થોડા સમય પહેલા બનાવાયેલા ડિવાઈડરને તોડી તેમાં મુખ્યમંત્રીને ગમે તે હેતુ વૃક્ષો વાવ્યા, હવે તો કેટલા ટકશે? અને કેટલા લહેરાશે? તે પ્રશ્ન પ્રશ્ન જ રહ્યો છે. ત્યારે આજના કેટલાક નાગરિક વૃક્ષો વાવવાનું કામ એક દેખાવ માટે કરતા હોય તેમ લાગતા મનમાં ટીસ ઉપડી છે.

તંત્રી દ્વારા ઝાડવા વાવવા માટે સાચા અર્થમાં પ્રયાસ થાય તે ખરેખર જરૂરી છે. આપ શું માનો છો? એ મને મેઘ વર્ષા, ૧૪ સપ્તગિરિ સોસાયટી નં.૩, સાંઈ મંદિર અને બગીચા પાછળ, વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર વડોદરા-૩૯૦ ૦૧૧ અથવા મો.૯૯૨૫૬ ૨૮૪૯૮ પર જણાવશો હોં કે...!

**સંવેદના: દરેક વસ્તુની કિંમત સમય આવે ત્યારે જ થાય છે..**

મફતમાં વૃક્ષ દ્વારા મળતો ઓક્સિજન હોસ્પિટલોમાં કેવો વેચાય છે..

**મનિષ જોષી,'મૌન'**
**વડોદરા**

# સાપુતારામાં ૮મો મોનસુન ફેસ્ટિવલ રાજ્યના આદિજાતિ વિકાસ, વન અને પ્રવાસન મંત્રીની હાજરીમાં આરંભ કરાશે




સાપુતારા

ગુજરાત રાજ્યમાં પ્રવાસનને પ્રોત્સાહન મળી રહે તે માટે પ્રવાસન વિભાગ દ્વારા વિવિધ ફેસ્ટિવલની ઉજવણીની પરંપરાને આગળ વધારતા આ વર્ષની ૧૨ મી ઓગસ્ટ થી ૧૦ મી સપ્ટેમ્બર, એમ એક મહિનાના સાપુતારા મોનસુન ફેસ્ટિવલનો પ્રારંભ થઈ રહ્યો છે. જે તારીખ૧૨ ઓગસ્ટ અને રોજ સાંજે ૪:૩૦ કલાકે સાપુતારા લેક, બોટ હાઉસ ગ્રાઉન્ડ, સાપુતારા ખાતે કરવામાં આવશે. સાપુતારાનો સમગ્ર વિસ્તાર બેજોડ ખૂબસુરત છે. ચોમાસા દરમિયાન વનરાઈ, પક્ષીઓ અને કુદરતી સુંદરતા તેમાં ચાર ચાંદ લગાવી દે છે. આ મોસમમાં સમગ્ર વિસ્તાર તમરાઓના મધુરગાન અને પશુઓની ડણકના પડઘાઓથી ગુંજી ઉઠે છે. હવે, વિવિધ ઉત્સવો, તહેવારોની ઉજવણીમાં એક નવું પરિમાણ મોસમના આગમનને વધાવવાનું પણ ઉમેરાયું છે અને તે આ મૉન્સૂન ફેસ્ટિવલ ૨૦૧૭ ના સ્વરૂપમાં લોકો સમક્ષ રજૂ કરતા પ્રવાસન વિભાગ ખૂબ ઉત્સાહનો અનુભવ કરી રહ્યું છે.ગુજરાતનુ એક મોટુ હિલ-સ્ટેશન સાપુતારા ખાસ કરીને ચોમાસામાં આનંદદાયક બને છે. આ સમયદરમ્યાન જંગલી ટેકરા લીલાછમ અને ધોધ પ્રભાવશાળી બને છે. જંગલી ફૂલો ખીલી ઉઠેછે. દરિયાથી મોટી ઉચાઈએ આવેલા પ્રદેશ જેમકે હિમાલય પર્વતમાળા ની સરખામણીમાં સાપુતારા ચોમાસામાં પણ સુલભ છે જેને કારણે ચોમાસામાં પીક સીઝનને લંબાવી શકાય છે. ટૂરિઝમકોર્પોરેશન આ તક ઝડપીને દર વર્ષે મોંનસૂન ફેસ્ટીવલ નુ આયોજન કરે છે. આ વર્ષના મોંનસૂન ફેસ્ટીવલ નુ ઉદઘાટન પ્રવાસન મંત્રી ગણપતસિંહ વસાવા દ્વારા તા. ૧૨મી ઑગસ્ટે કરવામા આવશે. ગુજરાત પાસે પર્યટકો માણી શકે તેવા ઘણા તેહવારો માંનો ઍક આ સાપુતારા મોંનસૂનફેસ્ટીવલ છે. આ વર્ષે ચોમાસુ બેઠુ કે સાપુતારા યજમાનની પેઠે તૈયાર થઈ ગયુ છે મોંનસૂન ફેસ્ટીવલને ઉજવવા. આ ફેસ્ટીવલ તારીખ ૧૨મી ઑગસ્ટથી શરૂ થશે કે છેક ૧૦ મી સેપ્ટેંબર સુધી.સાપૂતારા માં ૨૦૧૫-૧૬ના મોનસુન ફેસ્ટિવલ દરમિયાન પ્રવાસીઓની સંખ્યા ૨,૫૧,૪૪૦હતી. તેમજ મોનસુન ફેસ્ટિવલ દરમિયાન થત જુદી-જૂદી પ્રવૃતિઓના ભાગ રૂપે પ્રવાસીઓ દ્વારાખર્ચવામાં આવતા પૈસાથી સ્થાનિક લોકોને ૧૩.૧૯ કરોડનો ફાયદો થયો છે. જેથી સ્થાનિક લોકો પણ સમૃદ્ધ બન્યા અને આ ફેસ્ટિવલ નાના વિક્રેતાઓને વ્યાપારની તકો પૂરી પડે છે.સ્થાનિક આદિવાસી પ્રજા ડાંગીઑની જીવનશૈલી વિષે માહિતી મળે અને જાગૃતિ આવે તે માટે સાંસ્કૃતીક કાર્યક્રમોનુ પણ આયોજન કરવામા આવ્યુ છે.






# હવે ડાયાબિટીસની દવાઓથી રોકી શકાશે પ્રેન્ક્રિએટિક કેન્સર

પેંક્રીઅસ (અગ્નાશય) શરીરનું ખૂબ જ મહત્વપૂર્ણ અંગ ગણાય છે. આને પાચનગ્રંથી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ શરીરમાં હોર્મોન્સ બનાવવાનું કામ કરે છે અને પાચન ક્રિયામાં મદદ કરે છે. પેંક્રીઅસ કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન અને ફેટ તોડવામાં મદદ કરે છે. આ વ્યક્તિના શરીરમાં જમણી બાજુ અને પેટની પાછળની સાઈડે હોય છે. પેંક્રીઅસ કેન્સરને સાઈલેન્ટકિલર તરીકે પણ ઓળખવામાં આવે છે, કારણકે શરૃઆતમાં આ કેન્સરના લક્ષણોથી આની ઓળખ કરવી મુશ્કેલ બને છે અને ત્યારબાદ આના લક્ષણો દરેક વ્યક્તિમાં અલગ-અલગ હોય છે. પરંતુ પેંક્રીએટિક કેન્સરથી લડી રહેલ લોકો માટે હવે એક રાહતના સમાચાર છે. હાલમાં જ કરવામાં આવેલ એક સંશોધનમાં જાણવા મળ્યું કે, ડાયાબિટીસ રોકવાની એક સાધારણ દવા મેટફોર્મિન અગ્નાશય (પેંક્રીઅસ)ના કેન્સરને વધતુ રોકવામાં મદદરૂપ થાય છે. સંશોધન મુજબ, મેટફોર્મિન લેનારા ડાયાબિટીસના દર્દીઓને અગ્નાશયનું કેન્સર થવાનો ખતરો ઘટી જાય છે, જ્યારે અગ્નાશય (પેંક્રીઅસ)ના કેન્સરથી પીડિત વ્યક્તિ જો મેટફોર્મિન લે તો મૃત્યુનું જોખમ પણ ઓછું થઈ જાય છે. સંશોધકોએ જણાવ્યું કે, ટાઈપ ટુ ડાયાબિટીસની બીમારીમાં ઉપયોગમાં લેવાતી સામાન્ય દવા મેટફોર્મિન અગ્નાશય (પેંક્રીઅસ) કેન્સરમાં સોજો અને ફાઈબ્રોસિસને પણ રોકી શકાય છે.

# રસપ્રદ કિસ્સાઓ

## હોમીયોપેથીક એક સરળઉપાર

**ડો. જગદીશ ધોળકીયા**

**જીજ્ઞાસુ મિત્રો,**

હોમિયોપેથીક દવાઓ શ્રધ્ધાથી, વિશ્વાસથી તેમજ ધીરજ રાખી લેવામાં આવે તો ઘણાં સારાં પરીણામો આવી શકે છે.

અમુક કિસ્સાઓ તો એવા છે કે જેમાં વિશેષજ્ઞોએ જે રોગો અસાધ્ય જાહેર કરેલા તથા જે રોગોમાં વિભિન્ન ચિકિત્સા પદ્ધતિઓમાં રાહત ન થઈ હોય તેવા કેસોમાં પણ હોમિયોપેથીક દવાઓએ સારા પરીણામો આપ્યાં છે જેની આજે માહિતી મેળવીશું.

રસપ્રદ કિસ્સાઓ

૧.પાલનપુરના રંજનબેન કે જેની ઉંમર ૪૫ વર્ષની છે. તેમને ગઠીયો વા, છેલ્લા છ વર્ષથી હતો. તેઓને પ્રથમ હાથના આંગળીમાં સોજો આવ્યા ત્યારબાદ દુ:ખાવો શરૂ થયો. હાગથના આંગળામાંથી દુ:ખાવો ગરદનમાં પ્રસર્યો.. ગરદન હલાવી શકાતી નથી. ગરદન હલાવતાં પણ સખત વેદના થતી ત્યારબાદ કમ્મરમાં મણકામાં દુ:ખાવો શરૂ થયો.. દિવસે દિવસે તકલીફ વધવા લાગી. બગાસુ ખાય તો દુ:ખવા લાગે એટલુંજ નહીં ખોરાક ચાવવા માટે જડબાંને હલાવવામાં પણ વેદના થવા લાગી. તેઓએ અનેક વિશેષજ્ઞોને બતાવેલ અમદાવાદમાં તો દર છ કલાકે ભારે કિંમતના ઈંજેકશનો આપવાનું શરૂ કરવામાં આવ્યું. ઈંજેકશનના પાવરથી ત્રણ કલાક રાહત રહે પણ પછીના ત્રણ કલાકમાં વેદનામાં વધારો થવા લાગ્યું આ પ્રયોગ છ મહીના સુધી ચાલ્યો પણ અલ્પ સમય સુધી રાહત રહે પણ પછી દુ:ખાવો વધી જાય, દિવસે દિવસે દુ:ખાવાની તીવ્રતા વધવા લાગી. બહેનને ચાલવામાં કોઈપણ વસ્તુ હાથમાં પકડવામાં, ખોરાક ચાવવામાં, સીડી ચડવામાં વિગેરે ક્રીયાઓ કરવામાં સખત તકલીફ પડવા લાગી. તેઓને અમારા જુના દર્દીને ભલામણ કરતાં તેઓ અમારી પાસે આવ્યા..અમે તેઓને ધીરજ રાખવા જણાવેલ. તથા હોમિયોપેથીક દવા કામચલાઉ ફાયદો નહીં પણ કાયમી ફાયદો કરશે તેવી હૈયાધારણા આપી તેઓએ ખુબ જ વિશ્વાસથી, અમારામાં શ્રધ્ધા રાખી નિયમિત દવાનું સેવન શરૂ કર્યું. અમે ધીરે ધીરે જે દવાઓ ચાલુ હતી તે ઓછી કરી અને હોમિયોપેથીક દવાઓ લક્ષણ પ્રમાણે વધારી દીધી અને એક જ મહીનામાં તેમને પચાસ ટકા રાહત થઈઅને જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ શરૂઆતમાં ગરદનમાં ફાયદો થયો.હાથની આંગળીમાંથી દુ:ખાવો સંપુર્ણ બંધ થયો. ત્યારબાદ ક્રમશઃકમ્મર તેમજ પગનાં આંગળાં, સાંધા વિગેરેમાં દુ:ખાવો બંધ થયો અને અમારી સુચના પ્રમાણે હોમિયોપેથીક દવાનો કોર્ષ કરવાથીઆજે રંજનબેનને સંપુર્ણ આરામ થયેલ છે.

૨. રસપ્રદ કિસ્સો :૨. વડોદરાના દીપીકાબેન ઉ.વ. ૩૫ આજથી બે મહિના પહેલાં અમારા કલીનીકમાં આવેલાં તેમને છેલ્લા એક વર્ષથી આખા શરીરનાં નાના મોટાં બધાં જ સાંધામાં દુ:ખાવો રહેતો હતો. દુખાવો એટલો તીવ્ર તેમજ અસહ્ય રહેતો કે તેઓ પડખું પણ ફરી શકતા નહીં. હાથનાં આંગળાં સુઝી ગયેલાં પગમાં સોજા, પેશાબ ઓછો આવે, યુરીક એસીડ વધારે, કીડનીમાં પથરી, કબજીયાત એસીડીટી, મળ સુકાય, ઉંઘ આવે નહીં, હાથમાં કાંઈ જ પકડી શકે નહીં. ભોજન પણ તેમના સાસુ ચમચીથી ખવરાવે, સાત દિવસમાં બેથી ત્રણ વાર તાવ આવે, ગળું સુકાય, પાણીની ખુબ જ તરસ લાગે, સારી વાત એ હતી કે આટલી તકલીફ હોવા છતાં તેમને ડાયાબીટીસ નહોતું, હૃદયની કોઈ જ તકલીફ નહોતી, ફકત વા તેમજ પેટના રોગો સિવાય કોઈ જ વ્યાધિ નહોતી. ભુતકાળમાં ‘બેલા’ નામનો રોગ હતો. આ એક વાઈરલથી થતો રોગ છે. તેમાં ભવિષ્યમાં શરીરના અમુક ઓર્ગન્સમાં ખુબ જ તકલીફ પડી શકે છે. તેમને લાંબા સમયથી તકલીફ હોઈ અનેક વિશેષજ્ઞોએ દવા આપવા છતાં કોઈ જ રાહત થયો નહીં. અમે તેમને હોમિયોપેથીક દવા શ્રદ્ધાથી, ધીરજથી લેવા જણાવેલ

અનુસંધાન પાના નં.૬ ઉપર

# મહામારી સ્વાઇન ફ્લુ ને અટકાવો

## આયુર્વેદનું અમૃત

**વૈદ્ય મહેશ અખાણી**

તમે રાત્રે રમાતી ક્રિકેટ મેચ જોઈ હશે, હજારો વોલ્ટ ના હેલોજન બલ્બ ના પ્રકાશ પાસે માણસ જાય તો શેકાઈજાય પરંતુ તે બલ્બ પાસે અસંખ્ય જીવાત ઉડતી આપણને જોવા મળે. જયારે હજારો કી.મી દૂર રહેલા સૂરજદાદા ના પ્રકાશથી બધીજ જીવાત દૂર થઈ જાય. મંદાગ્ની, કફ ને જીવાત જન્ય રોગો દૂર થઈ જાય. તેથીજ તો સૂર્ય એ માત્ર પ્રકાશ નો ગોળો નથી, તે તો છે જ્ઞાન, હુંફ- ઉષ્મા ને જીવન દાતા દેવ છે. દરરોજ સૂર્ય નમસ્કાર પ્રત્યેક વ્યક્તિએ કરવા એ ઉપાસનાછે, કૃતગ્નતા છે, માણસાઈ છે.સતત વરસાદ ના વાતાવરણ થી ચારેબાજુ ફેલાતી ગંદકી ને જીવાત અને જયારે સૂર્ય ના દર્શન દુર્લભ થાય ત્યારેનીતનવા રોગો ફેલાય. અગ્નિ નબળો પડે, પાચન બગડે, વાતાવરણ માં આખા વર્ષ માં સૌથી વધુ વાયુ નો પ્રકોપ થાય નરશરીર માં કફ નો પ્રકોપ થાય તેથી વાતકફ થી થતા રોગો થાય. ફ્લુ ને આયુર્વેદ માં વાતકફજ જવર કહે. સ્વાઈન ફ્લુ એટલે H1 N1 નામના વાયરસ થી ફેલાતો વ્યાધી.તેથી આપણે વાત કફ જવર ને સમજીએ ને તો પણ સ્વાઈન ફ્લુ ને અટકાવી શકીએ.

વિશેષ કરી ને જયારે ઠંડી થી આવતો તાવ, ખાંસી, શરદી, ગળા માં અવરોધ સ્વરૂપે દેખાય છે તેને આપણે ફ્લુ કેવાત કફજ જવર કહીએ છીએ. વિશેષ માં માસપેશીઓ માં દર્દ, અકળાઈ જાય, માથામાં અતિશય દુ:ખાવો, સતત ખાંસીરહે, કામ વગર પણ થાક લાગે, તાવ સતત વધતો જાય ત્યારે સ્વાઈન ફ્લુ જાણી શકીએ.

આ રોગ ને આવતો અટકાવવા ના કેટલાક આયુર્વેદ ઉપાય આ પ્રમાણે છે.

૧. પાંચ પાન તુલસી ના, પાંચ ગ્રામ આદુ, ચપટી કાળા મરી નો પાવડર અને તેટલી જ હળદર એક કપ ગરમ પાણીમાં ઉકાળી ને દિવસ માં બે થી ત્રણ વખત પીવું.

૨. લીમડાના વૃક્ષ ઉપર ની ગળો ની વેલ ના એક વેંત જેટલા ટુકડા ને વેંઢાં જેવડા ટુકડા કરી ને – કુટી ને રાત્રે પાણીમાં પલાળી સવારે ઉકાળી ને પીવું. અને તે રીતે સવારે પલાળી ને સાંજે ઉકાળી ને પીવું જોઈએ.

૩. ગળો સત્વ પણ અડધો ગ્રામ ની માત્રા માં મધ સાથે દિવસ માં ત્રણ વખત લેવું .

૪. હળદર અડધી ચમચી મધ કે દૂધ ( ગાયનું ) સાથે પીવું.

૫. અડધી ચમચી આમળા ચૂર્ણ અડધો કપ પાણી માં મેળવીને સવારે સાંજે પીવાથી રોગ પ્રતિકારક શક્તિ વધે છે.

૬. કપૂર અને ઈલાયચીના પાવડરની પોટલીને વારંવાર સુંઘવા થી સ્વાઈન ફ્લુ ના જંતુ ઓ દુર થાય છે.ઘરેલું ઔષધ કે જે નિયમીત દર્દ વિના પણ લઈ શકાય જેથી રોગ આવે જ નહિ.

- સુદર્શન ઘનવટી કે સુદર્શન ચૂર્ણ ૧-૧- ૧ ટીકડી અથવા ચૂર્ણ અડધી – અડધી ચમચી ગરમ પાણી સાથે ઘરના

બધા સભ્યો એ સાથે લેવાથી વાત કફ જવર નો પ્રતિકાર થશે.

- અન્ય ઔષધો લક્ષ્મીવિલાસ રસ , ત્રિભુવન કીર્તિ રસ, સીતોપલાદી ચૂર્ણ, યષ્ટિમધુ ચૂર્ણ, અભ્રક ભસ્મ, પ્રવાલ

પીષ્ટિ, શ્રુંગ ભસ્મ, વસંતમાલતી રસ, શ્વાસ કાસ ચિંતામણી રસ જેવા ઔષધો નિષ્ણાંત વૈદ્ય ના માર્ગદર્શન થીલઈ શકાય.

ઉપરોક્ત પ્રયોગો કે જે ઘરેલું છે તે બધાજ ઉપાયો કરવા જરૂરી નથી પરંતુ અનુકુળતા આવે તો તે જરૂર કરવા

જોઈએ અને ઔષધ પ્રયોગો વૈદ્ય ના માર્ગદર્શનથી જ અપનાવવા.

**વૈદ્ય મહેશ અખાણી વૈદ્ય પરાશર મ.**
**કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર)**
**મો.૯૪૨૬ ૩૯૯૧૨૫**

# ૪૦ વટાવ્યા પછીના અનિવાર્ય મેડિકલ ટેસ્ટ

## સાઈકોથેરાપીસ્ટ

મેડિકલ ટેસ્ટ કરાવવાથી બે લાભ થાય છે. પહેલો એ કે તમે પૂરેપૂરા તંદુરસ્ત છો તેની ખાતરી થઈ જાય છે અને બીજુ એ કે કદાચ કોઈ બીમારી હોય તો સમયસર તેના લક્ષણ દેખાય છે અને તેનો ઈલાજ વેળાસર શરૃ કરી શકાય છે

બહેનોને એક કુટેવ હોય છે કે જ્યાં સુધી પથારીમાં પડવાનો વારો ન આવે, ત્યાં સુધી તેઓ ડૉક્ટર પાસે જવાનું પસંદ કરતી નથી. પરંતુ કોઈ પણ સ્ત્રી ૧૮ વર્ષની હોય કે ૮૦ વર્ષની, તેણે વર્ષમાં એકવાર પોતાના શરીરની ડૉક્ટરી તપાસ કરાવવી ખૂબ જ જરૃરી છે. આવી તપાસ કરાવવાથી બે લાભ થાય છે. પહેલો એ કે, તમે પૂરેપૂરાં તંદુરસ્ત છો, તેની ખાતરી થઈ જાય છે અને બીજો એ કે, કદાચ કોઈ બીમારી હોય, તો સમયસર તેનાં લક્ષણ દેખાય છે અને તેનો ઈલાજ વેળાસર તેમજ વ્યવસ્થિત શરૃ કરી શકાય છે. પરિણામે ખતરનાક બીમારીઓથી બચી શકાય છે. અહીં આવી જ કેટલીક ડૉક્ટરી તપાસની માહિતી આપવામાં આવી છે.આપણા શરીરને સતત શર્કરાની જરૃર હોય છે, જે આપણને ભોજનમાંથી મળતી હોય છે. જમ્યા પછી ઈન્સ્યુલિન શર્કરાને વિભાજિત કરી શરીરના વિવિધ કોષો અને અંગોમાં વહેંચે છે. એમાંથી ઉર્જા ઉત્પન્ન થાય છે, પરંતુ જે વ્યક્તિના શરીરમાં ઈન્સ્યુલિનનું પ્રમાણ ઓછું હોય અથવા તો શરીરમાંનું ઈન્સ્યુલિન સરખી રીતે કાર્ય ન કરતું હોય, તેને ડાયાબિટીસની તકલીફ હોય છે. આવા કેસમાં શર્કરા લોહીમાં જ રહી જાય છે. બ્લડ ગ્લુકોઝ ટેસ્ટ કરાવવાથી જો લોહીમાં શર્કરાનું પ્રમાણ વધારે દેખાય, તો એ પરથી ખબર પડે છે કે તે વ્યક્તિને ડાયાબિટીસ થયો છે. આવી રીતે જો બીમારીનાં લક્ષણ શરૃઆતમાં જ ઓળખાઈ જાય, તો આપણે પરેજી પાળીને અને યોગ્ય દવાઓ લઈને રોગ પર નિયંત્રણ મેળવી શકીએ છીએ.કિડનીને લગતા રોગોની તપાસ કરવા માટે આ પરીક્ષણ કરાય છે. બ્લડ યુરિયા નાઈટ્રોજન શરીરનો કચરો છે, જે પેશાબ સાથે બહાર નીકળે છે. જો કિડની પેશાબ ગાળવાનું કામ સારી રીતે ન કરી શકે, તો આ હાનિકારક પદાર્થ લોહીમાંથી છૂટો પડતો નથી. શિરામાંથી લીધેલા લોહીના નમૂનાની ચકાસણીથી આ પદાર્થ લોહીમાં છે કે નહીં તેની ખબર પડી જાય છે.બ્લડ કાઉન્ટની તપાસ લોહીની ઉણપ અથવા લોહી સંબંધી અન્ય બીમારીઓ જાણવા માટે ખૂબ જ જરૃરી છે. આ ટેસ્ટથી લોહીમાંના હિમોગ્લોબિનનું પ્રમાણ જાણી શકાય છે. હિમોગ્લોબિનનું ઓછું પ્રમાણ લોહીની ઉણપનું લક્ષણ છે. પ્લેટલેટ્સ ઘામાંથી વહેતા લોહીને જમાવીને વહેતું બંધ કરવામાં સહાયક બને છે.

જો આપણા શરીરમાં કોઈ ચેપ લાગ્યો હોય, તો તે ચેપ વાઈરસ, બેક્ટેરિયા કે પેરોસટિક છે, તે આ પ્રકારના ટેસ્ટથી જાણી શકાય છે. લોહીનો થોડો નમૂનો લઈને આ બધી તપાસ કરાય છે.છાતીમાં હૃદય, ફેફસાં, નક્કર હાડકાનું માળખું, પાંસળીઓ વગેરે કેટલાંય મહત્ત્વનાં અંગો હોય છે. એક્સ-રે દ્વારા ફેફસાનાં ટીબી તેમજ હૃદયની બીજી બીમારીઓની ખબર પડી જાય છે. ડૉક્ટર સલાહ આપે, ત્યારે એક્સ-રે ચોક્કસ કરાવવો જોઈએ.આનાથી હૃદયની કાર્યક્ષમતા અને હૃદયને લગતી બીમારી વિશે જાણી શકાય છે. હૃદયની પ્રત્યેક ધબકારાની સાથે વિદ્યુતતરંગ ઉત્પન્ન થાય છે, જે હૃદયમાં ફેલાય છે. આનાથી હૃદયના સ્નાયુ સંકોચાઈને લોહીને શરીરમાં આગળ ધકેલે છે. હાટ-'એટેક, અનિયમિત હૃદયગતિ હૃદયનું કદ વધવું કે હૃદયનું ફૂલવું વગેરે જેવાં કષ્ટ થાય, ત્યારે આ તરંગો પર તેની અસર થાય છે, તેથી ઈ.સી.જી. બરાબર નથી આવતું. કોઈ કોઈ વાર આ પરીક્ષણ પણ કરાવી લેવું જોઈએ.

આ પરીક્ષણ માટે ટેક્નિશિયન અને ડૉકટર ટેબલ પર સીધાં સુવડાવી દે છે. ઈલેક્ટ્રોડ તરીકે ઓળખાતી ધાતુની ચાર પ્લેટોને કોણી અને કાંડા પર લગાવી દેવાય છે. પાંચમો ઈલેક્ટ્રોડ ટેક્નિશિયન દર્દીની છાતી પર આમતેમ ફેરવી ફેરવીને મૂકે છે. આ માટે છાતી પર એક કંડક્ટિંગ પેસ્ટ લગાવાય છે. બધા ઈલેક્ટ્રોડના તાર ઈ.સી.જી. મશીનની સાથે જોડાયેલા હોય છે. એની મદદથી તમારા હૃદયના-વિદ્યુતરંગો એક ગ્રાફ પેપર અંકિત થઈ જાય છે. કોઈપણ પ્રકારના સ્ત્રીરોગની શંકા પડતાં સ્ત્રીરોગ નિષ્ણાત આ પરીક્ષણની સલાહ આપે છે. આ પરીક્ષણથી સરવાઈકલ કેન્સરની પ્રાથમિક અવસ્થાનો ખ્યાલ આવી જાય છે. એટલે સમયસર સાચો ઈલાજ થવાથી કેન્સર જેવી બીમારીથી બચી શકાય છે. આ પરીક્ષણ માટે ડૉક્ટર યોનિમાર્ગમાં એક યંત્રની નળી રાખે છે, જેને સ્પેકુલમ કહે છે. યોનિમાર્ગમાંથી કોષનો નમૂનો લઈને તેની તપાસ કરે છે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

# કન્યા કેળવણી માટે ‘કન્યા કેળવણી’ અભિયાન નહીં પણ હવે ‘વાલી કેળવણી’ અભિયાન ચલાવો...

## મન બિલોરી કાચ

**મંજુ પ્રજાપતી**

દીકરો જ વ્હાલનો દરિયો એવું કહેવું પડે તેમ છે.

હજુ આજે પણ આપણો સમાજ કેટલાક પૂર્વગ્રહોથી પીડાય છે, પુત્ર પુત્રીની સરખામણીએ પુત્રને વધુ મહત્વ આપનારા માતા પિતાની સંકૂચીત માનસિકતાને કારણે પુત્રી પછાત જ રહી જાય છે.

મધ્યમ કે ગરીબ વર્ગના પરિવારો પુત્રી કરતા પુત્રની અપેક્ષા વધુ પ્રમાણમાં રાખે છે. સામાજીક, શૈક્ષણિક અને વ્યવસાયિક રીતે પુત્રીને નહીં પરંતુ પુત્રને જ વધુ પ્રોત્સાહન આપવામાં આવે છે. દીકરીને આગળ ધપવાની પૂરતી તકો આપવામાં વાલીને ખાસ કશો ઉત્સાહ હોતો નથી.

દીકરી તો વ્હાલનો દરિયો એવું દંભી ભાષણોમાં બોલવું અને વાર્તા નવલકથામાં વાંચવું ખૂબ જ સારું લાગે છે, ખરેખર એવું કશુંજ હોતું નથી વાસ્તવિકતા કાંઈક જુદી જ હોય છે.

હાલ પ્રવર્તતી પરિસ્થિતિ ઉપર નજર નાંખીએ તો તૂર્ત જ ખ્યાલ આવી જશે કે દીકરી વ્હાલનો દરિયો એમ કહેવાને બદલે દીકરો જ વ્હાલનો દરિયો એવું કહેવું પડે તેમ છે દીકરા માટેની અને દીકરા પ્રત્યેની લાલસા સતત વધતી જાય છે, દીકરીને જન્મ લેતા પૂર્વે જ મોતના મ્હોમાં ધકેલી દેતા ક્રૂર માતા પિતાને ભલા દીકરી પ્રત્યે શું વ્હાલ હોય ? દીકરી વ્હોલનો દરિયો ભલા તેમના માટે કેવી રીતે હોઈ શકે ?

દીકરીને પર્યાપ્ત શિક્ષણ મળી રહે તે માટે સરકારે કન્યા કેળવણી અભિયાન અને માતૃવંદના: બેટી બચાવો અભિયાન ચલાવવા પડે છે. એ જ સૂચવે છે કે આપણા સમાજને હજુ વધુ શિક્ષિત બનાવવો પડશે. દીકરી ભણી ગણીને પોતાના પગ ઉપર ઉભી થઈ શકે અને સમાજ પોતાનું એક આગવું સ્થાન પ્રાપ્ત કરી બે કૂળને તારી શકે એટલી હદે તેણીને સક્ષમ બનાવવાથી એક શક્તિશાળી સમાજનું નિર્માણ કરવાની દિશામાં માનવ સમૂદાય આગળ ધપી શકશે.

દીકરીને દીકરા સમોવડી કે તેના કરતા પણ વધુ કાબેલ બનાવવા માતા પિતાએ જ સમજ કેળવવી પડશે, દીકરી સમાજમાં ડગલે ને પગલે ઉભા થતા પડકારોનો સામનો કરવા ત્યારે જ સક્ષમ બની શકશે જ્યારે તેની પાસે પૂરતું જ્ઞાન,સમજ અને હોશિયારી હશે, જેનો પાયો છે શિક્ષણ. શિક્ષિત દીકરી પોતાના નિર્ણયો પોતાની રીતે લઈ શકવા જેટલી સમજદાર બની શકે છે.

સરકાર છેલ્લા કેટલાક વરસોથી ગાઈ વગાડીને કન્યા કેળવણી અભિયાનના ઢંઢેરા પીટી રહી છે., શિક્ષકો અભિયાનને પરિણામલક્ષી અને અસરકારક બનાવવા મહેનત પણ કરતા હોય છે. પરંતુ સમાજીક પરિસ્થિતિ હજુ અપેક્ષા જેટલી સુધરી શકી હોય તેવી પ્રતીતિ થતી નથી, એમ લાગે છે કે આપણો સમાજ હજુ પૂર્ણરૂપથી જાગૃત થયો નથી, લોકો પોતાના જરી પૂરણા વિચારોને ઘરારને ઘરાર પકડી રાખીને બેઠા છે. લોકોની માનસિકતા બદલાવવા માત્ર શિક્ષકો કે સરકારી મશીનરીના પ્રયાસો પર્યાપ્ત જણાતા નથી. કન્યા કેળવણી અભિયાનને સફળ બનાવવા જાહેર ક્ષેત્રના લોકો તથા તેમના પ્રતિનિધિઓને પણ આ શિક્ષણ યજ્ઞમાં સામેલ કરવા પડશે.આપણો સમાજ જેમને પૂજનીય ગણે છે તેવા સંતો મહંતો અને વિચારકોએ પણ આ દિશામાં આગળ આવવું જોઈશે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

# ભાત(Rice) ખાવાના આ નુકશાન વિશે જરૂર જાણી લો

## આરોગ્ય સંહીતા

આપણામાંથી ઘણા લોકો ભાત ખાવાના ખૂબ શોખીન હોય છે. પણ એ લોકોને ભાતનુ વધુ સેવન કરવાથી થનારા નુકશાન વિશે જાણ હોતી નથી. ભાતમાં કાર્બોહાઈડ્રેટ ખૂબ વધુ પ્રમાણમાં જોવા મળે છે. જેનાથી એ પચવામાં ખૂબ સરળ હોય છે પણ તેને સતત તમારા ડાયેટમાં લેવાથી તેનુ આપણા શરીર પર ખૂબ ખરાબ પ્રભાવ પડે છે. અનેક લોકો તો તેના વગર પોતાના ભોજનની થાળી અધૂરી જ સમજે છે. એ લોકોએ તેના નુકશાન વિશે જાણીને તેને ખાવાની રીત બદલવી પડશે.

**૧. શુગર લેવલ વધી જવુ** - ચોખાનુ વધુ પડતુ સેવન ડાયાબીટિશના રોગીઓ માટે ખૂબ જ નુકશાનદાયક સાબિત થઈ શકે છે. કારણ કે ચોખાનુ સેવન કરવાથી શરીરમાં ગ્લુકોઝનું પ્રમાણ વધી જાય છે અને શુગર હાઈ લેવલ સુધી પહોંચી જાય છે. તેથી ડાયાબીટિશના રોગીઓને ચોખા ન ખાવાની સલાહ આપવામાં આવે છે.

**૨. જાડાપણાને વધારે** - ચોખામાં ફૈટ વધુ હોવાને કારણે અહી જાડાપણુ એક કારણ બની શકે છે. તેથી જે લોકો પાતળા થવા માંગે છે તેમણે ચોખાથી દૂર રહેવુ જોઈએ અને જો ખાવાનુ મન પણ થાય તો તેમણે બ્રાઉન રાઈસને બાફીને ખાવા જોઈએ.

**3. અસ્થમામાં ઘાતક** - જે લોકો અસ્થમાથી પરેશાન છે તેમણે પણ ભાત ખાવાથી દૂર રહેવુ જોઈએ. ભાતની તાસીર ઠંડી હોવાને કારણે આ અસ્થમાના દર્દીઓમાં શ્વાસની સમસ્યા ઉભી કરે છે.

**૪. આળસી બનાવે** - ભાત ખાધા પછી શરીરમાં શુગરની માત્રા

અનુસંધાન પાના નં.૬ ઉપર

# મનનું કરો અતિક્રમણ.. તેની પેલે પાર છે... પરમાનંદ જ પરમાનંદ...!

## માનસ

**ડૉ. પ્રવીણ પટેલ**

**ગતાંકથી ચાલુ**

‘જ્ઞાન અને વિજ્ઞાન’ નો સુંદર સમન્વય ભવિષ્યમાં સધાશે જ. લગભગ ૨૫૦૦ થી અધિક વર્ષો પૂર્વે પરમાત્મા શ્રી મહાવીર સ્વામીજીએ મનુષ્ય અને વિજ્ઞાનના ચરમ વિકાસ વિશે જણાવ્યું હતું કે ‘એક દીર્ઘ સમયાવધિ પછી વિજ્ઞાન આત્મા સંબંધી રહસ્યને પામી લેશે.. અને ત્યારે સંપુર્ણ માનવ જીવન માટે પ્લેટીનમનો (સોનાથી અધિક કિંમતી) સુરજ ઉગશે.. મહાપ્રભુ શ્રી અરવિંદનું મનુષ્ય વિષયક ‘અતિ મનસ’ નું સ્વપ્ન પણ સહજ સાકાર થશે !

મહાન ઓશો રજનીશ આધુનિક માનવ માટે આધુનીક સાધના પદ્ધતિઓની વાત સરસ રીતે સમજાવે છે. તેઓ કહે છે : જે તે સમયના લોકો અને લોકમાનસને અનુરૂપ સાધના પદ્ધતિમાં આપવામાં આવી હતી. તેમાંની કેટલીય હજુ આજેપણ અનેક લોકો માટે ઉચિત છે. તેમ છતાં જ્યાં ફેરફારની આવશ્યકતાઓ હોય ત્યાં જે તે વ્યક્તિ (અહીં સાધક) અનુસાર ફકત આત્મજ્ઞાની વ્યક્તિ જ સાધના પદ્ધતિમાં યોગ્ય ફેરફાર કરીને જે તે વ્યક્તિને અનુરૂપ બને તે રીતે તેને મોડીફી કરીને આપી શકે. તેમના મતે આજે આધ્યાત્મિકતાને ફકત જુની પ્રણાલી મુજબ ત્યાગ, અહિંસા, અપરીગ્રહ, સત્ય વગેરે બાબતો પુરતી સીમીત ન રાખી શકાય. તેમાં વિજ્ઞાન, ચિત્ર, સંગીત, કળા સાહીત્ય જેવા બધા આયામોનો પણ સમાવેશ કરવો જોઈએ. અત્યારે પુર્ણ મનુષ્યની જરૂર છે. જેનામાં આધ્યાત્મિકતાની સાથે વિજ્ઞાનનું જ્ઞાન, ઉપરાંત કળા, સાહિત્ય,સંગીત વગેરેનો પણ વિકાસ થાય. તેઓ તેમણે ઉભા કરેલા વ્યક્તિ સમુહમાં આ પ્રકારની રૂપરેખા મુજબ સાધના થતી હોવાનો દાવો પણ કરતા હતા.

કદાચ આ મનને એક સાથે સંપુર્ણ મિટાવી દેવું કે તેના ઉપર વધારે પડતું ધ્યાન અને વિરોધ ભાવ રાખવો નુકશાનકારક છે પરંતુ આગળ કહ્યું તેમ મનને મિત્ર બનાવો અને પછી માત્ર તેનું નિરીક્ષણ કરો તોય મોટા ભાગનું કામ તો આપમેળે નિરીક્ષણ માત્રથી થઈ જશે. તેમ છતાં કેટલાક પ્રયત્ન જરૂરી છે. વિવશ મન અમુક ક્રિયાઓ એટલી ઝડપથી અને સંપુર્ણ યાંત્રિક પણે કામ કરે છે કે જાગૃતિને પણ ઉલ્લુ બનાવી છટકી જાય છે. શરૂઆતમાં માત્ર નિશ્ચિત કરેલી કેટલીક ટેવો ઉપર કામ કરવાનું વિચારી શકાય અને આવી ટેવો કેટલી નુકશાન કારક છે તેનો માત્ર ખ્યાલ આવી જાય, તો આપમેળે જ તેઓ ધીમે ધીમે ઓગળવા લાગે છે. શ્રીમદ્ રાજચંદ્રના કહેવા પ્રમાણે...

‘જે કંઈ થાય તે થવા દેવું, ન ઉદાસીન ન અનુદ્યમી થવું,

ન પરમાત્મા પ્રત્યે પણ ઈચ્છા કરવી અને ન મુંઝાવું.

શું થશે તેવો વિચાર કરવો નહીં અને જે થાય તે કર્યા રહેવું.

અધિક જ્યાં ત્યાં નાખવા

અનુસંધાન પાના નં.૬ ઉપર

# સ્વાઈન ફ્લુ થી બચવા શું કરવું ?

## આરોગ્ય

સ્વાઈન ફ્લુ એ શ્વસન તંત્ર નો રોગ છે .સ્વાઈન ઈન્ફ્લુએન્ઝા એ H1N1 વાઈરસ થી ફેલાતો રોગ છે જે સૌપ્રથમ ૨૦૦૯ મા જોવા મળેલ .

**આ રોગ કેવી રીતે ફેલાય ?**

-આ રોગથી સંકમ્રિત દર્દી જ્યારે છીન્ક કે ખાંસી ખાય ત્યારે લાળ કે એના કણ જમીન પર પડે કે હવામાં રહે પછી એ કણમાં રહેલ વાઈરસ બીજા વ્યક્તિ મુખ વાટે, નાક વાટે,શ્વાસ વાટે શરીરમાં પ્રવેશે છે .માટે શરદી તાવ ખાંસી હોય તોહ બહાર જવાનુ ટાળવું .ખાસ બાળકોને શરદી તાવ હોય ત્યારે સ્કૂલ કે બહાર મોકલવા નહી .છીંક ,ખાંસી વખતે રૂમાલ કે હાથ ખાસ રાખવો .

બહારથી આવીને સૌપ્રથમ હાથ પગ સાબુથી ધોવાની ટેવ પાડવી.

**સ્વાઈન્ફ્લુના લક્ષણો** -શરદી ખાંસી સાથે માથા માં અસહ્ય દુખાવો,શરીરમાં અસહ્ય દુખાવો-શરીર તુટવું ,વધુ તાવ આવવો ,છાતી માં ભાર લાગવો ,શ્વાસ લેવામાં તક્લીફ પડવી ,અમુક કેસો માં ઝાડા ઉલટી પણ થવા .

સાદી શરદીમાં ગળામાં દુખાવો વધુ ના હોય સાથે તાવ પણ ના હોય શરીર તુટતુ ના હોય ,માથામાં અસહ્ય દુખાવો ના થતો હોય માટે અત્યારના સમયમાં શરદી તાવ ના લક્ષણો મળતા જ તમારા ડોકટર ને મળીને ચોક્કસ નિદાન અને ચિકિત્સા લેવી.

સૌ પ્રથમ તો રોગ થાય જ નહી એવુ પ્રિવેન્ટીવ હેલ્થ સાઈન્સનું આયુર્વેદમાં વર્ણન કરેલ છે.

હવે આ રોગ થાય નહી એ માટે વાતાવરણ માં કોઈ જ પ્રકાર ના વાઈરસ રહે નહી એ માટે વાતાવરણ ને શુધ્ધ કર?વા નો સહેલો ઉપાય ખાસ આવા રોગ ફેલાયા હોય ત્યારે નિયમિત ઘરે કર?વો.

**ઉપાય** -ગાય નાં છાણા ,ગાયનુ ઘી મિક્ષ કરી ને હવન કરવું .અને એકદમ થોડોક ટુકડો છાણાનો પણ લઈને કરી શકાય.આ એક ધાર્મીક રીત નથી પણ સાઈન્ટીફીક રીતે વાતાવરણમાં રહેલ વાઈરસ જીવજંતુ મારવા, પ્રદૂષીત વાતાવરણને શુધ્ધ કરવાનો અક્સીર ઉપાય છે.હવે રોગ પ્રતિકારક શક્તિ વધારનાર ઉપાયો કર?વા જેથી ઈન્ફેકશન લાગે જ નહી.**તાવ ,શરદી સામે રક્ષણ આપી રોગપ્રતીકારક શક્તી વધારનાર ઉપાય** -

## હોમીયોપેથીક

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

અને તેમને હોમિયોપેથીમાં ડૉ.હેરીંગ્સ નિયમો છે તે જણાવ્યા. ડૉ.હેરીંગ્ટસલોમાં પહેલો નિયમ એવો છે કે ૧. રોગ મુખમાંથી બહાર આવે એટલે શરૂઆતમાં દુ:ખાવો વધે, ૨. રોગ ઉપરથી નીચે આવે ૩. ખુબ જ ઉપયોગી ઓરગનથી ઓછી ઓરગનમાં સ્થળાંતર થાય છે.

તે પ્રમાણે શરૂઆતમાં દુ:ખાવો વધેલ પણ ત્યાર બાદ ઓછો થયેલ. આજે લેખ લખું છું ત્યારે જ વડોદરાથી ફોન આવેલ છે કે સિત્તેર ટકા જેવી દુ:ખાવામાં રાહત થઈ છે. હાથ પગનાં આંગળા સાંધા વિગેરેમાં રાહત થઈ છે. આમ જુનાં હઠીલાં રોગોમાં હોમિયોપેથીક દવા શ્રદ્ધાથી ધીરજ તેમજ વિશ્વાસથી લેવામાં આવે તો સંપૂર્ણ સારૂં થાય છે.

રાજકોટના ડૉ. આલાપ ધોળકિયા જુના હઠીલા રોગો માટે દર શુક્રવારે સવારે ૧૦ થી ૧ વ્રજ કોમ્પલેક્ષ પહેલે માળે, ત્રણ હનુમાન મંદિરના બાજુમાં, હાઈવે ડીસા મુકામે મળે છે.

**ડૉ. જગદીશ ધોળકિયા**
**ડૉ.આલાપ ધોળકિયા ડીસા**

## મન બિલોરી કાચ

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

શું એવું નથી લાગતું કે હવે કન્યા કેળવણી માટે કન્યા કેળવણી અભિયાન નહીં પરંતુ વાલી કેળવણી અભિયાન ચલાવવાની ખાસ જરૂરિયાત છે ? વાલીઓને કમસે કમ એટલું વિચારવા સમજવા કેળવવા જ પડશે, કે પુત્ર પુત્રી એક સમાન જ છે, માત્ર દીકરો જ નહીં દીકરી પણ વ્હાલનો દરિયો છે, અલબત્ત વાલીઓને કેળવણીનો સંદર્ભ સાક્ષરતા અભિયાન સાથે સાંકળવાની વાત અત્રે નથી થતી. માતા પિતા તેમના તમામ સંતાનોને એકસમાન નજરે નિહાળતા થાય તેવી તેમની દ્રષ્ટિ વિકસે તેવા પ્રયાસો કરવા પડશે.

આ તકે એક આડ વાત પણ કરવાની મારી ખૂબ ઈચ્છા છે, અભણ નાગરિકોને પ્રાથમિક શિક્ષણ આપવા સાક્ષરતા અભિયાન ચલાવાય છે, પરંતુ તેમાં તંત્ર દ્વારા શિક્ષિકાઓને રાત્રીના સમયે કલાસ ચલાવવાની જવાબદારી સુપરત થાય છે.

કદાચ શહેરોમાં તો ઠીક છે, પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષિકાઓને રાત્રે કલાસ લેવામ મોકલવી ઉચિત નથી જણાતી પરંતુ તંત્ર આટલી વાત સમજે તે જરૂરી છે.

શિક્ષિકાઓએ વિવિધ મર્યાદાઓ વચ્ચે કાર્ય કરવાનું હોય છે, પરંતુ રાત્રે એક ગામથી બીજા ગામ જવું કે પોતાના જ ગામડામાં દૂરના અન્ય વિસ્તારો સુધી જવું આવવું, પ્રતિકૂળ માહોલને પારિવારિક જવાબદારીઓથી ઘેરાયેલી શિક્ષિકાઓની આટલી લાગણી તંત્ર માનવતા પૂર્વક ધ્યાને ધરશે એવી અપેક્ષા રાખીએ.

**ઓરે મોરલિયા ઉડી જાને પેલે પાર,**
**વીરો સૂતો છે મારો કર ના અવાજ.**
**ઉડતા આવે રે બીજા પંખી તારી પાસ,**
**વીરો સૂતો છે મારો કર ના અવાજ.**
**હીંચકે ઝૂલાવ્યો મેં તો પારણે પોઢાડ્યો,**
**હાલરડાં ગાઈ એને હમણાં સુવાડ્યો.**
**તારા ટહૂકારે એની નિંદર ભાગી જાય,**
**વીરો સૂતો છે મારો કર ના અવાજ.**
**મમ્મી પપ્પા રે મારા કામે ગયા છે,**
**વિશ્વાસે મારા એને મૂકીને ગયા છે.**
**ઘરના વાસીદા હજી બાકી મેલ્યા આજ,**
**નિશાળે જાવું મને ચિંતા છે અપાર.**
**માથે મારા રે હજી લેસનનો ભાર છે.**
**કપડા ધોવા છે હવે થોડી જ વાર છે.**
**ભઈલો મારો છે હજી નાનો એવો બાળ,**
**નોટો ચોપડિયો મારી ફાડી નાંખ આજ.**
**લેશનમાં લખવા મારે સ્પેલિંગ ૧૦ વાર રે,**
**નહીં રે લખુ તો મને સિસ્ટર ધમકાવશે.**
**હૈયુ રડે ને આંખે આંસુડાની ધાર,**
**આંખ્યુ કાઢીને મને મારે બહુ માર.**

**- મંજુ પ્રજાપતિ**

## સાઈકોથેરાપીસ્ટ

**અનુસંધાન ૫ નુ ચાલુ..**

સ્ત્રીઓએ આવા પરીક્ષણથી ગભરાવું જોઈએ નહીં.આમાં સવારે ઊઠીને પહેલીવાર પેશાબ કરવા જતી વખતે લીધેલા પેશાબનો નમૂનો તપાસવામાં આવે છે. શરૂનો થોડો પેશાબ જવા દઈ, પછી ચોખ્ખી શીશીમાં આ નમૂનો લેવો જોઈએ. પેશાબના પરીક્ષણથી પેશાબમાં શર્કરા, પ્રોટીન, શ્વેતકણ, રક્તકણ, બેક્ટેરિયા, (યુરિન ટ્રેકઈન્ફેકશન, બિલરૂબિન) વગેરેની માહિતી મળે છે.આ પરીક્ષણથી રસોળી જેવી સ્તનની બીમારીઓની ખબર પડે છે. સ્તનમાં કોઈપણ પ્રકારની ગાંઠ હોય, તો આ પરીક્ષણ અચૂક કરાવવું જોઈએ. આ પરીક્ષણમાં બન્ને સ્તનોના એક્સ-રે લેવાય છે. આ એક સહેલું પરીક્ષણ છે.આ ખૂબ જ સાધારણ પરીક્ષણ છે. આમાં લોહીમાં રહેલા હીમોગ્લોબીનની ટકાવારીનું પ્રમાણ મપાય છે. હીમેટોક્રિટ ઓછું હોય તો એ સૂચવે છે કે લોહીમાં લોહત્વ ઓછું છે. તથા લોહીની ઉણપ છે. આ લક્ષણ મહિલાઓમાં વધુ જોવા મળે છે. માસિક ધર્મ વખતે વધારે લોહી વહી જવાથી લોહીની ઉણપ આવી જાય છે. આવી મહિલાઓને ડૉક્ટર આહાર લેવાની સલાહ આપે છે. આ પરીક્ષણ પણ શિરામાંથી થોડું લોહી લઈને કરવામાં આવે છે.૪૦ વર્ષથી ઉપરની મહિલાઓએ વર્ષમાં એક વાર આ પરીક્ષણ જરૂર કરાવવું જોઈએ.

## આરોગ્ય

**અનુસંધાન ૫ નુ ચાલુ..**

સુંઠ ,લવીંગ થી ઉકાળેલ પાણી જ પીવું .

તુલસીના ૭ પાન ,કાળા મરીનુ ચુર્ણ ૪ ચપટીક ,સુંઠ ચુર્ણ ૨ ચપટીક ,એક ચપટીક દેશી ગોળ .આ બધુજ ચાર કપ પાણી માં ઉકાળવું ,એક કપ વધે ત્યારે ગાળી ને નવસેકુ પી જવું .

સુંઠ ,દેશી, ગોળ દેશી ગાય નું ઘી સમાન માત્રા માં મિક્ષ કરી ને ચણા જેટલી ગોળી ઓ બનાવી સ?વાર સાંજ લેવી.ખાસ બાળકો ને આપવી .જેથી એમને કોઈ ઈન્ફેકશન જલ્દી થી લાગે નહી.

અરડુસી ના ૫ પાન ,આખા ધાણા અડધી ચમચી ,કાળા મરી ચુર્ણ બે ચપટીક ચાર કપ પાણી માં ઉકાળ?વું એક કપ વધે એટલે ગાળીને નવસેકુ પી જવું.તાવ,શરદી ,ખાંસી માં અકસીર છે .કેમકે અરડુસી શ્વાસ -ખાંસી ની શ્રેષ્ઠ ઔષધ છે.

રોજ હળદર વાળું દુધ પીવું .હળદર રોગ પ્રતીરોધક ક્ષમતા વધારનારું શ્રેષ્ઠ ઔષધ છે .

તુલસી ના બે કે ત્રણ પાન રોજ ખાઈ જ?વા .જે ઈમ્યુનિટી વધારે છે.

બાળક વ્રુધ્ધ દરેકે ઘર થી બહાર નીકળતી વખતે નાક માં દેશી ગાય નુ ઘી લગાડી ને નીકળ?વું.જેથી ધુળ રજકણ નાક વાટે શ્વાસ માં અંદર જાય જ નહી.

અત્યારે આ રોગ બધેજ ફેલાયેલો હોવાથી આ માહીતી અચુક શેર કર?વી .જેથી આવા સંક્રામક રોગો ફેલાય નહી.

"પહેલુ સુખ તે જાતે નર્યા "

**-વૈદ્ય મિહિર ખત્રી (B.A.M.S.)**
**-વૈદ્ય વંદના ખત્રી (B.A.M.S.)**

## માનસ..

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

પ્રયત્ન કરવો નહીં,
અલ્પ પણ ભય રાખવો નહીં,
ઉપાધિ વખતે જેમ બને તેમ નિ:શંકપણે રહી ઉદ્યમ કરવો,
કેમ થશે એવો વિચાર મુકી દેવો,
યોગ્ય ઉપાયથી પ્રવર્તવું પણ ઉદ્વેગવાળું ચિંતન ન રાખવું, જ્યાં ઉપાય નહીં ત્યાં ખેદ કરવો યોગ્ય નથી જ - શ્રીમદ રાજચંદ્ર

અહીં તેઓ ન્યુનતમ પ્રયત્ન ઉપર ભાર મુકે છે અને ધીરજપુર્વક સાતત્યનો ગુણ વિકસાવવા માટેની શીખ આપે છે. ડૉ.દીપક ચોપરા અમેરીકા સ્થિત મહાન ભારતીય ડૉકટર અને વિચારકે તેમનાં સેવન સ્ટેપ્સ ફોર સ્પીરીટલ સકસેસ આધ્યાત્મિક સફળતા માટેનાં સાત મહત્વનાં પગલાં' નામના પુસ્તકમાં ધીરજનો મહીમા ગાતાં કહ્યું છે કે, પ્રકૃતિમાં ખુબ જ ધીરજ છે તે ખુબ જ ધીમી પરંતુ સાતત્યપુર્ણ છે. પ્રકૃતિનાં સર્વ તત્વો, ફેરફારો અતિ ધીમા છે, ઝાડની કુંપળો ફુટે છે, બે ત્રણ દિવસ લાગે છે. ઘાસ કયારે વધે છે તેની આપણને ખબર નથી પડતી !

**ડૉ. પ્રવિણ પટેલ**

# શરીરમાં એનર્જીનું પ્રમાણ ઘટે છે તો ટ્રાય કરો આ ફૂડ

બહેનોને એક કુટેવ હોય છે કે જ્યાં સુધી પથારીમાં પડવાનો વારો ન આવે, ત્યાં સુધી તેઓ ડૉક્ટર પાસે જવાનું પસંદ કરતી નથી. પરંતુ કોઈ પણ સ્ત્રી ૧૮ વર્ષની હોય કે ૮૦ વર્ષની, તેણે વર્ષમાં એકવાર પોતાના શરીરની ડૉક્ટરી તપાસ કરાવવી ખૂબ જ જરૂરી છે. આવી તપાસ કરાવવાથી બે લાભ થાય છે. પહેલો એ કે, તમે પૂરેપૂરાં તંદુરસ્ત છો, તેની ખાતરી થઈ જાય છે અને બીજો એ કે, કદાચ કોઈ બીમારી હોય, તો સમયસર તેનાં લક્ષણ દેખાય છે અને તેનો ઈલાજ વેળાસર તેમજ વ્યવસ્થિત શરૂ કરી શકાય છે. પરિણામે ખતરનાક બીમારીઓથી બચી શકાય છે. અહી આવી જ કેટલીક ડૉક્ટરી તપાસની માહિતી આપવામાં આવી છે.આપણા શરીરને સતત શર્કરાની જરૂર હોય છે, જે આપણને ભોજનમાંથી મળતી હોય છે. જમ્યા પછી ઈન્સ્યુલિન શર્કરાને વિભાજિત કરી શરીરના વિવિધ કોષો અને અંગોમાં વહેંચે છે. એમાંથી ઉર્જા ઉત્પન્ન થાય છે, પરંતુ જે વ્યક્તિના શરીરમાં ઈન્સ્યુલિનનું પ્રમાણ ઓછું હોય અથવા તો શરીરમાંનું ઈન્સ્યુલિન સરખી રીતે કાર્ય ન કરતું હોય, તેને ડાયાબિટીસની તકલીફ હોય છે.

આવા કેસમાં શર્કરા લોહીમાં જ રહી જાય છે. બ્લડ ગ્લુકોઝ ટેસ્ટ કરાવવાથી જો લોહીમાં શર્કરાનું પ્રમાણ વધારે દેખાય, તો એ પરથી ખબર પડે છે કે તે વ્યક્તિને ડાયાબિટીસ થયો છે. આવી રીતે જો બીમારીનાં લક્ષણ શરૂઆતમાં જ ઓળખાઈ જાય, તો આપણે પરેજી પાળીને અને યોગ્ય દવાઓ લઈને રોગ પર નિયંત્રણ મેળવી શકીએ છીએ.કિડનીને લગતા રોગોની તપાસ કરવા માટે આ પરીક્ષણ કરાય છે. બ્લડ યુરિયા નાઈટ્રોજન શરીરનો કચરો છે, જે પેશાબ સાથે બહાર નીકળે છે. જો કિડની પેશાબ ગાળવાનું કામ સારી રીતે ન કરી શકે, તો આ હાનિકારક પદાર્થ લોહીમાંથી છૂટો પડતો નથી. શિરામાંથી લીધેલા લોહીના નમૂનાની ચકાસણીથી આ પદાર્થ લોહીમાં છે કે નહી તેની ખબર પડી જાય છે.બ્લડ કાઉન્ટની તપાસ લોહીની ઉણપ અથવા લોહી સંબંધી અન્ય બીમારીઓ જાણવા માટે ખૂબ જ જરૂરી છે. આ ટેસ્ટથી લોહીમાંના હિમોગ્લોબિનનું પ્રમાણ જાણી શકાય છે. હિમોગ્લોબિનનું ઓછું પ્રમાણ લોહીની ઉણપનું લક્ષણ છે. પ્લેટલેટ્સ ઘામાંથી વહેતા લોહીને જમાવીને વહેતું બંધ કરવામાં સહાયક બને છે.

જો આપણા શરીરમાં કોઈ ચેપ લાગ્યો હોય, તો તે ચેપ વાઈરસ, બેક્ટેરિયા કે પેરોસટિક છે, તે આ પ્રકારના ટેસ્ટથી જાણી શકાય છે. લોહીનો થોડો નમૂનો લઈને આ બધી તપાસ કરાય છે.છાતીમાં હૃદય, ફેફસાં, નક્કર હાડકાનું માળખું, પાંસળીઓ વગેરે કેટલાંય મહત્ત્વનાં અંગો હોય છે. એક્સ-રે દ્વારા ફેફસાનાં ટીબી તેમજ હૃદયની બીજી બીમારીઓની ખબર પડી જાય છે. ડૉકટર સલાહ આપે, ત્યારે એક્સ-રે ચોક્કસ કરાવવો જોઈએ.આનાથી હૃદયની કાર્યક્ષમતા અને હૃદયને લગતી બીમારી વિશે જાણી શકાય છે. હૃદયની પ્રત્યેક ધબકારાની સાથે વિદ્યુતતરંગ ઉત્પન્ન થાય છે, જે હૃદયમાં ફેલાય છે. આનાથી હૃદયના સ્નાયુ સંકોચાઈને લોહીને શરીરમાં આગળ ધકેલે છે. હાર્ટએટેક, અનિયમિત હૃદયગતિ હૃદયનું કદ વધવું કે હૃદયનું ફૂલવું વગેરે જેવાં કષ્ટ થાય, ત્યારે આ તરંગો પર તેની અસર થાય છે, તેથી ઈ.સી.જી. બરાબર નથી આવતું. કોઈ કોઈ વાર આ પરીક્ષણ પણ કરાવી લેવું જોઈએ. આ પરીક્ષણ માટે ટેક્નિશિયન અને ડૉકટર ટેબલ પર સીધાં સુવડાવી દે છે. ઈલેક્ટ્રોડ તરીકે ઓળખાતી ધાતુની ચાર પ્લેટોને કોણી અને કાંડા પર લગાવી દેવાય છે. પાંચમો ઈલેક્ટ્રોડ ટેક્નિશિયન દર્દીની છાતી પર આમતેમ ફેરવી ફેરવીને મૂકે છે. આ માટે છાતી પર એક કંડક્ટિંગ પેસ્ટ લગાવાય છે. બધા ઈલેક્ટ્રોડના તાર ઈ.સી.જી. મશીનની સાથે જોડાયેલા હોય છે. એની મદદથી તમારા હૃદયના-વિદ્યુતરંગો એક ગ્રાફ પેપર અંકિત થઈ જાય છે. કોઈપણ પ્રકારના સ્ત્રીરોગની શંકા પડતાં સ્ત્રીરોગ નિષ્ણાત આ પરીક્ષણની સલાહ આપે છે. આ પરીક્ષણથી સરવાઈકલ કેન્સરની પ્રાથમિક અવસ્થાનો ખ્યાલ આવી જાય છે. એટલે સમયસર સાચો ઈલાજ થવાથી કેન્સર જેવી બીમારીથી બચી શકાય છે. આ પરીક્ષણ માટે ડૉકટર યોનિમાર્ગમાં એક યંત્રની નળી રાખે છે, જેને સ્પેકુલમ કહે છે. યોનિમાર્ગમાંથી કોષનો નમૂનો લઈને તેની તપાસ કરે છે. સ્ત્રીઓએ આવા પરીક્ષણથી ગભરાવું જોઈએ નહી.આમાં સવારે ઊઠીને પહેલીવાર પેશાબ કરવા જતી વખતે લીધેલા પેશાબનો નમૂનો તપાસવામાં આવે છે. શરૂનો થોડો પેશાબ જવા દઈ, પછી ચોખ્ખી શીશીમાં આ નમૂનો લેવો જોઈએ. પેશાબના પરીક્ષણથી પેશાબમાં શર્કરા, પ્રોટીન, શ્વેતકણ, રક્તકણ, બેક્ટેરિયા, (યુરિન ટ્રેકઈન્ફેકશન, બિલરૂબિન) વગેરેની માહિતી મળે છે.

આ પરીક્ષણથી રસોળી જેવી સ્તનની બીમારીઓની ખબર પડે છે. સ્તનમાં કોઈપણ પ્રકારની ગાંઠ હોય, તો આ પરીક્ષણ અચૂક કરાવવું જોઈએ. આ પરીક્ષણમાં બન્ને સ્તનોના એક્સ-રે લેવાય છે. આ એક સહેલું પરીક્ષણ છે.આ ખૂબ જ સાધારણ પરીક્ષણ છે. આમાં લોહીમાં રહેલા હીમોગ્લોબીનની ટકાવારીનું પ્રમાણ મપાય છે. હીમેટોક્રિટ ઓછું હોય તો એ સૂચવે છે કે લોહીમાં લોહત્વ ઓછું છે. તથા લોહીની ઉણપ છે. આ લક્ષણ મહિલાઓમાં વધુ જોવા મળે છે. માસિક ધર્મ વખતે વધારે લોહી વહી જવાથી લોહીની ઉણપ આવી જાય છે. આવી મહિલાઓને ડૉક્ટર આહાર લેવાની સલાહ આપે છે. આ પરીક્ષણ પણ શિરામાંથી થોડું લોહી લઈને કરવામાં આવે છે.૪૦ વર્ષથી ઉપરની મહિલાઓએ વર્ષમાં એક વાર આ પરીક્ષણ જરૂર કરાવવું જોઈએ.

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

**★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.**

**★ 'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.**

**કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.**

**★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.**

**જન્મદિન મુબારક**

નામ :...................... પતિ/પિતા :......................
માતા : ......................જ.તા. ................ઉ.વ.
પરિચય: ..................................................
સરનામુ : ..................................................
મોકલનારની સહી : ........................................

## અમદાવાદમાં ...

**પાના નં.૧ ચાલુ**

કહેવા અનુસાર,અમદાવાદ શહેરમાં ૧૨ ઓગસ્ટ સુધીમાં સ્વાઈનફ્લૂના કુલ મળીને ૩૯૦ કેસ નોંધાવા પામ્યા હતા.જે પૈકી ગઈકાલે કુલ ત્રણ લોકોના મોત થતા કુલ મૃત્યુઆંક ૩૯ ઉપર પહોંચવા પામ્યો હતો.૧૨ ઓગસ્ટના રોજ અમદાવાદ શહેરમાં કુલ ૧૫૧ લોકો સારવાર હેઠળ હતા.જે પૈકી ૨૦ દર્દીઓને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા.આ પૈકી આજે વધુ ચાર લોકોના મોત થતા કુલ મૃત્યુઆંક ૪૩ ઉપર પહોંચવા પામ્યો છે.છેલ્લા ૨૪ કલાકમાં સ્વાઈનફ્લૂના વધુ ૫૪ જેટલા કેસ અમદાવાદ શહેરમાં નોંધાવા પામ્યા છે.આ સાથે જ અમદાવાદ શહેરમાં ૧૩ દિવસની અંદર સ્વાઈન ફ્લૂના કુલ મળીને ૩૦૦ પોઝેટીવ કેસ નોંધાવા પામ્યા છે. બીજી તરફ કુલ મળીને ૨૪ લોકોના મોત થવા પામ્યા છે.આ વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં અમદાવાદ શહેરમાં સ્વાઈન ફ્લૂના કુલ ૪૫૧ જેટલા પોઝેટીવ કેસ નોંધાતા મ્યુનિસિપલ તંત્રની નિષ્ફળતા છતી થવા પામી છે.

## સુરતમાં ૪૦.૭૩ ...

**પાના નં.૧ ચાલુ**

જેમાં કુલ ૪૯૩૩ જેટલી બનાવતી ચલણી નોટોનો સમાવેશ થાય છે. હાલ એસઓજીએ તપાસ સુરત ક્રાઈમ બ્રાન્ચને સોંપી છે. જ્યા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ચારે આરોપીઓના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરાઈ છે.

## પીલુડા માંગરોળ...

**પાના નં.૧ ચાલુ**

દરમ્યાન સાંચોર હાઈવે પર માંગરોળ પીલુડા ગામની વચ્ચે ઈન્ન૧૯૯૭ ૯૩૬૮ નંબરની ટ્રક સાથે ય્ન્દ્દ ૭૭૭૩નંબરના બોલેરો કેમ્પર જીપડાલાને ધડાકાભેર અક્સ્માત સર્જાવા પામ્યો હતો.આથી કચ્ચરઘાણ વળેલા ડાલામાં બેઠેલ બંન્ને બહાર નિકળી ગયા હતા.જ્યારે પરેશભાઈ સોલંકી ઉ.વ.૨૦ નામનો યુવક ફસાઈ જવા પામ્યો હતો.આ બનાવની ૧૦૮ને જાણ કરાતાં પાયલોટ ભરતમાળી અને ઈએમટી અમરાભાઈ સ્થળ પર દોડ્યા હતા.પણ યુવકને સીધી રીતે બહાર નિકાળવો મુશ્કેલ હતો.

આથી તેમણે પોલીસને જાણ કરતાં પીએસઆઈ આરજી ચૌધરી અને કાન્તીલાલ પેટ્રોલીંગમાં હોઈ તાબડતોબ દોડી આવ્યા હતા.જેમને ૧૦૮ની ટીમે યુવકના શ્વાસ ચાલુ હોવાનું જણાવતાં પોલીસે બાજુના ગામમાંથી તરત જેસીબી મંગાવી તેની મદદથી ડાલાનો ડ્રાયવર સાઈડનો ભાગ કાપવામાં આવ્યો હતો.અને અડધો કલાક રેસ્કયુ ઓપરેશન હાથ ધરી યુવકને બહાર કાઢી તરત શહેરની જેજે પટેલ હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યો હતો.જ્યાં ગંભીર ઈજાને કારણે યુવકને પ્રાથમિક બાદ વધુ સારવાર માટે થરાદથી મહેસાણા ખસેડાયો હતો.જ્યાંથી અમદાવાદ સારવાર માટે લઈ જવાતાં શોલા હોસ્પીટલમાં રવિવારે સવારે તેનુ કરૂણ મોત નિપજ્યું હતું.બનાવથી અરેરાટી મચવા પામી હતી.

## ધાનેરા ખાતે ...

**પાના નં.૧ ચાલુ**

ગીરધરભાઈ ભીમાણી વિગેરેને લઈ પાલનપુર જઈ વહીવટ કરી ધાનેરાને ત્વરિત સરકારી સુવિધાઓ પુરી પાડી હતી.

ગતરોજ મુસ્લિમ સમાજ દ્વારા ધાનેરામાં મોટી સંખ્યામાં રેલી કાઢી હિન્દુ - મુસ્લિમ ભાઈ - ભાઈ તરીકેની યાદ અપાવી હતી. સંસ્થાના પ્રમુખ અબ્દુલ ખુદીશ, ડો.એમ.એસ. અગ્રવાલ, ડો.બી.જે.મોરે, ડો.યોગેશ શર્મા વિગેરેએ મુસ્લિમ સમાજના કાર્યકર્તાઓને બિરદાવ્યા હતા. આ પ્રસંગે જે.કે.પટેલ બળવંતસિંહ રાવ, પાલિકા પ્રમુખ આશાબેન, વસંતભાઈ પુરોહિત, હરજીવનભાઈ પટેલ તથા તમામ સેવાકીય સંસ્થાઓ તેમજ ગામ નગરના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## દીઓદર ગ્રામ...

**પાના નં.૩ ચાલુ**

જયંતિભાઈ ઠક્કર, દીઓદર તલાટી પી.એન.ચૌધરી, રમેશજી ઠાકોર, સબ્બીરભાઈ મેમણ, રાણાભાઈ દેસાઈ, મણીભાઈ ઠાકોર, રમેશભાઈ દેસાઈ, હાજીભાઈ મેમણ સહિત ગ્રામ પંચાયતના સદસ્યો, સ્ટાફ આદિ ઉપસ્થિત રહેલ.

દીઓદર ટેલીફોન એક્ષચેન્જ નજદીક યોજાયેલ કાર્યક્રમમાં સરપંચશ્રી ગીરીરાજસિંહ વાઘેલાએ જણાવેલ કે દીઓદરની પ્રજાને નિયમિત અને પુરતું પાણી મળી રહે તે માટે અમો પ્રયત્નશીલ છીએ.

## ધાનેરાના દેઢા...

**પાના નં.૩ ચાલુ**

ત્યારે ધાનેરા તાલુકાના દેઢા ગામના વતની અને અંબિકા સંસ્કૃત મહાવિદ્યાલયમાં શાસ્ત્રી આચાર્ય સુધી અભ્યાસ કરનાર યુવા શાસ્ત્રી દિપકકુમાર ગંગારામ મહેતાનું જ્યોતિષ વિભુષણથી સન્માન કરવામાં આવ્યું હતું. તેઓએ દેઢા ગામનું ગૌરવ વધાર્યું છે.

## ગોપાલસેના ડીસા...

**પાના નં.૩ ચાલુ**

અમીરગઠ પ્રમુખ સુરેશભાઈ, દાંતા પ્રમુખ કેવળભાઈ, વડગામ પ્રમુખ બાબુભાઈ, મુંબઈ પ્રમુખ સાગરભાઈ પાલડી તમામ તાલુકાના પ્રમુખો ને કારોબારી સભ્યો એ સર્વાનુમતે મંજુર કરેલ છે જેની નોંધ ગોપાલસેના તમામ કાર્યકર્તા અને હોદ્દેદારો તથા રબારી સમાજે વધાવી લીધી હતી.

## રામદેવરા જતાં...

**પાના નં.૩ ચાલુ**

સેવા કેમ્પોમાં રાત્રી વિસામો સહિત આરામ કરી શકે અને બે ટાઈમ ભોજન પ્રસાદ સાથે દિવસરાત ચા નાસ્તો અને મેડિકલની સેવાઓ કરવામાં આવી રહી છે ત્યારે વિહોતર ગ્રૃપ ઓફ બનાસકાંઠા દ્વારા પણ કરાયેલ સેવા કેમ્પમાં પદયાત્રીકો અવિરત સેવાનો લાભ લઈ રહ્યા છે.

## કાંકરેજ તાલુકાના ...

**પાના નં.૮ ચાલુ**

તેવો માહોલ સર્જાયો હતો મૃતક હંસાબેનને એક ચાર વર્ષનો અને બીજો દોઢ વર્ષનો એમ બે બાળકો હતા. ઘટનાની જાણ થરા પોલીસ સ્ટેશન કરતાં મૃતકની લાશને થરા રેફરલમાં લાવી પી.એમ. કરાવી થરા પોલીસ આગળની તપાસ હાથ ધરી લાશનો કબજો તેના વાલી વારસોને સોપવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

## પૂર અસરગ્રસ્ત...

**પાના નં.૮ ચાલુ**

સાચા અર્થમાં સાર્થક કરી છે. આ આફતના સમયમાં તેમણે પોતાની ગાડી, ટ્રેક્ટર અને અન્ય વાહનો લોકોની સેવામાં ૨૪ કલાક આપી દીધેલ હતા. સેવાભાવી સંસ્થાઓના માધ્યમથી રાહત સામગ્રી અસરગ્રસ્તો સુધી પહોંચાડવામાં સારી એવી સેવા હાલ તેઓ આપી રહ્યા છે.

તા. ૨૪ જુલાઈના રોજ આસોદર આફતગ્રસ્ત હતું અને પૂરના પાણી ફરી વળ્યા હતા. ત્યારે મહેશભાઈ એક કુશળ તરવૈયા પણ હોઈ તેઓએ ધસમસતા પાણી વચ્ચે ઉભા રહી કોઈ જાનહાનિ ન બને તે અંગે સતર્ક રહ્યા હતા. અસરગ્રસ્તોને સલામત સ્થળે ખસેડવા તેમજ ગામમાં કોઈ નુકશાન ન થાય તે માટે ચોવીસ કલાક પોતાની સેવા આપી હતી.

## ભૂતેડી...

**પાના નં.૮ ચાલુ**

જેની જાણ થતા આદિવાસી મહિલાએ ખેતર માલીકને જાણ કરતા તેઓએ ગામમાં તપાસ હાથ ધરી હતી.

દરમિયાન, ચોરી કરીને ગયેલી યુવતીઓ ગામમાંથી જ ઝડપાઈ ગઈ હતી. આ યુવતીઓની ગામની મહિલાઓ દવારા તલાશી લેતા તેમની પાસેથી ચાંદીના દાગીનાને ૧૦૦૦ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. ઘટનાની જાણ વાયુવેગે ફેલાતા ગ્રામજનો ટોળે વળ્યાં હતા. તમાશાને તેડું ન હોય તેમ ટોળે વળેલા લોકો યુવતીઓ સાથે લાપડ-ઝાપડ કરે તે પહેલા સરપંચ રમેશભાઈ અને પુર્વ સરપંચ મહેશભાઈ પ્રજાપતિએ લોકોના ટોળાથી બચાવીને આ યુવતીઓને પાલનપુર તાલુકા પોલીસને હવાલે કરી હતી.

## ભારે વરસાદથી...

**પાના નં.૮ ચાલુ**

અડવીના પાન ,ટામેટા જેવા શાકભાજીના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો.તેમ છતાં જરૂરિયાત મુજબ શાકભાજીની ગૃહિણીઓ દ્વારા ખરીદ કરવામાં આવી રહી છે.ચાલુ સાલે પડેલા ભારે વરસાદના પગલે શાકભાજીને નુકશાન થતાં આવક ઓછી આવતા તેમજ બીજી તરફ બજારોમાં લીલા શાકભાજીની વિશેષ માંગ જોવા મળતા ભાવોમાં વધારો થવા પામ્યો છે.જેને લઈ ગૃહિણીઓને શાકભાજીની ખરીદીમાં જરૂરી કાપ મુકવો પડી રહ્યો છે.

## થરાદ તાલુકાના...

**પાના નં.૮ ચાલુ**

પણ આ વિસ્તારમા માલ મિલકત તેમજ ઘર વખરીને વ્યાપક નુકસાન થયુ હતુ. આમ સરકારી તંત્ર આ વિસ્તારની ઝડપી મુલાકાત કરે અને આ ખેતરો મા હાલ મા પડેલ પાણીનો યોગ્ય જગ્યાએ નિકાલ કરાવી આપે તેવુ આ વિસ્તાર ના ખેડુતો ઈચ્છી રહયા છે. તથા લાડપુર શાળા મા રહેતા કુટુંબોને પણ ઝડપી કેશડોલ ચૂકવી તેમનું પુનઃવસન કરાય તેવી માંગ ઉઠી છે.

## કાંકરેજ તાલુકાના...

**પાના નં.૮ ચાલુ**

ટીમ જી.ઈ.બી. પોલીસ સ્વાયત સંસ્થા, રાજકીય આગેવાનો સરકારી તંત્ર જન જીવનને ફરી ધબકતુ કરવા રાત દિવસ મહેનત કરી પુનઃ જન જીવન ધબકતું કર્યુ છે. તમામ ગામો રસ્તાનું કામ પૂર્ણ કરી તમામ ગામોમાં લાઈટ ચાલું થઈ ગઈ છે આ ઉપરાંત સર્વેનું કામપણ પૂર્ણ થવાની તૈયારીમાં છે.

## થરાદના ઘોડાસર ...

**પાના નં.૮ ચાલુ**

જયાં રસ્તામાં મળેલા ભુદરાજીએ અપશબ્દો બોલવાની ના પાડતાં તેમને મારી નાખવાના ઈરાદે માથામાં પાઈપ મારતાં તેઓ બેભાન થઈને ઢળી પડ્યા હતા.આથી પિતાને છોડાવવા માટે કલ્પેશભાઈ વચ્ચે પડતાં તેના પર પણ લાકડીઓ વડે હુમલો કરવામાં આવ્યો હતો.ઈજાગ્રસ્ત ભુદરાજીને વધુ સારવાર માટે મહેસાણા લઈ જવાયા હતા.ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાયા હતા.જ્યાં રવિવારની સવારે સારવાર દરમ્યાન તેમનું મોત નિપજ્યું હતું.આ બનાવની કલ્પેશભાઈની ફરીયાદના આધારે થરાદ પોલીસે ચાર દિવસ પહેલાં નોધેલ હત્યાના પ્રયાસના ગુનામાં હત્યાની કલમનો ઉમેરો કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.આ બનાવથી ચકચાર મચવા પામી હતી.

## ભાભરમાં રાત્રે ...

**પાના નં.૮ ચાલુ**

માળીએ જણાવેલ કે અમો ફરિયાદ કરવા ગયા ત્યારે પોલીસે તપાસ કરવાની જગ્યાએ તમે ખોટી ફરિયાદ કરો છો. તમે ચોટલી કાપી છે તેવું કહી માર માર્યો હતો. બાળકીને ધમકાવીને તમારી સામે ગુનો નોંધીશુ તેવું કહેતા પરિવાર ફફડી રહ્યો છે.આ બાબતે ભાભર પી.એસ.આઈ. એમ.જે.ચૌધરીએ જણાવેલ કે ફરીયાદીની પુછપરછ કરી છે.ફરીયાદને કોઈ માર મારવામાંઆવ્યો નથી.ચોટલીકાંડ ખોટો હોવાનું જણાવ્યું છે.

## વડગામ વિધાનસભાના ...

**પાના નં.૮ ચાલુ**

રહ્યો હોય તેવું સુત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે. સુત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ આગામી દિવસોમાં સ્થાનીક દલિત સમાજ દ્વારા એક સામાજીક સંમેલન યોજી સ્થાનિક અને આયાતી ઉમેદવારને એક ચોક્કસ નીતિ પણ બનાવવામાં આવશે અને ભાજપ તેમજ કોંગેસ સમર્થક દલિતો એકમંચ ઉપર આવી રાજકીય વિચારધારાથી ઉપર જઈ જે પાર્ટી સ્થાનિકને ટીકીટ ફાળવશે અને આયાતી ઉમેદવાર ફગાવી સબક શિખવાડવા વ્યુહરચના બનાવવામાં આવશે તેવું જાણવા મળી રહ્યું છે.

# નરેન્દ્ર મોદી ચૂંટણી સુધી મોટા સુધારા ઉપર આગળ નહીં વધે

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર હવે ચૂંટણી સુધી કોઈ મોટા સુધારા હાથ ધરે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. મોદી સરકાર ટુંકાગાળામાં હાસલ કરવામાં આવેલી સિદ્ધિઓ ઉપર પ્રકાશ ફેંકશે તથા લોકલક્ષી પગલાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે. ખાસ કરીને ટેક્સમાં ઘટાડાને લઈને વધારે ધ્યાન આપશે. જાણકારલોકોનું કહેવું છે કે, વર્ષ ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી યોજાનાર છે.આવી સ્થિતિમાં મોદી સરકાર હવે વધુ આક્રમક સુધારાને હાથ ધરીને સામાન્ય લોકોમાં નારાજગી ફેલાવવા માટે ઈચ્છુક નથી. ૨૦૧૪ બાદથી મોદીએ ખુબ જ આક્રમક સુધારાઓ ઝડપથી હાથ ધર્યા છે પરંતુ હવે મોદી સુધારાઓને લઈને તેમની ગતિ ધીમી કરી શકે છે. કેટલાક સુધારાઓને લઈને સામાન્ય લોકો નાખુશ દેખાઈ રહ્યા છે. આવી સ્થિતિમાં મોદી પોતાની લોકપ્રિયતાને ઘટાડવા માટે ઈચ્છુક નથી. ચૂંટણી નજીક આવતા મોદી હવે તેમની સુધારવાદી છાપ કરતા ભાજપના કાર્યકરોના વિશ્વાસને જીતવાના પ્રયાસ કરશે. મળેલી માહિતી મુજબ આગામી ૧૮ મહિનાના ગાળા દરમિયાન સુધારાની ગતિને સ્થિર રાખવામાં આવનાર છે. અલબત્ત સરકાર સુધારા પ્રક્રિયાને આગળ વધારવાની વાત કરી છે. સુધારાની પ્રક્રિયા ઉપર બ્રેક મુકવામાં આવી શકે છે. ૨૦૧૯ની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે મોદીની પોલિસી મુખ્યરીતે ત્રણ સી ઉપર કેન્દ્રિત રહેશે જે પૈકી ભ્રષ્ટાચારની નાબૂદી, પ્રવર્તમાન પોલિસી પ્રાથમિકતાને પરિપૂર્ણ કરવાની બાબત જેમાં અટવાયેલા પ્રોજેક્ટોને પરિપૂર્ણ કરવા તથા જીએસટીને અસરકારકરીતે અમલી કરવા અને એનપીએના વિવાદને ઉકેલવાની બાબતનો સમાવેશ થાય છે. ઉપરાંત તેમની જુદા જુદી પહેલ પૈકી દૂર સંચાર માટેની પહેલને પ્રાથમિકતા આપવામાં આવશે. ખાસ કરીને ગ્રામિણ વિસ્તારમાં રહેતા સામાન્ય લોકો સુધી લાભ પહોંચાડવા માટેના પ્રયાસ કરવામાં આવશે. ભ્રષ્ટાચાર વિરોધી ઝુંબેશને લઈને મળેલી સફળતા લોકો સુધી લઈ જવામાં આવશે. મે ૨૦૧૪ બાદથી ૪૩૧૩ કરોડની કાળા નાણાની રકમ પકડી પાડવામાં આવી છે.

# હિમાચલ : ભેખડો ધસી પડતા ૫૦ પ્રવાસીના મોતની દહેશત

શિમલા

હિમાચલ પ્રદેશમાં મોટી હોનારત સર્જાઈ છે. મંડી જિલ્લામાં ભેખડો ધસી પડતા હિમાચલ રોડવેઝ બે બસ સકંજામાં આવી ગઈ છે જેના લીધે ૫૦થી વધુ યાત્રીઓના મોતની દહેશત પ્રવર્તી રહી છે. હજુ સુધી ૧૯ના મૃતદેહ હાથ લાગ્યા છે. આ બનાવ શનિવારે મોડી રાત્રે બન્યો હતો. એક બસ ચંબાથી મનાલી જઈ રહી હતી જ્યારે બીજી બચ મનાલીથી જમ્મુના કટરા તરફ જઈ રહી હતી. બચાવ અને રાહત કામગીરીમાં લોકોનું કહેવું છે કે, આ બનાવ એ વખતે બન્યો હતો જ્યારે બંને બસ રિફ્રેશમેન્ટ માટે જોગિન્દરનગરની પાસે કોટરુપીમાં રોકાઈ હતી. આ ગાળા દરમિયાન વાદળ ફાટવાની ઘટના બની હતી જેના લીધે ભેખડો ધસી પડતા વિશાળ શિલા મનાલીથી કટરા તરફ જતી બસ ઉપર પડી હતી જેથી બસ ૨૦૦ મીટર ઉંડી ખીણમાં ખાબકી ગઈ હતી. આ બસમાં ૭-૮ લોકો હતા. બીજી બાજુ ચંબાથી મનાલી જતી બસ પણ પાણીમાં તણાઈ ગઈ હતી અને ખીણમાં ખાબકી ગઈ હતી. આ બસ યાત્રીઓથી સંપૂર્ણપણે ભરચક હતી. વાદળ ફાટવા અને ભેખડો ધસી પડવાના લીધે માર્ગો પણ ધોવાઈ ગયા હતા. મંડી-જોગિન્દરનગર માર્ગ ઉપર વાહનોની અવરજવરને રોકી દેવામાં આવી હતી. વાહનોને વૈકલ્પિક રસ્તાથી ડાયવર્ટ કરવામાં આવ્યા હતા. હિમાચલના પરિવહન મંત્રી બાલીએ કહ્યું હતું કે, બનાવમાં આશરે ૫૦ લોકોના મોત થવાની દહેશત છે. રાત્રે બે વાગ્યાથી બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. ૧૨.૩૫ વાગે બનાવ અંગે માહિતી મળ્યા બાદથી તપાસ ટીમ અને બચાવ ટીમ બે વાગે પહોંચી ગઈ હતી. વ્યસ્ત રહેનાર નેશનલ હાઈવેને કાટમાળ ફેલાઈ જવાના કારણે બંધ કરવાનો નિર્ણય કરાયો છે. ભેખડો ધસી પડવાની અવિરત ઘટનાના લીધે હાલમાં આ માર્ગો ઉપર યાત્રા જોખમી બની ગઈ છે.

## રાધનપુરમાં ભાજપ દ્વારા ત્રિરંગા યાત્રા યોજાઈ


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

૧૫ મી ઓગસ્ટે ૭૧ માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે આન-બાન-શાનથી ઉજવણી થાય તે માટે રાધનપુર તાલુકા ભાજપ દ્વારા રાષ્ટ્રધ્વજના સન્માનની ભાવના તેમજ દરેક નાગરિકમાં દેશભક્તિ અને સમર્પણની ભાવના જાગૃત થાય તે માટે ભવ્ય ત્રિરંગા યાત્રાનું બાઈક રેલી સ્વરૂપે આયોજન કરવામાં આવ્યું હતું.દેવ થી જાવંત્રી ગામો વચ્ચે યોજાયેલ આ યાત્રામાં જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવિણભાઈ મહાલક્ષ્મી તાલુકા ભાજપ પ્રમુખ ભોજાભાઈ આહિર, મહામંત્રી ભાવાજી ઠાકોર, અજમલજી ઠાકોર, સરદારજી અશોકપુરી ગોસ્વામી સહિત અગ્રણીઓ અને કાર્યકરો જોડાયા હતા.

## રાધનપુર કોલેજમાં ગીત-સંગીતના સુર રેલાયા

રાધનપુર

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, રાધનપુરમાં વિદ્યાર્થીઓમાં રહેલી પ્રતિભાને રજૂ કરતાં ગીતોની સ્પર્ધાનો કાર્યક્રમ પ્રિ.ડી.સી.એમ.ઠક્કરની પ્રેરણાથી યોજાયો હતો.સપ્તધારાના કન્વીનર ડો.ભરતભાઈ કાનાબારે આધુનિક સમયમાં ગીત-સંગીતના વધી રહેલા મહત્વ અને તેની ઉપયોગીતાને દર્શાવી સ્પર્ધાના નિતિ-નિયમોની ચર્ચા કરી હતી.કુલ ૩૪ વિદ્યાર્થીઓએ પોતાના ગીતો રજૂ કર્યા હતા.જેમાં લોકગીત, ગઝલ, હિન્દી, ફિલ્મી ગીતો, ભજન, કવીતા સહિત વૈવિધ્ય સભર કર્ણપ્રિય અને કેટલાક હૃદય સ્પર્શી ગીતોની આકર્ષક રજૂઆત થઈ હતી.આ સ્પર્ધામાં પ્રથમ સ્થાને પ્રજાપતિ જાનવી મનોજકુમાર, બીજા સ્થાને પ્રજાપતી અસ્મિતા બંને એફ.વાય.બી.કોમ.અને ત્રીજા સ્થાને વાઘેલા નીતા આર.ટી.વાય.બી.એ.વિજેતા બન્યા હતા.નિર્ણાયક તરીકે ડો.ભરતભાઈ કાનાબાર, ડો.કુંજલબેન બારોટ અને ડો.બચુભાઈ રાઠોડ તથા ડો.ડી.બી.ખમારે યોગ્ય જવાબદારી નિભાવી હતી.ડો.સુરેશભાઈ ઓઝાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.ખીચોખીચ ભરાયેલા હોલમાં વિદ્યાર્થીઓએ કાર્યક્રમને ઉત્સાહ પૂર્વક માણ્યો હતો.

## ચાણસ્મા-બેચરાજી તાલુકામાં પુનઃવરસાદી ઝાપટાં પડતાં એરંડા-જુવારનું વાવેતર વિલંબમાં

ચાણસ્મા

ચાણસ્મા અને બેચરાજી પંથકમાં ચાલુ ચોમાસા દરમ્યાન વરસાદ સતત ચાલુ રહેતાં કઠોળ અનુ બાજરીના પાકનું વાવેતર ખેડૂતો સમયસર કરી શક્યા નથી.ફરી એકવાર છેલ્લા બે દિવસથી આ વિસ્તારમાં અવાર નવાર ઝાપટાં પડતાં હવે એરંડા અને જુવારનું વાવેતર વિલંબમાં પડવાને કારણે ખેડૂતોના માથે સંકટનાં વાદળો ઘેરાયાં છે.

ચાલુ સાલે ચોમાસાના પ્રથમ વરસાદની શરૂઆત ૧૫ મી જુલાઈના રોજ થતાં લોકોએ સમયસર ચોમાસું ખેતીનો પ્રારંભ કરી બાજરી અને કઠોળનું વાવેતર કર્યું હતું.પરંતુ ત્યારબાદ સતત એક માસ સુધી વરસાદ ચાલુ રહેતાં ચોમાસુ ખેતીનો પાક મોટાભાગના વિસ્તારોમાં નિષ્ફળ ગયો હતો.એકાદ અઠવાડીયાના ઉઘાડ બાદ હવે ૧૫ મી ઓગસ્ટથી આ વિસ્તારમાં દિવેલાનું વાવેતર કરવા ખેડૂતોએ તમામ તૈયારીઓ કરી દીધી હતી.અને ખેતરોમાં ભરાયેલા પાણી સુકાઈ ગયા હતાં ત્યાં છેલ્લા બે દિવસથી આ બંન્ને તાલુકાઓમાં ઝરમર ઝરમર વરસાદના આગમનથી દિવેલા અને જુવારનું વાવેતર થઈ શકે તેમ નથી.પરિણામે ચોમાસુ ખેતી નિષ્ફળ જવાનો ભય ખેડૂતોને સતાવી રહ્યો છે.અને શિયાળુ ખેતીમાં હવે માત્ર રાયડો, ઘઉં અને મેથી જેવા પાકનું વાવેતર કરવાની ખેડૂતોને ફરજ પડે તેમ જણાય છે.હાલમાં તો જગતના તાતને માથે ચિંતામાં વધારો થયો છે. ત્યારે સરકારે આ વિસ્તારના ખેડૂત માટે સહાય પેકેજ, પાક ધીરાણ માફ કરવા જેવા પગલાં લેવાની જરૂર છે.

## શ્રી બી.ડી.એસ. આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, પાટણના ઉપક્રમે ચિત્ર સ્પર્ધા યોજાઈ

પાટણ

તા. ૧૧/૦૮/૨૦૧૭ ના રોજ પાટણ ખાતે શ્રી બી.ડી.એસ. કોલેજ દ્વારા ચિત્રસ્પર્ધા અને વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજની મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો. ચિત્રસ્પર્ધામાં ૨૨ કૃતિઓ અને વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધામાં કુલ ૧૬-ગૃપે ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમને અંતે બન્નેમાંથી ત્રણ - ત્રણ નંબર આપવામાં આવ્યા હતા. જેમાં ચિત્રસ્પર્ધામાં પ્રથમ નંબરે રાણા કાજોલ, દ્વિતીય નંબરે મોદી ચાર્મી અને વાઘેલા વર્ષા તથા ત્રીજા નંબરે ચૌધરી વિપુલ અને જોષી કિંજલ રહ્યા હતા. આ ઉપરાંત વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધામાં પ્રથમ નંબરે સિધ્ધરાજ ગૃપ બીજા નંબરે ચાણક્ય ગૃપ તથા ત્રીજા નંબરે મહારાણા પ્રતાપ ગૃપના નંબર આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને અંતે વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજનાં સમગ્ર સ્ટાફ જોડાયો હતો.

## પાટણ શહેર લઘુમતિ મોરચાના પદાધિકારીઓની નિયુક્તિ

પાટણ

જિલ્લા ભાજપ પ્રમુખ મોહનભાઈ પટેલ તથા ઝોન પ્રભારી ભાવેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લા લઘુમતિ મોરચાના પ્રમુખ ઈસુભા મલેક તથા પાટણ શહેર ભાજપ પ્રમુખ સુરેશભાઈ જે.પટેલની અનુમતીથી પાટણ શહેર લઘુમતિ મોરચા પ્રમુખ ઈરશાદ કુરેશી દ્વારા શહેર લઘુમતિ મોરચાના પદાધિકારીઓની ગત શુક્રવારે નિયુક્તિ કરવામાં આવી છે.

ઉપપ્રમુખઃ- શેખ મો.ઈદ્રીસ હુસેનમીયાં,

શેખ સલીમ કાલુભાઈ; મંત્રીઃ- બલોચ મોહસીનખાન ઉસ્માનખાન,કાજી જાકીરહુસેન અબ્દુલલતીફ, મલેક ફાતમાબેન સહીદહુસેન, શેખ રફીક દલુભાઈ, કાદરી મોહંમદએજાજ બડામીયાં, કોષાધ્યક્ષઃ કાજી સાજીદ કે.

## રાધનપુર તાલુકાના જુના શબ્દલપુર ગામે સામાજિક માવજત કાર્યક્રમ


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના જુના શબ્દલપુરા ગામે પ્રાથમિક શાળામાં ભુલકાઓને પૂરના ભયમાંથી બહાર લાવવા માટે જી.સી.આર.ટી. ગાંધીનગર અને પોરબંદર ડાયેટ દ્વારા સામાજિક માવજત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું આ કાર્યક્રમમાં બાળકોને વિવિધ એક્ટિવીટી કરાવીને પૂરના ભયમાંથી બહાર આવે તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ બાળકોને શૈક્ષણિક કીટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## રાધનપુરમાં વરસાદી પાણીના નિકાલ માટે મશીન મુકાયા


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર શહેરમાં ભારે વરસાદ બાદ અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હોવાથી પાલિકા તંત્રએ આ વરસાદી પાણીના નિકાલ માટે પંપવાળુ ટ્રેક્ટર ભાડે લાવીને મસાલી રોડ ઉપરની સોસાયટીમાં લગાવ્યું છે.તો ગોઠવાડમાં એક મશીન લગાવવામાં આવ્યુ છે.પાલિકાનાં ઉપપ્રમુખ અરવિંદભાઈ તન્નાના જણાવ્યા મુજબ રવિવારે અંબિકા સોસાયટી રોડ ઉપરના પાણીનો નિકાલ કરવામાં આવશે.

## મહેસાણામાં સ્વાઈન ફ્લુ રોગ સામે સાવચેતીરૂપે તમામ પ્રકારના અટકાયતી પગલાં લેવાયા છેઃજિલ્લા કલેકટર



મહેસાણા

રાજયમાં સ્વાઈનફ્લુ રોગની સમીક્ષા બાબતે મુખ્યમંત્રીશ્રી દ્વારા વિડીયોકોન્ફરન્સ યોજાઇ હતી.જેમાં સ્વાઈન ફ્લુ રોગ ની સાવચેતી અને અટકાયતી પગલા માટે જણાવાવમાં આવ્યું હતું. જે અંતર્ગત મહેસાણા જિલ્લા કલેકટર આલોક કુમાર ના અધ્યક્ષ સ્થાને આરોગ્ય વિભાગની સમીક્ષા બેઠક યોજાઇ હતી. બેઠકમાં કેમીસ્ટ એસોશિયેશનના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહેસાણા જિલ્લામાં સ્વાઈનફ્લુ રોગ સામે પુરતી સાવચેતી અને જરૂરી તમામ પ્રકારના અટકાયતી પગલાંઓ જિલ્લા વહિવટી-આરોગ્ય તંત્ર દ્વારા રાખીને તકેદારીના તમામ પગલાંઓ ભરવામાં આવ્યાં છે. મહેસાણા ખાતેની સીવીલ હોસ્પિટલ ખાતે અદ્યતન સાધન-સામગ્રી સાથેનો ખાસ આઈસોલેશન વોર્ડ પણ ઉભો કરવામાં આવ્યો છે તેમ આરોગ્ય વિભાગની સમીક્ષા બેઠકમાં જિલ્લા કલેકટર આલોક કુમારે જણાવ્યું હતું,

જિલ્લા કલેકટર આલોક કુમારે જણાવ્યું હતું કે આરોગ્ય વિભાગ દ્વારા સતત સર્વેક્ષણ,સારવાર અને લોકજાગૃતિ થાય તે જરૂરી છે.જિલ્લામાં દવાનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ રહે તે માટે તંત્રને નિરીક્ષણ કરવા તાકીદ કરાઇ હતી.આ ઉપરાંત મેડીકલ સ્ટોર્સ પર સ્વાઈન ફ્લુ જાગૃતિના પોસ્ટર લગાવવા પણ સુચના આપી હતી.જિલ્લામાં ૧૦૪ હેલ્પ લાઇનનો બહોળો ઉપયોગ થાય તે અંગેની આઈ.ઈ.સી પ્રવૃતિ કરવા આરોગ્ય તંત્રને જણાવ્યું હતું.

આ રોગ સામે સાવચેતીરૂપે તેના અટકાયતી પગલાં સંદર્ભે જિલ્લા આરોગ્યતંત્ર સાથે સંકળાયેલા તબીબો સહિતના અધિકારીશ્રીઓ-કર્મચારીઓને કરવાની થતી કામગીરી, ઈન્ડીયન મેડીકલ એસોસીએશનનાં તબીબી સભ્યશ્રીઓ સાથે જરૂરી પરામર્શ ઉપરાંત જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સરકારી દવાખાનાઓમાં સ્વાઈન ફ્લુ રોગની સારવાર માટેનો જરૂરી દવાઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાયો છે અને આશાવર્કર સહિતના આરોગ્ય કર્મીઓની ટૂકડીઓ મારફત જિલ્લાભરમાં આ બાબતે જરૂરી સર્વેક્ષણ હાથ ધરાયું છે અને તાવ, શરદી, ખાંસી જેવા રોગના લક્ષણ ધરાવતા દર્દીઓ શોધીને તાત્કાલિક તેમને જરૂરી સારવાર આપવામાં આવી રહી છે તે સહિત તમામ બાબતોની સમીક્ષા કલેકટર આલોક કુમાર દ્વારા કરાઇ હતી.

જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે સ્વાઈન ફ્લુ રોગ સામે અટકાયતી કામગીરી હેઠળ જિલ્લાના તમામ પ્રાથમિક સામૂહિક કેન્દ્રના તબીબી અધિકારી તથા આઈ.એમ.એ. નાં ખાનગી તબીબોને સ્વાઈન ફ્લુ રોગની અદ્યતન માહિતીથી વાકેફ કરવામાં આવ્યાં છે અને અદ્યતન સુવિધા વિના શંકાસ્પદ સ્વાઈન ફ્લુ રોગનાં કોઈપણ દર્દીને ખાનગી દવાખાનામાં દાખલ ન કરવા અને આ બાબતે જિલ્લા આરોગ્યતંત્રને જાણ કરવાની પણ સૂચના અપાઇ છે.

## ઈડર અને હિંમતનગરની ૬૬૯મહિલાઓને પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના ગેસ કિટસનું વિતરણ



પ્રતિનિધિ હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાના ઈડરના ટાઉનહોલ ખાતે વિધાનસભાના અધ્યક્ષશ્રી રમણલાલ વોરાના હસ્તે ઈડર અને હિંમતનગરની ૬૬૯ મહિલાઆને પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અંતર્ગત ગેસ કિટસનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક ઉદબોધન કરતા અધ્યક્ષ રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની મહિલાઓને સન્માન આપવાનું કાર્ય કર્યુ છે ગામડાની ગરીબ મહિલાઓને હવેથી ચુલો ફૂકવા અને ધુમાડાથી મુકતિ મળશે. જેથી મહિલાઓને ધુમાડાથી થતી ગંભીર બિમારીઓ માંથી મુકતિ મળશે.

ભારત સરકારશ્રી દ્વારા પ્રધાન મંત્રી ઉજ્જલા યોજના હેઠળ ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારોને વિના મુલ્યે એલપીજી ગેસ જોડાણ પુરા પાડવા સાબરકાંઠા જિલ્લા વહિવટીતંત્ર કટિબધ્ધ હોવાનું જણાછતા અધ્યક્ષ રમણલાલ વોરાએ જિલ્લાના ૯૩ હજાર પરિવારોને લાભાન્વીત કરવામાં આવનાર છે. તે પૈકી ૪૨ હજાર પરિવારોને ગેસ કીટ વિતરણ કાર્ય પૂર્ણ કરવામાં આવેલ છે. જેમાં આજે ઈડર તાલુકાના ૪૬૧ અને હિંમતનગર તાલુકાના ૨૦૮ મળી કુલ ૬૬૯ મહિલાઆને ઉજ્જવલા યોજના અંતર્ગત ગેસ કીટ વિતરણ કરાઈ હતી. સાબરકાંઠા જિલ્લાકક્ષાનો સ્વાતંત્ર્ય પર્વ ઈડર ખાતે યોજાનાર હોય ત્યારે પૂર્વ દિને તાલુકાની જનતાને લોકપયોગી વિકાસકાર્યોનું લોકાપર્ણ-ખાતમુર્હૂત અધ્યક્ષ શ્રી રમણલાલ વોરાના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં ચોરીવાડ ખાતે રૂ. ૬૦૦ લાખના ખર્ચે તૈયાર થયેલ પશુ દવાખાનું, ઈડર ખાતે રૂ. ૧૫ લાખના ખર્ચે મોર્ડન આંગણવાડી, નેત્રામલી ખાતે રૂ ૭.૪૦ લાખના ખર્ચે તૈયાર થયેલ સંરક્ષણ દિવાલ તેમજ લક્ષ્મણપુરા,ગોતા અને રામપુર ગામની શાળાના ઓરાડાના કામોનો સમાવેશ થાય છે.

## પાટણ જિલ્લા ભાજપ અનુસૂચિત જન જાતિ મોરચાના પદાધિકારીઓની નિયુક્તિ

પાટણ

જિલ્લા સંગઠન પ્રભારી મયંકભાઈ નાયક તથા જિલ્લા ભાજપ પ્રમુખ મોહનભાઈ પટેલની અનુમતીથી, જિલ્લા ભાજપ મહામંત્રી દશરથજી ઠાકોર, પ્રવિણભાઈ ઠક્કર તથા ભાવેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ, જિલ્લા અનુસૂચિત જન જાતિ મોરચાના પ્રમુખ અજયભાઈ રાણા દ્વારા ગત શુક્રવારે અનુસૂચિત જન જાતિ મોરચાના જિલ્લા પદાધિકારીઓની નિયુક્તિ કરવામાં આવે છે.પક્ષના બંધારણ મુજબ જિલ્લા ટીમમાં ૪-ઉપ્રપ્રમુખ,૫-મંત્રી,૧-કોષાધ્યક્ષની નિયુક્તિ કરવામાં આવે છે.તથા જિલ્લાના બે મહામંત્રીઓની અગાઉ નિયુક્તિ પાર્ટી દ્વારા કરવામાં આવી હતી. અનુસૂચિત જન જાતિ મોરચા જિલ્લા પદાધિકારીઓમાં ઉપપ્રમુખ તરીકે ભીલ મુકેશભાઈ ભીખાભાઈ રાધનપુર શહેર, ભીલ શંકરભાઈ લક્ષ્મણજી સિધ્ધપુર શહેર, ભીલ મનુભાઈ ખેંગારભાઈ(ઝેકડા) સાંતલપુર તાલુકો અને ભીલ ચેતનભાઈ રઘાભાઈ (જવાહરનગર) રાધનપુર તાલુકા. મંત્રી તરીકે ભીલ પેથાજી મેછાજી(જવાહરનગર) રાધનપુર તાલુકો, ભીલ મગનભાઈ મેહાભાઈ (જારૂષા) સાંતલપુર, ભીલ સુશીલાબેન કાનજીભાઈ પાટણ શહેર, ભીલ દશરથજી ભાથાજી(સિનાડ) રાધનપુર તાલુકો અને ભીલ કરશનજી ફકીરાજી(કુન્તાસરી) રાધનપુર તાલુકો. અને કોષાધ્યક્ષ તરીકે ભીલ ગુલાજી ગણેશજી(થુમડી)રાધનપુર તાલુકાની વરણી કરવામાં આવી છે.

## રાધનપુર-સાંતલપુરના ૮૨ ગામોમાં આરોગ્યલક્ષી સારવાર અપાઈ


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર અને સાંતલપુર તાલુકાના પુરગ્રસ્ત એવા ૮૨ ગામોમાં રાષ્ટ્રિય સ્વયં સેવક સંઘ પ્રેરિત સેવાભારતી ગુજરાત દ્વારા ૭૫ ડોક્ટરોની ટીમ ઉતારી ૧૭ હજારથી વધુ લોકોને આરોગ્યલક્ષી સારવાર પૂરી પાડવામાં આવી હતી.રાધનપુરના ડો.દેવજીભાઈ પટેલ, આર.એસ.એસ.ના જીવણભાઈ આહીર, રમેશભાઈ ચૌધરી સહિત અગ્રણીઓની રાહબરી હેઠળ તબીબોની ટીમોએ ઉત્સાહભેર સારવાર આપી હતી.

## પાટણની મુખ્ય પોસ્ટ ઓફિસની પાછળના રોડ પર આડેધડ પાર્ક થતા વાહનોથી લોકો ત્રસ્ત

પાટણ

પાટણ ખાતે સ્ટેશન રોડ પર આવેલ મુખ્ય પોસ્ટ ઓફિસ પાછળના રોડ પર ભાડેથી ફરતા પેસેન્જર વાહનોના સવારથી સાંજ લગી અડીંગાને કારણે આ રોડ પરથી આવ - જા કરતા અન્ય વાહન ચાલકો અને રહેણાંક વિસ્તારના લોકોને પરેશાન થવું પડે છે. રોડ પર જ્યાં ત્યાં આડેધડ વાહનો પાર્ક કરવામાં આવતા દ્વિચક્રી વાહન લઈને શાળા કોલેજના વિદ્યાર્થી ભાઈ - બહેનોને મુશ્કેલી પડે છે. ક્યારેક વાહન સાઈડમાં રાખવા બાબતે બોલાચાલી પણ થાય છે. પોલીસ નજરથી બચવા આ માર્ગ પર જેટલા પેસેન્જર વાહનો ઉભા રાખવામાં આવે છે તે ખાનગી રસ્તા પરથી બારોબાર દોડવવામાં આવે છે. આ રસ્તાની પાછળ આવેલ રળીયાતનગરના રહીશોને આ રસ્તેથી નિકળવું મુશ્કેલ બને છે. કેમ કે જીપ, મેટાડોરના ડ્રાયવર કંડકટરો અપશબ્દો પણ બોલતા પણ કરતા હોય છે. ટ્રાફિક સત્તાવાળાઓ દ્વારા ભાડેથી ફરતા વાહનચાલકો સામે કડક કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે.

## ન્યુ ઈન્ડિયા મંથન મહેસાણા જિલ્લાનું ૨૦૨૨ સુધીનું વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં આવશે

મહેસાણા

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા તા.૯/૮/૨૦૧૭ ના રોજ દરેક રાજયના મુખ્યસચિવ તેમજ જિલ્લા કલેકટરોને આગામી વર્ષ - ૨૦૨૨ સુધીમાં ન્યુ ઈન્ડિયા મંથન દ્વારા લોકોની સુખાકારી માટેના યોજનાકીય આયોજન માટે વીડીયો કોન્ફીરન્સ દ્વારા ઝડપથી વિકાસના કામો કરવા જણાવ્યું હતું.

મહેસાણા જિલ્લાને ૨૦૨૨ સુધીનું વિઝન ડોક્યુમેન્ટ તૈયાર થનાર છે. પ્રધાનમંત્રીના સંકલ્પથી સિધ્ધી અંતર્ગત નાગરિકોને પોતાના વિચારો અને સૂચનો ૧૪ ઓગ્સટ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવ્યું છે.

મહેસાણા જિલ્લાને વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૨ પાંચ વર્ષમાં સંકલ્પ લઈને સિધ્ધી હાંસલ કરવાની થાય છે.આ સંકલ્પ સાકાર કરવા નુતન ભારતના નિર્માણમાં તમામ નાગરિકો સંસ્થાઓ સહભાગી થાય તે માટે સહાય અને સુચનો મંગાવવામાં આવેલ છે.જે સુચનો મહેસાણા કલેક્ટરને મોકલી આપવા.

સંકલ્પથી સિધ્ધી તરફના વિઝન માટે જિલ્લા કલેક્ટર આલોક કુમારે વિભાગના અધિકારીઓને કામોનો એજન્ડા નક્કી કરી તે દિશામાં ઝડપી કામ કરી લોકોની સુખાકારીમાં વધારો થાય તે રીતની કામગીરી કરવા જણાવ્યું છે.કલેક્ટરે ઉમેર્યું હતું કે, માનનીય વડાપ્રધાન ન્યુ ઈન્ડિયા મંથન દ્વારા સ્વચ્છ ભારત, સમૃધ્ધ ભારત અને વિકાસશીલ ભારતમાં દરેક નાગરિકને સુવિધાયુક્ત જરૂરિયાતો પુર્ણ કરવાનો હેતુ આપેલ છે જે પૂર્ણ કરીએ.નિવાસી અધિક કલેક્ટર રમેશ મેરજાએ જણાવ્યું હતુ કે વડાપ્રધાને દેશને ભ્રષ્ટાચાર, ગરીબી અને નિરક્ષરતાથી મુક્તિ અપાવવા માટે કરીશું અને કરીને જ રહીશું નો મંત્ર આપેલ છે તેનું પાલન કરવા અધિકારીઓને અનુરોધ કર્યો છે.

## ઊંઝા- ઉનાવા પોલીસ તંત્રની નિષ્ક્રિયતાને કારણે સમાજ વિરોધી ગુન્હાઓનું વધેલું પ્રમાણ

ઊંઝા

ઉત્તર ગુજરાતના મહત્વના યાત્રાસ્થળો ઊંઝા અને ઉનાવા પોલીસ તંત્રોની નિષ્ક્રિયતાને કારણે છેલ્લા ઘણા વખતથી ગુનાખોરી તથા સમાજ વિરોધી બદીઓનું પ્રમાણ વધી જતાં સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તદ્દન કથળી જવા પામી છે.

ઊંઝા અને ઉનાવા પોલીસ સ્ટેશનોની હદમાં છેલ્લા ઘણા વખતથી મિલકત વિરૂધ્ધના તેમજ શરીર સંબંધી ગુનાઓનું પ્રમાણ વધી ગયેલ છે. આ સાથે કેટલીયે જગ્યાએ પત્તાપાના, વરલી મટકા, જુગારના અડ્ડાઓ, દેશી વિદેશી દારૂના અડ્ડાઓ, કેફી પદાર્થોનું વેચાણ તેમજ અનૈતિક પ્રવૃત્તિઓ કોઈપણ જાતની રોકટોક વિના ખુલ્લેઆમ ધમધોકાર રીતે ચાલી રહી હોવાનો લોકપોકાર ઉઠ્યો છે. કહે છે કે, અત્રે ફરજ બજાવતા મોટાભાગના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ કેવળ નાણાં કમાવવાની લ્હાયમાં અસામાજીક તત્વોને જાણે છૂટો દોર આપી દીધો હોય તેમ આવા તત્વો બિન્દાસ્ત રીતે સમાજ વિરોધી પ્રવૃત્તિઓ ચલાવી રહ્યાનું લોકજીભે ચર્ચાય છે. હાલ શ્રાવણ માસમા દારૂ, જુગારની બદીઓ અનિયંત્રિતપણે ફૂલીફાલી હોવાનો લોકપોકાર ઉઠ્યો છે. કહે છે કે, ભ્રષ્ટ પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ તગડા હપ્તાની લાલચમાં ગેરકાયદે બદીઓને સીધી કે આડકતરી રીતે પ્રોત્સાહન આપી રહ્યા છે. જેથી આવી બદીઓએ ભારે ઉપાડો લીધો છે.

બીજુ ઊંઝા- ઉનાવા વિસ્તારમાં ઘરફોડચોરીઓ, વાહનચોરીઓ જેવા મિલકત વિરૂધ્ધના ગુનાઓ દિનપ્રતિદિન વધતા જાય છે. કેટલાક કિસ્સાઓમાં પોલીસ નાગરિકોની ફરિયાદો નોંધતી નથી. આ અંગે જિલ્લા પોલીસ વડા તથા રાજ્યના પોલીસ મહાનિર્દેશકને લેખિત રજુઆત થઈ છે.

<u>રાજયસભાની ચુંટણીના પગલે...</u>

# વડગામ વિધાનસભાના વર્તમાન ધારાસભ્યની ટીકીટ પાકી થતાં 'કહી ખુશી કહી ગમ'

## કોંગ્રેસ દ્વારા છેલ્લી આઠ ટર્મથી સ્થાનિક ઉમેદવારોની ઘોર ઉપેક્ષા કરાતા તાલુકામાં ભારે રોષ

પ્રતિ. છાપી

ગુજરાતની સ્થાપના બાદ વડગામ વિધાનસભાની અનામત સીટ ઉપર વર્ષ ૧૯૮૦ નો બાદ કરતાં કોંગ્રેસ પાર્ટીએ ક્યારે સ્થાનિક ઉમેદવારને વિધાનસભાની ટીકીટ ફાળવી નથી જ્યારે વર્તમાન રાજકીય પ્રવાહમાં રાજયસભાની બહુચર્ચિત ચુંટણી બાદ કોંગ્રેસના તમામ ૪૩ ધારાસભ્યોની આવનારી વિધાનસભાની ચુંટણીમાં ટીકીટ પાકી થતાં વડગામમાં સ્થાનિક દલિતો સહિત મતદારોમાં 'કહી ખુશી કહી ગમ' જેવો માહોલ સર્જાયો છે.

આવનારી ડીસેમ્બર ૨૦૧૭ ની વિધાનસભાની ચુંટણીને લઈ વડગામ તાલુકામાં કોંગ્રેસ તેમજ ભાજપમાં આયાતી ઉમેદવારને લઈ ચુંટણી દરમ્યાન ભારે વિવાદો સર્જાય છે. તેમ છતાં પાર્ટીના નિર્ણયને બંન્ને પક્ષો દ્વારા સમર્થન આપી ચુંટણી લડતા ઉમેદવારોને જીતડવા ભારે મહેનત મતદારો, કાર્યકરો તેમજ અન્યાયનો ભોગ બનેલા સ્થાનિક દલિતો કરતા આવ્યા છે. વડગામ તાલુકામાં ચાલીસ હજાર કરતાં પણ વધુ દલિત મતદારો હોવા છતાં ભાજપ કે કોંગેસ સ્થાનિક ઉમેદવારો ઉપર વિશ્વાસ મુકતાં નથી અને ફક્ત વોટબેન્ક તરીકે ઉપયોગ કરે છે. વર્ષ ૨૦૧૭ ની ચુંટણીમાં કોંગ્રેસ તરફથી વર્તમાન ધારાસભ્યની ટીકીટ લગભગ પાકી થતાં તાલુકામાં કોંગેસ તરફથી ચુંટણી લડવા થનગનાટ કરતાં કાર્યકરોની આશા ઉપર પાણી ફરી વળ્યું હોય તેવુ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. તાલુકામાં વર્તમાન ધારાસભ્યની કામગીરી ઉપર પણ કેટલાક સવાલો ખુદ કોંગેસ પાર્ટીમાં ઉઠવા પામ્યા છે. જેથી આગામી ૨૦૧૭ ની વિધાનસભાની રણનીતી પણ સ્થાનિક દલિત સમાજ બનાવી

અનુસંધાન પાના નં.૬

ગુજરાતની સ્થાપનાથી આજ સુધી કોંગેસ દ્વારા સ્થાનીક ઉમેદવાર અશોકભાઈ ડાભીને વર્ષ ૧૯૮૦ માં ટીકીટ ફાળવવામાં આવી હતી જ્યારે વર્ષ ૧૯૯૦ માં ભાજપ તેમજ જનતાદળ ગુજરાતના સંયુકત ઉમેદવાર મુકુલભાઈ પરમાર તેમજ ૧૯૯૫ માં રામજીભાઈ પરમાર, ૧૯૯૮ માં દુધાભાઈ પરમાર તેમજ વર્ષ ૨૦૦૨ માં બાબુભાઈ શ્રીમાળીને ટીકીટ ફાળવી હતી.

# પાલનપુરમાં ચાલુ બાઈકમાં સાપે દેખા દેતા ચાલક પટકાયો




પાલનપુર

પાલનપુરમાં ચાલુ બાઈકએ સાપ એ દેખા દેતા બાઈક ચાલક ગભરાઈ ગયો હતો. જેને પગલે બાઈક ચાલક પટકાઈ ગયો હતો.

પાલનપુરના ગુરુનાનકચોક ખાતે ગતરોજ વિચિત્ર બનાવ બન્યો હતો. ગુરુનાનક ચોક ખાતે ચાલુ બાઈકે ચાલકને સાપ દેખાયો હતો. જેને પગલે ચાલક ગભરાતા બાઈક પરથી નીચે પટકાયો હતો. ઘટનાને પગલે લોકો એકત્ર થઈ ગયા હતા. જ્યાં અડધો કલાકની જહેમત બાદ સાપનું બચ્ચુ નીકળ્યું હતું. સાપ પકડનારે સાપના બચ્ચાને પકડી સુરક્ષિત સ્થળે લઈ ગયો હતો.

# ભાભરમાં રાત્રે ઘરમાં સુતેલી એક બાળકીની ચોટલી કપાતા ચકચાર: ભયનો માહોલ

## ચોટલી કાંડનો ભોગ બનનાર બાળકીના ઘરે લોકોના ટોળેટોળા : પોલીસને જાણ કરતા ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી

તા.પ્રતિનિધિ ભાભર

ભાભરમાં રાત્રે પોતાના ઘરમાં સુતેલી એક બાળકીના વાળની ચોટલી રહસ્યમય રીતે કપાયેલી મળતા શહેરમાં ચકચારની સાથે ફફડાટ ફેલાઈ ગયો છે.

ભાભર હાઈવે શાંતિનગર સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતા અરજણભાઈ માળી શનિવારે રાત્રે પોતાના પરિવાર સાથે દરવાજા બંધ કરીને સુતા હતા. દરમિયાન ગઈકાલે સવારે ઘરનો પરિવાર જાગ્યો ત્યારે તેમની ૧૫ વર્ષીય એક બાળકીના માથાના વાળની ચોટલી કાપેલી પલંગ ઉપર જોઈને ફફડી ઊઠ્યાં હતા. આજકાલ ચોટલી કાંડનું ભૂત દેશભરમાં બરાડા પાડી રહ્યું છે. તેની ચર્ચાઓ અફવાઓ




વચ્ચે લોકોમાં અને ખાસ કરીને બાળકીઓ અને મહિલાઓ ચોટલા કપાઈ જવાના ડરથી અનેક અંધશ્રધ્ધાઓ વચ્ચે ભયભીત છે. ત્યારે ભાભરમાં ચોટલી કપાયાનો બનાવ બનતા પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. જો કે પરિવારના સભ્યોને પોલીસે ખોટી ફરિયાદ હોવાનું કહીને માર માર્યો હોવાથી પોલીસે સામે લોકોમાં આક્રોશ ફેલાઈ રહ્યો છે. આ બાબતે ચોટલીકાંડનો ભોગ બનનારના પિતા અરજણભાઈ

અનુસંધાન પાના નં.૬

# વડગામ તાલુકાના નવી સેધણી ગામમાં ચોટલી કાપવાના બનાવથી ચકચાર

તા.પ્રતિનિધિ વડગામ

ગુજરાતમાં મહિલાઓની ચોટલી કપાવવાનાને લઈ દહેશતના માહોલ વચ્ચે ગૃહમંત્રીએ પોલીસ ને તપાસના આદેશ આપ્યા છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકામાં પણ ચોટલી કાપવાનો બનાવ બનતા પોલીસ દોડતી થઈ ગઈ છે.

બનાસકાંઠાના વડગામ તાલુકાના નવી સેધણી ગામે ગતરાત્રે એક મહિલાની ચોટલી કપાતા સમગ્ર પંથક મા ભયનો માહોલ ઉભો થયો છે. સમગ્ર મામલો જોઈએ તો, નવી સેધણી ગામના મનુભાઈ નાઈની પત્ની






રાત્રે ઓસરી મા સુઈ રહ્યા હતા. અચાનક કટ અવાજ આવ્યો અને ચોટલી કપાઈ ગઈ હતી જોકે તે બાદ ડિપ્રેશન મા આવેલી આ મહિલા બેભાન ગયા હતા. જોકે, પીડિતા ના પતિ કોઈ તાંત્રિક વિદ્યા હોવાનો દાવો કર્યો હતો.

ચોટલી કપાવવાના બનાવોમા લોકો અંધ શ્રદ્ધા તરફ ધકેલાઈ રહ્યા છે. અને પ્રજા મા ભયનો માહોલ ઉભો થયો છે. બનાસકાંઠામા લાખણી બાદ વડગામમા ચોટલી કપાતા લોકો મા દહેશત ફેલાઈ જવા પામી છે.જોકે, વડગામના નવી સેધણી ગામની ઘટનામા હાલ તો પોલિસે તપાસ હાથ ધરી છે.

# કાંકરેજ તાલુકાના પૂરના કારણે ક્ષતિગ્રસ્ત કેનાલનું સમારકામ યુધ્ધના ધોરણે હાથ ધરાયું

પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકામાં થયેલ ભારે વરસાદ તેમજ ઉપરવાસ માઉન્ટ આબુ તથા અંબાજીમાં પડેલ ભારે વરસાદથી બનાસ નદીમાં આવેલ વિનાશક પૂરના કારણે કાંકરેજ તાલુકામાંથી પસાર થતી નર્મદા કેનાલ ક્ષતિગ્રસ્ત થઈ હતી. પાણીના પ્રવાહથી કેનાલ તુટી થઈ હતી.

આ કેનાલ કાંકરેજ - રાધનપુર, કચ્છ અને રાજસ્થાનને પીવાનું પાણી પૂરી પાડતી હોઈ સરકાર દ્વારા રાત દિવસ જે.સી.બી. સાધનો લગાવી યુધ્ધના ધોરણે સમારકામ ચાલુ કરી દીધુ છે. કેનાલ એટલી ક્ષતિગ્રસ્ત થઈ હતી કે છ મહીને પણ કામ પૂર્ણ નહી થાય તેવી સ્થિતિ છે.




પરંતુ સરકાર કેનાલનું સમારકામ યુધ્ધના ધોરણે ચાલુ કરતાં ટુંકમાંજ કામ પૂર્ણ થઈ જશે, કાંકરેજમાં ભારે વરસાદ બાદ જીવન ધીરે ધીરે પાટે ચડી રહ્યું છે. સરકારે ત્વરિત કેશડોલ ચુકવી છે તેમજ એન.ડી.આર.એફ.

અનુસંધાન પાના નં.૬

# થરાદના ઘોડાસરમાં મારામારી : સારવાર દરમ્યાન ઇજાગ્રસ્તનું મોત

## હુમલો કરનાર ચાર સામે હત્યાનો ગુનો નોંધાયો

થરાદ

થરાદના ઘોડાસર ગામમાં સામાન્ય બાબતે ચાર શખ્સોએ મળીને પિતાપુત્ર પર પાઈપ અને લાકડીઓ વડે જીવલેણ હુમલો કર્યો હતો.જે પૈકી પિતાને વધુ સારવાર અર્થે મહેસાણાથી અમદાવાદ ખસેડાયા હતા.જેમનું સારવાર દરમ્યાન મોત નિપજતાં ચકચાર મચવા પામી હતી.પોલીસે ચારેય સામે હત્યાનો ગુનો ઉમેરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

બુધવારની સાંજના સુમારે સુમારે કલ્પેશજી ભુદરાજીના કાકાના જમાઇ અને તેમના બનેવી ભુરાજી રાવતાજી ઠાકોર રહે.કોચલા તેમના ગામ તરફ જવા નિકળતાં ઝાંપા આગળ ઠાકોર પારસજી વિરચંદજી તેમના ટ્રેકટર આગળ આવીને ઉભો રહ્યો હતો.આથી કલ્પેશભાઇને તેમને જવા દેવા જણાવતાં તુ વચ્ચે કેમ આવ્યો તેમ કહીને તેણે ઉશ્કેરાઇને અપશબ્દો બોલ્યા હતા.અને ફોન કરતાં જબરાભાઇ સવસીભાઇ ઠાકોર,નટાભાઇ વિરચંદ ઠાકોર અને ડાયા વિરચંદ ઠાકોર હાથમાં બે લોખંડની પાઇપો અને લાકડીઓ સાથે આવી ગયા હતા.આથી કલ્પેશભાઇ ડરીને ભાગતાં તેમના ઘર તરફ આવ્યા હતા.

અનુસંધાન પાના નં.૬

# દાંતીવાડા ડેમમાં પાણીની આવક યથાવત



બનાસકાંઠા જિલ્લાના ત્રણ જળાશયોમાં હજીપણ પાણીની આવક ચાલુ છે. જેમાં દાંતીવાડા ડેમમાં ૧૬૮૨ ક્યુસેકની આવક પ્રમાણે ૧૯૦૪ ક્યુસેક પાણી છોડાઈ રહ્યુ છે. જેમાં ડેમની હાલની સમાટી ૬૦૧.૮૩ ફુટ છે જ્યારે સિપુડેમમાં ૧૫૧ ક્યુસેક અને મુક્તેશ્વર ડેમમાં ૩૦૦ ક્યુસેક પાણીની આવક નોધાઈ છે.

# કાંકરેજ તાલુકાના સુદ્રોસણ ગામે વીજ કરંટ લાગતાં મહીલાનું મોત

પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના થરા પોલીસ સ્ટેશન હદના સુદ્રોસણ ગામે ગઈકાલે ઘરમાં પંખો ચાલુ કરવા જતાં વીજ કરંટ લાગતા ઘટના સ્થળે કરૂણ મોત નિપજ્યું હતું જેની ફરીયાદ પોલીસ સ્ટેશન થરા ખાતે નોધાઈ હતી. મૃતકની લાશનું પી.એમ.કરી તેના વાલી વારસોને સોપવામાં આવી હતી.

જાણવા મળતી માહિતીનુસાર કાંકરેજ તાલુકાના થરા પોલીસ




સ્ટેશન હદમાં આવેલા નદી વિસ્તારના સુદ્રોસણ ગામે છેલ્લા પંદર દિવસથી હરેશજી બાબુજી ઠાકોર (મૂળ રહે કુવાળા તા.ભાભર) તથા તેમના પત્નિ હંસાબેન હરેશજી ઠાકોર બે બાળકો સાથે રહેતા હતા ગઈકાલે ઘરમાં પંખો ચાલુ કરવા જતા હંસાબેન હરેશજી ઠાકોર ઉ.વ.આ.૨૭ ને વીજ કરંટ લાગતા તેમનું ઘટના સ્થળે કરૂણ મોત નિપજ્યું હતું. સમગ્ર ઘટનાની જાણ પરિવારને થતાં આભ ફાટ્યું હોય

અનુસંધાન પાના નં.૬

# થરાદ તાલુકાના લેડાઉ ગામ પરત્વે તંત્રનું ઓરમાયું વર્તન

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં આકાશી આફત વચ્ચે લીલો દુકાળ પડતા થરાદ તાલુકાના લેડાઉ ગામમાં પણ વરસાદી પાણી ફરી વળ્યાં હતા. જોકે, અસરગ્રસ્ત લેડાઉ ગામ પરત્વે તંત્ર દ્વારા ઓરમાયું વર્તન દાખવાયું હોવાની રાવ ઉઠી છે.

લેડાઉ ગામના ગોળા વિસ્તારના દરબારોના ખેતરોમાં પાણી ભરાવવાથી ઘરવખરીને વ્યાપક નુકશાન થવાની સાથે મોટા પ્રમાણમાં પશુઓ મુત્યુ પામ્યા હતા. થરાદ તાલુકાના લેડાઉ ગામ ના ગોળા નામના ખેતરોમા ૩૦૦ એકર જમીનમાં પાણી ફરી વળ્યું હતું. અને આ વિસ્તારમાં રહેતા




૨૦ જેટલા દરબારના ઘરોમા પાણી ફરી વળ્યાં હતા. અને આ બધા દરબારોને લાડપુર પ્રાથમિક શાળામા ૧૫ દિવસથી આશ્રય અપાયો હતો. જોકે, આજ દિન સુધી કોઈ સરકારી તંત્ર આ વિસ્તાર ની મુલાકાત પણ કરી નથી તેવો દાવો લાખણી ગામના મહેન્દ્રસિંહ ચૌહાણે કર્યો હતો. વારંવાર થરાદ કલેકટરને પણ લેખિત મા અરજી આપવા છતા આજ દિન સુધી મુલાકાત પણ કરી નથી. ૨૦૧૫ મા આવેલ અતિવૃષ્ટિમાં

અનુસંધાન પાના નં.૬

# ભારે વરસાદથી પાકને નુકશાન થતાં શાકભાજીના ભાવમાં ભડકો

## તહેવારોના ટાણે શાકભાજીની વિશેષ માંગ

પ્રતિનિધિ વડાવળ

ડીસા સહિત જિલ્લામાં શ્રાવણી પર્વના તહેવારોનો પ્રારંભ થઈ જતાં શાકભાજીનું બજાર ગરમાયું છે.તહેવારોની સિઝનમાં શાકભાજીની વિશેષ માંગ રહેતી હોય છે.જેના પગલે શાકભાજીના ભાવમાં પણ વધારો થતા ગરીબ અને મધ્યમવર્ગ માટે શાકભાજી ખાવુ દુષ્કર બની રહ્યું છે.

**શાકભાજીના ભાવો (૨૦ કિલો પ્રમાણે)**

ભીંડા -૫૦૦ થી ૭૦૦
ટામેટા-૧૪૦૦ થી ૧૬૦૦
ગવાર-૧૦૦૦ થી ૧૨૦૦
ટીંડસા-૭૦૦ થી ૮૦૦
વટાણા-૯૦૦ થી ૧૧૦૦
કોબીજ-૩૦૦ થી ૫૦૦
દૂધી-૪૦૦ થી ૫૦૦
તુરીયા-૮૦૦ થી ૧૦૦૦
ચોળી-૧૨૦૦ થી ૧૫૦૦
બટાટા-૧૨૦ થી ૨૦૦
રીંગણ-૬૦૦ થી ૮૦૦
ધાણા-૯૦૦ થી ૧૨૦૦
મરચા-૧૨૦૦ થી ૧૪૦૦




ચાલુ વર્ષે બનાસકાંઠા સહિત સમગ્ર રાજયમાં ભારે વરસાદ થવા પામ્યો છે.તેમાંય બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદ બાદ પૂરની પરિસ્થિતિનું નિર્માણ થતાં શાકભાજીના પાકને વ્યાપક નુકશાન થયું છે.જેને લઈ શાકભાજીના ભાવોમાં પણ ભડકો થવા પામ્યો છે જેમાં ખાસ કરીને શ્રાવણ માસમાં પર્વોની હારમાળા શરૂ થઈ છે તેવામાં શાકભાજીના ભાવમાં ભડકો થતાં ગૃહિણીઓ મુશ્કેલી મુકાઈ ગઈ છે.રવિવારના દિવસે રાંધણછઠ પર્વ હોવાથી વિવિધ પ્રકારની વાનગીઓ બનાવવામાં આવે છે.ત્યારે ગૃહિણીઓ દ્વારા શાકભાજીની મોટા પાયે ખરીદી થતી હોય છે જેને લઈ કેટલીક શાકભાજીના ભાવોમાં ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે.ખાસ કરીને કંકોડા, મરચા, મેથી,

અનુસંધાન પાના નં.૬

# ભૂતેડી ગામમાં ચોરી કરતી યુવતીઓ ઝડપાઈ

પાલનપુર

પાલનપુર તાલુકાના ભુતેડી ગામમાં ગતરોજ બે યુવતીઓ પ્લાસ્ટિકની ચીજ વસ્તુઓ વેચવાના બહાને આવી હતી. જેઓ ચોરી કરતા ઝડપાઇ જતા ગ્રામજનોએ તેને પોલીસને હવાલે કરી હતી.

ભૂતેડી ગામમાં બે યુવતીઓ પ્લાસ્ટિકની ચીઝવસ્તુઓ વેચવાને બહાને એક પટેલના ખેતરમાં ગઈ હતી. જ્યાં ભાગીયા તરીકે કામ કરતી આદિવાસી મહિલાની નજર ચૂકવી તેના ચાંદીના દાગીના અને




રૂ. ૧૦૦૦ રોકડા પાકીટ સાથે ચોરીને આ યુવતીઓ લઈ ગઈ હતી.

અનુસંધાન પાના નં.૬




થરાદ સાંચોર હાઈવે પર એક ટ્રકના ચાલકે અગમ્ય કારણોસર કાબુ ગુમાવતાં ગુલાંટ મારી હતી.જોકે સામાન્ય ઈજાઓને બાદ કરતાં ચાલક ક્લીનરનો બચાવ થવા પામ્યો હતો.

<u>આસોદરના ખેડુતનું પ્રેરણાદાયી કાર્ય</u>

# પૂર અસરગ્રસ્ત આસોદર ગામને પોતાના ખેતરનો ઉભો પાક ખેડી રસ્તો કરી આપ્યો

## ખેડુતો જમીન ધોવાણની ફરીયાદો કરે છે ત્યારે મહેશભાઈએ પોતાની મહામુલી જમીન ગ્રામજનોને મદદ માટે આપી

પ્રતિનિધિ આસોદર

બનાસકાંઠામાં પૂરના કારણે અનેક ગામ તરાજ થયા છે. જેમાં ગામમાં પાણી ફરી વળતા જાનમાલને નુકશાનની સાથે જમીનનું ધોવાણ થયું છે. ત્યારે થરાદ તાલુકાના આસોદર ગામના સેવાભાવી ખેડુતે ગામની ચારે તરફ પાણી ભરાયેલ. ત્યારે તેમના ખેતરનો ઉભો પાક ખેડી ગ્રામજનોને રસ્તો કરી આપ્યો હતો. અત્યારે પણ તેમના ખેતરમાંથી વાહન વ્યવહાર ચાલે છે. આમ ખેડુતની આ પ્રેરણાદાયી કામગીરી સમગ્ર પંથકમાં પ્રશંસાને પાત્ર બની છે.

સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં વરસાદી પાણીએ તબાહી મચાવી મુકી હતી. આ સમયગાળા દરમિયાન તા. ૨૪ જુલાઈના રોજ



થરાદના આસોદર ગામે પૂરના પાણી ફરી વળ્યા હતા. આસોદર ગામને જોડતા તમામ રસ્તાઓ બંધ થઈ ગયા હતા. ગામલોકોને આવી આફતના સમયે પારાવાર મુશ્કેલી ઉભી થઈ હતી. જીવન જરૂરિયાત અને બીમારી જેવા સમયે લોકો અટવાઈને બેઠા હતા. ગામની બહાર નીકળી શકાતું નહોતું ત્યારે ગામના સેવાભાવી મહેશભાઈ તેજાભાઈ દેસાઈએ પોતાના ખેતરમાંથી ઉભો પાક ખેડી રસ્તો કરી આપી સમગ્ર ગામ માટે પ્રેરણાદાયી બન્યા છે. આસોદરને તાલુકા મથક થરાદથી જોડતો રસ્તો હજુ સુધી બંધ છે. ત્યારે મહેશભાઈ પોતાના ખેતરમાંથી રસ્તો કરી ગ્રામજનોને મદદરૂપ બન્યા છે. સમગ્ર આસોદરથી થરાદ સુધીના ૨૫ થી ૩૦ ગામોનો વાહન વ્યવહાર પોતાના ખેતરમાંથી ચાલે છે. સામાન્ય જમીન માટે ઝઘડો કરતા માણસો માટે તેઓએ પ્રેરણાદાયી ઉદાહરણ પુરું પાડ્યું છે. ઉપરાંત આ આફતના સમયમાં પોતાના ઘેર અને ખેતરના ફાર્મહાઉસ પર આઠથી દસ અસરગ્રસ્ત પરિવારોને આશરો આપી જનસેવાને

અનુસંધાન પાના નં.૬